RNI NO GUJ/GUJ/2005/23890

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

AMRELI
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ
ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવ સામે લીલીયા રોડ, અમરેલી.

● સંવત ૨૦૮૨ શ્રાવણ સુદ - ૧૨ મંગળવાર તા.૨૫-૦૮-૨૦૨૬ અંક : ૨૦૧ વર્ષ : ૨૧ email :rajkot@aaspassindia.com કિંમત રૂા. ૨-૫૦ પાના - ૮

# અમેરિકા ૨ લાખ લોકોના વિઝા રદ કરવાની વેતરણમાં

## કાનૂની પડકાર નહીં આવે, તો વિદેશ વિભાગ દ્વારા ટૂંકમાં સત્તાવાર જાહેરાત કરાશે

વોશિંગટન,

ટ્રમ્પ પ્રશાસન ૨૦૧૬ થી ૨૦૨૬ દરમિયાન ઈશ્યૂ કરાયેલા આશરે ૨ લાખ મ્૧/મ્૨ વીઝા રદ કરવાની તૈયારીમાં છે. અમેરિકામાં શરણ માંગનારા વિદેશી નાગરિકોને નિશાન બનાવવામાં આવશે. વિદેશ વિભાગ ટૂંક સમયમાં સત્તાવાર જાહેરાત કરશે. જોકે, વીઝા રદ થવાથી તાત્કાલિક દેશનિકાલ થશે નહીં, પરંતુ તેઓ વિઝિટર સ્ટેટસ ગુમાવશે. આ નિર્ણય ઈમિગ્રેશન નિયમો કડક બનાવવાનો એક ભાગ છે.

ડોનાલ્ડ ટ્રમ્પ પ્રશાસન અમેરિકામાં શરણ માટે અરજી કરનારા અથવા શરણ મેળવવાનો પ્રયાસ કરી રહેલા આશરે ૨



લાખ વિદેશી નાગરિકોના બિઝનેસ (મ્૧) અને ટૂરિઝમ (મ્૨) વીઝા રદ કરવા માટેની મોટી તૈયારી કરી રહ્યું છે. જો આ યોજનામાં કોઈ ફેરફાર કે કાનૂની પડકાર નહી આવે, તો વિદેશ વિભાગ દ્વારા આગામી સપ્તાહોમાં તેની સત્તાવાર જાહેરાત કરવામાં આવી શકે છે. અમેરિકી ઈતિહાસમાં એકજ સમયે આટલી મોટી સંખ્યામાં વીઝા રદ કરવાનો આ સર્વપ્રથમ અને મોટો કિસ્સો બનશે.

અહેવાલો તેમજ વિદેશ વિભાગના દસ્તાવેજો અનુસાર, આ કડક નિર્ણય હેઠળ વર્ષ ૨૦૧૬ થી ૨૦૨૬ ની વચ્ચે ઈશ્યૂ કરવામાં આવેલા મ્૧ અને મ્૨ વીઝાનો સમાવેશ થાય છે. વિદેશ વિભાગના પ્રવક્તા ટોમી પિગોટે જણાવ્યું હતું કે હોમલેન્ડ સિક્યોરિટી વિભાગ સાથે મળીને એવા વિદેશીઓની ઓળખ કરવામાં આવી રહી છે. જેઓ ટૂંકા ગાળાના વિઝિટર તરીકે અમેરિકા આવ્યા હતા પરંતુ પાછળથી અહી કાયમી ધોરણે રહેવા માટે શરણની અરજી દાખલ કરી દીધી હતી. અધિકારીઓએ સ્પષ્ટતા કરી છે કે વીઝા રદ થવાનો અર્થ એવો નથી કે તે લોકોને તાત્કાલિક દેશમાંથી હાંકી કાઢવામાં આવશે.

જે લોકોના શરણ મેળવવાના કેસ કોર્ટમાં પેન્ડિંગ છે, તેઓ કાનૂની રીતે તેમના દાવા પર આગળ વધવાનો અધિકાર જાળવી રાખશે. જોકે, તેઓ પોતાનું બિઝનેસ કે ટૂરિઝમ વિઝિટર તરીકેનું સ્ટેટસ ગુમાવી દેશે. ટ્રમ્પ પ્રશાસનના બીજા કાર્યકાળની શરૂઆતથી જ અમેરિકી વીઝા અને ઈમિગ્રેશન નિયમોને અત્યંત કડક બનાવવાના ભાગરૂપે આ પગલું ભરવામાં આવી રહ્યું છે.

## સુરતથી કાનપુર જતી ખાનગી બસ સરદારપુર નજીક ભડ ભડ સળગી

### મુસાફરોએ કાંચ તોડી બહાર નીકળી જીવ બચાવ્યા, કોઈ જાનહાની નહિ, ડ્રાયવર ફરાર

સરદારપુર,

મધ્યપ્રદેશના સરદારપુર નજીક સુરતથી કાનપુર જતી ખાનગી બસમાં મોડી રાત્રે ભીષણ આગ લાગી હતી. બસમાંથી ધુમાડો નીકળતા ડ્રાઈવર ભાગી ગયો હતો. મુસાફરોએ બારીના કાચ તોડી જીવ બચાવ્યા. દાહોદ પાસે ૪ કલાક રિપેરિંગ કરાયા બાદ આ દુર્ઘટના સર્જાઈ હતી. કેટલાકને સામાન્ય ઈજાઓ પહોંચી, જ્યારે સામાન બળીને ખાખ થયો. પોલીસે ટ્રાફિક ડાયવર્ટ કરી અન્ય બસોમાં મુસાફરોને રવાના કર્યા.

સુરતથી ઉત્તર પ્રદેશના કાનપુર જઈ રહેલી એક ખાનગી મુસાફર બસમાં મધ્ય પ્રદેશના સરદારપુર નજીક અચાનક ભીષણ આગ લાગવાની ઘટના સામે આવી છે. બસમાંથી ધુમાડો નીકળતો જોઈને ચાલકે બસ રસ્તા પર ઊભી રાખી દીધી હતી અને પોતે સ્થળ પરથી ભાગી ગયો હતો. ધુમાડા અને આગના કારણે બસમાં સવાર મુસાફરોમાં ભારે અફરાતફરી અને નાસભાગ મચી ગઈ હતી.

## ન્યૂઝીલેન્ડમાં બાળકો માટે સોશિયલ મીડિયા ઉપર પ્રતિબંધ મુકવા સંસદમાં ઓનલાઈન સેફ્ટી બિલ રજૂ

### નિયમભંગ કરનાર સોશિયલ મીડિયા કંપનીઓ પાસેથી ગ્લોબલ રેવન્યૂના ૧૦% દંડ વસૂલાશે

વિલિંગ્ટન,

ન્યૂઝીલેન્ડની સરકારે બાળકોના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ પર પ્રતિબંધ મૂકવાનો કાયદો બનાવવા માટે બિલ રજૂ કર્યું છે. ૧૬ વર્ષની નીચેની વયના બાળકોનો મોબાઈલ વપરાશ બેહદ વધી ગયો હોવાથી સરકારે આ નિર્ણય લીધો છે. ઓનલાઈન સેફ્ટી બિલમાં વિપક્ષે કેટલાય સુધારાને જરૂરી ગણાવ્યા છે એટલે આગામી દિવસોમાં એ પસાર થશે. ન્યૂઝીલેન્ડના વડાપ્રધાન ક્રિસ્ટોફર લક્સને જણાવ્યું હતું કે ન્યૂઝીલેન્ડમાં બાળકોની એક આખી પેઢીને નુકસાન થઈ રહ્યું છે. ૧૭ વર્ષથી નીચેના દર ત્રણમાંથી એક બાળકને મોબાઈલની લત લાગી ચૂકી છે. તેમનો સોશિયલ મીડિયા સ્ક્રીનટાઈમ પાંચ કલાક જેટલો થઈ ગયો છે. એ ચિંતાજનક છે. તેનાથી બાળકોનું પારિવારિક જીવન, મેન્ટલ હેલ્થ અને સ્ટડી ખરાબ થતાં હોવાનું સામે આવ્યું છે.ન્યૂઝીલેન્ડની સરકારે ઓનલાઈન સેફ્ટી બિલ રજૂ કર્યું છે. એમાં વિપક્ષોએ કેટલાક પ્રાઈવસીને લગતા મુદ્દા ઉઠાવ્યા છે, પરંતુ મોટાભાગે એ પસાર થઈ જશે. સરકારે જોગવાઈ કરી છે એ પ્રમાણે ૧૬ વર્ષથી નીચેની વયના બાળકોના એકાઉન્ટ્સની ચકાસણી માટે કંપનીઓએ ડોક્યુમેન્ટ ચકાસવા પડશે. પેરેન્ટ્સની કોઈ જવાબદારી રહેશે નહી, પરંતુ જો કંપનીઓ આ નિયમનું પાલન નહી કરે તો તેમની ગ્લોબલ રેવન્યૂમાંથી ૧૦ ટકા સુધીનો દંડ વસૂલાશે.

## સ્ટોકની કોઈ કમી નથી, દેશમાં ખાંડની કૃત્રિમ અછત ઊભી કરાઈ

### તહેવારોની માંગ, આંતરરાષ્ટ્રીય ભાવવધારો અને સંગ્રહખોરી જવાબદાર

નવીદિલ્હી,

છૂટક બજારમાં ખાંડના ભાવવધારાથી ચિંતિત ગ્રાહકો માટે ISMA એ રાહત આપી છે. ISMA મુજબ, ખાંડની કોઈ અછત નથી, ભાવવધારો અસ્થાયી છે. તહેવારોની માંગ, આંતરરાષ્ટ્રીય ભાવવધારો અને સંગ્રહખોરી જવાબદાર છે. સરકારે ૧૦ લાખ ટન કાચી ખાંડની આયાત મંજૂર કરી, સ્ટોક લિમિટ નક્કી કરી છે. નવું પિલાણ સત્ર વહેલું શરૂ થતાં ભાવ ઘટશે અને સામાન્ય જનતાને રાહત મળશે.



છેલ્લા કેટલાક સપ્તાહથી છૂટક અને જથ્થાબંધ બજારમાં ખાંડના ભાવમાં થયેલા વધારાથી સામાન્ય માણસના બજેટ પર અસર પડી છે. તહેવારોની સીઝન પહેલા ચા થી લઈને મીઠાઈઓ મોંઘી થતાં ચિંતા વધી છે, પરંતુ ઈન્ડિયન શુગર મેન્યુફેક્ચરર્સ એસોસિએશન અને સરકાર તરફથી રાહતના સમાચાર આવ્યા છે. ISMA મુજબ દેશમાં ખાંડની કોઈ માળખાકીય અછત નથી અને ભાવમાં થયેલો આ વધારો માત્ર અસ્થાયી (કામચલાઉ) છે.

ભાવ વધવાના મુખ્ય કારણો અને વર્તમાન સ્થિતિ ખાંડના ભાવમાં તાજેતરમાં થયેલા વધારા માટે તહેવારોની અચાનક નીકળેલી માંગ, ઉત્પાદનમાં સાધારણ ઘટાડો, હવામાનની અસર અને આંતરરાષ્ટ્રીય બજારમાં ખાંડના ભાવમાં થયેલો ૧૬% જેટલો ઉછાળો જવાબદાર છે. આ ઉપરાંત કેટલાક વેપારીઓ દ્વારા કરવામાં આવતી સંગ્રહખોરીને કારણે બજારમાં ખાત્રિપૂર્વક કૃત્રિમ અછત ઊભી થઈ છે.

### ઓક્ટોબરમાં ૧૦ લાખ મેટ્રિક ટન ઉત્પાદનની આશા

નવા પિલાણ સત્રને ૧૦ થી ૧૫ દિવસ વહેલું શરૂ કરવા પર કામ ચાલી રહ્યું છે, જ્યારે તામિલનાડુ અને કર્ણાટકમાં વિશેષ પિલાણ શરૂ પણ થઈ ચૂક્યું છે. સામાન્ય રીતે ઓક્ટોબર મહિનામાં ૪ લાખ મેટ્રિક ટન ખાંડનું ઉત્પાદન થતું હોય છે, પરંતુ આ વર્ષે ઓક્ટોબર ૨૦૨૬માં આ ઉત્પાદન ૧૦ લાખ મેટ્રિક ટન થવાની ધારણા છે. બજારમાં નવો સ્ટોક આવતા જ ખાંડના ભાવ સામાન્ય થઈ જશે અને જનતાને મોંઘવારીમાંથી મોટી રાહત મળશે.

## ગૂગળના વાવેતરથી સજીવન થશે કચ્છની ગૌચરણ જમીન

### ૩ તાલુકાના પાંચ ગામોમાં ખારા અને મીઠા ગૂગળનું મોટા પાયે વાવેતર



ભુજ,

ભાતીગળ પ્રદેશ કચ્છના ગામડાઓમાં આવેલી પરંપરાગત ગૌચર એટલે કે સામૂહિક ચરાણ જમીનોની નવરચના અને પ્રદેશની લુપ્તપ્રાય ઔષધીય વનસ્પતિઓના સંવર્ધન અર્થે એક સરાહનીય પર્યાવરણીય ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. કચ્છના ત્રણ તાલુકાના પાંચ ગામોમાં ખારા અને મીઠા ગૂગળનું મોટા પાયે વાવેતર કરવામાં આવ્યું છે. આ પહેલનો મુખ્ય હેતુ ગૌચર ભૂમિની ફળદ્રુપતા વધારવા સાથે સ્થાનિક લોકોને સંરક્ષણ કાર્યમાં જોડી પર્યાવરણીય વારસો સાચવવાનો છે.

આ નવતર કાર્યક્રમ ભુજ, નખત્રાણા અને બંદરીય માંડવી તાલુકામાં આવેલા આણંદસર, લક્ષ્મીપર, ભડલી,ઉખેડા અને વિરાણી નાની ગામોની ગૌચર જમીન પર અમલી બનાવાયો છે. નેચર ફાઉન્ડેશનના પંકજ જોશી અને

આભાર - નિહારીકા રવિયા તેમની ટીમ દ્વારા હાથ ધરાયેલા આ અભિયાન હેઠળ પ્રત્યેક ગામમાં ૨૫૦ મીઠા ગૂગળ અને ૫૦૦ જેટલા ખારા ગૂગળ મળીને કુલ ૩,૭૫૦ ગૂગળના છોડનું રોપણ કરવામાં આવ્યું છે. કચ્છ ક્ષેત્રમાં અતિ દુર્લભ ગણાતા મીઠા ગૂગળનું કુદરતી વાતાવરણમાં રોપણ કરી તેનું સ્થાનિક સ્તરે જતન કરવું એ આ પ્રકલ્પનું મહત્વનું પાસું છે .પર્યાવરણીય તુલનાત્મક સમતોલન જાળવવા માત્ર વૃક્ષારોપણ કરવાના બદલે આખી ઈકો સીસ્ટમને પુનઃજીવિત કરવાની વ્યુહરચના અપનાવવામાં આવી છે. ગૂગળ ઉપરાંત દરેક ગામમાં ૫૦ શતાવરીના છોડ, ખારાશ અને દુષ્કાળ સામે ટકી શકતી ૭ પ્રકારની દેશી ઘાસની પ્રજાતિઓ તથા ૧૦થી વધુ સ્થાનિક વૃક્ષો અને ઝાડીઓના બીજનું વાવેતર કરાયું છે. આ મિશ્ર વાવેતરથી ગૌચરમાં માત્ર વૃક્ષોની સંખ્યા વધારવાને બદલે પશુઓ માટે ચારો, વન્યજીવો માટે આશ્રય, જમીનમાં ભેજસંગ્રહ અને ભૂગર્ભ જળ રિચાર્જ ક્ષમતામાં સુધારો થશે.આ સંરક્ષણ અભિયાનમાં ગ્રામજનો, મહિલા મંડળો, યુવાનો અને શાળાના વિદ્યાર્થીઓને સીધા સાંકળવામાં આવ્યા છે.

## ઓસ્ટ્રેલિયાની ફેડરલ કોર્ટે ભારતીય બાસમતી ચોખાના એકહથ્થુ ટ્રેડમાર્કના દાવાને ફગાવી દીધો

### 'APEDA'ની અરજી રદ થતાં ભારતીય નિકાસકારોને મોટો ઝટકો

સિડની,

ઓસ્ટ્રેલિયાની ફેડરલ કોર્ટે બાસમતી ચોખા પર ભારતના એકહથ્થુ ટ્રેડમાર્ક અને સ્પેશિયલ સર્ટિફિકેશન મેળવવાના દાવાને ફગાવી દીધો છે. ભારતીય સંસ્થા 'એગ્રીકલ્ચરલ એન્ડ પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સ એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી' દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી રદ થતાં ભારતીય ચોખા નિકાસકારોને મોટો ઝટકો લાગ્યો છે. બીજી તરફ, આ નિર્ણયથી પાકિસ્તાન ભારે ખુશ થયું છે.

ભારત સરકારની એજન્સી છઁઈઙ્ઘછ એ ઓસ્ટ્રેલિયામાં 'બાસમતી' શબ્દને સર્ટિફિકેશન ટ્રેડમાર્ક તરીકે નોંધવા માટે અરજી કરી હતી, જેથી ઓસ્ટ્રેલિયન માર્કેટમાં માત્ર ભારતીય બાસમતી ચોખાને જ આ નામ હેઠળ ઓળખ મળે. જોકે, ઓસ્ટ્રેલિયાના ટ્રેડમાર્ક રજિસ્ટ્રાર અને ત્યારબાદ ફેડરલ કોર્ટે નોંધ્યું હતું કે બાસમતી ચોખા માત્ર ભારતમાં જ નહીં પરંતુ પાકિસ્તાનમાં પણ ઉત્પાદિત થાય છે. આથી, આ ટ્રેડમાર્ક માત્ર ભારતને જ આપવાથી અન્ય વેપારીઓના અધિકારો છીનવાઈ શકે છે.

કોર્ટના આ નિર્ણય બાદ હવે ભારતીય નિકાસકારોએ ઓસ્ટ્રેલિયાના બજારમાં પાકિસ્તાની ચોખા સાથે સીધી સ્પર્ધા કરવી પડશે. ખાસ કરીને પંજાબ અને હરિયાણાના બાસમતી ચોખાના વેપારીઓ અને ખેડૂતો માટે ચિંતા વધી છે, કારણ કે તેઓ વૈશ્વિક બજારમાં ભારતીય બાસમતીની અલગ ઓળખ બનાવવા પ્રયાસ કરી રહ્યા હતા. ભારત આ પહેલાં ન્યુઝીલેન્ડ અને કેન્યા જેવા દેશોમાં પણ આવી જ કાનૂની લડાઈઓનો સામનો કરી ચૂક્યું છે. ઓસ્ટ્રેલિયન કોર્ટના નિર્ણય બાદ પાકિસ્તાનના વાણિજ્ય મંત્રાલયે આ ચુકાદાને તેમની મોટી કાનૂની જીત ગણાવી છે. પાકિસ્તાને દાવો કર્યો છે કે બાસમતી એ ચોક્કસ ભૌગોલિક વિસ્તાર સાથે જોડાયેલી ઉપજ છે જે ભારત અને પાકિસ્તાન બંનેના ઐતિહાસિક વિસ્તારોમાં વાવવામાં આવે છે, તેથી તેના પર કોઈ એક દેશનો એકાધિકાર હોઈ શકે નહીં.

## ચીને તેના મહત્વાકાંક્ષી 'ચાંગ'એ-૭' ચંદ્ર અવકાશ મિશનને મુલતવી રાખ્યું

ચીને એક આશ્ચર્યજનક નિર્ણય લીધો, અચાનક તેના મહત્વાકાંક્ષી 'ચાંગ'એ-૭' ચંદ્ર અવકાશ મિશનને મુલતવી રાખ્યું. ચીનના આ નિર્ણયથી વિશ્વભરમાં ચર્ચા શરૂ થઈ કે ચીને આવું કેમ કર્યું.

આ ચર્ચાઓ એટલા માટે થઈ કારણ કે આ ચીનનું મહત્વાકાંક્ષી મિશન હતું, અને ચીને એક પગલું પાછળ હટવું એ એક મહત્વપૂર્ણ બાબત છે.

ચીનની સત્તાવાર સમાચાર એજન્સી, શિન્હુઆએ અગાઉ અહેવાલ આપ્યો હતો કે મિશનનો ઉદ્દેશ્ય મુખ્ય તકનીકોમાં નોંધપાત્ર પ્રગતિ પ્રાપ્ત કરવાનો હતો.આગામી દિવસોમાં આ અવકાશયાન ચીનના દક્ષિણી ટાપુ હૈનાન પર આવેલા વેનચાંગ અવકાશ પ્રક્ષેપણ કેન્દ્રથી લોન્ચ થવાનું હતું. આ મિશન ચંદ્ર પરના બરફની શોધ સહિત વિવિધ વૈજ્ઞાનિક તપાસ કરવાનું હતું, પરંતુ આ મિશન મુલતવી રાખવામાં આવ્યું છે.ચાઈના મેન્ડ સ્પેસ ફ્લાઈટ એજન્સીએ એક સંક્ષિપ્ત નિવેદનમાં જણાવ્યું હતું કે, "મિશન લોન્ચ કરવા માટે પરિસ્થિતિઓ અનુકૂળ નથી, અને આ વર્ષે તેને નિર્ધારિત સમયમર્યાદામાં લોન્ચ કરી શકાતું નથી. આ નિર્ણય "વ્યાપક મૂલ્યાંકન" પછી લેવામાં આવ્યો હતો અને તે "સાવધાની, વિશ્વસનીયતા અને સંપૂર્ણ મિશન સફળતા" ના સિદ્ધાંતો પર આધારિત હતો.

## સીરિયાને આતંકવાદ પ્રાયોજિત દેશોની યાદીમાંથી અમેરિકાએ હટાવી દીધું!

### અમેરિકન વિદેશ મંત્રી માર્કો રૂબિયોએ સીરિયાના નાગરિકોના સારા ભવિષ્ય માટે મહત્વનું પગલું ગણાવ્યું

વોશિંગટન,

અમેરિકાના ડોનાલ્ડ ટ્રમ્પ પ્રશાસને સીરિયાને આતંકવાદને પ્રાયોજિત કરનારા દેશોની યાદીમાંથી ઔપચારિક રીતે હટાવી દીધું છે. અમેરિકાના આ ઐતિહાસિક નિર્ણયથી સીરિયા પર દાયકાઓથી લાદવામાં આવેલા કડક આર્થિક અને વ્યાપારી પ્રતિબંધોમાંથી મુક્તિ મળવાનો રસ્તો સાફ થયો છે. આ ઉપરાંત અમેરિકા દ્વારા સીરિયાને સૈન્ય મદદ આપવાની શક્યતાઓ પણ વધી ગઈ છે. અમેરિકી વિદેશ મંત્રી માર્કો રૂબિયોએ આ નિર્ણયને સીરિયાના નાગરિકોના સારા ભવિષ્ય અને આર્થિક પ્રગતિ માટેનું એક મહત્ત્વપૂર્ણ કદમ ગણાવ્યું છે.

અમેરિકાએ આ નિર્ણય સાથે અલ-શરાના સંગઠન હયાત તહરીર અલ-શામ (HTS) ને પણ ગ્લોબલ ટેરરિસ્ટની સૂચિમાંથી મુક્ત કરી દીધું છે. આ નિર્ણયનો સીધો ફાયદો સીરિયાના વર્તમાન રાષ્ટ્રપ્રમુખ અહમદ અલ-શરાને મળશે. શરા અગાઉ HTS ના વડા હતા અને તેમનું જૂનું નામ અબુ મોહમ્મદ અલ-જોલાની હતું. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ અહમદ અલ-શરા પ્રત્યે હકારાત્મક વલણ દાખવતાં તેમને અત્યંત પ્રતિષ્ઠિત અને મજબૂત નેતા ગણાવ્યા હતા. બંને નેતાઓ વચ્ચે અગાઉ મુલાકાત પણ થઈ ચૂકી છે.અમેરિકાએ વર્ષ ૧૯૭૯ માં સીરિયાને સ્ટેટ સ્પોન્સર ઓફ ટેરરિઝમની યાદીમાં મૂક્યું હતું. ત્યારથી દાયકાઓ સુધી સીરિયા પર અનેક આર્થિક પ્રતિબંધો લાગેલા હતા. વિદેશ મંત્રી માર્કો રૂબિયોના જણાવ્યા મુજબ, શરા સરકારે ISIS અને અલ-કાયદા જેવા આતંકી નેટવર્ક સામે કડક ઝુંબેશ ચલાવી છે અને ગ્લોબલ ગઠબંધનમાં જોડાણ કર્યું છે, જેથી અમેરિકાએ આ નિર્ણય લીધો છે.

## ઈરાન હવે હોર્મુઝમાં મનફાવે તે કરન્સીમાં ટોલ ટેક્સ વસૂલશે

### આંતરરાષ્ટ્રીય જહાજો પાસેથી સેવાઓના નામે 'ટોલ ફી' વસૂલવાની યોજના બનાવી

તહેરાન,

ઈરાને હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા આંતરરાષ્ટ્રીય જહાજો પાસેથી સેવાઓના નામે 'ટોલ ફી' વસૂલવાની યોજના બનાવી છે. ઈરાનની સંસદીય સમિતિએ આ પ્રસ્તાવને મંજૂરી આપી છે, જે વૈશ્વિક વેપાર માટે ખતરો છે. અમેરિકન ડોલરને પડકારવા ઈરાની રિયાલ કે અન્ય કરન્સીમાં ચૂકવણી સ્વીકારાશે. આ નિર્ણય અમેરિકી પ્રતિબંધો અને આર્થિક કટોકટીનો સામનો કરવા લેવાયો છે, જેનાથી ક્ષેત્રીય તણાવ વધવાની શક્યતા છે.

વિશ્વના સૌથી મહત્ત્વપૂર્ણ અને સંવેદનશીલ દરિયાઈ માર્ગોમાંથી એક એવા 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ'ને લઈને ઈરાને એક અત્યંત મોટો અને આક્રમક પ્લાન તૈયાર કર્યો છે. ઈરાનની સંસદીય સમિતિએ હોર્મુઝની ખાડીમાંથી પસાર થતાં આંતરરાષ્ટ્રીય જહાજો પાસેથી સેવાઓના નામે ચાર્જ એટલે કે 'ટોલ ફી' વસૂલવાની યોજનાને આગળ ધપાવી છે. ઈરાનના આ નિર્ણયને વૈશ્વિક વેપાર અને ખાસ કરીને મિડલ ઈસ્ટની સુરક્ષા માટે મોટો ખતરો માનવામાં આવી રહ્યો છે.

ઈરાની સરકારી મીડિયાના અહેવાલો મુજબ, પ્રસ્તાવિત વ્યુહાત્મક યોજનાના આર્ટિકલ ૩ હેઠળ ઈરાન તે તમામ દરિયાઈ જહાજો પર શુલ્ક લગાવી શકશે જે તેના દરિયાઈ વિસ્તારમાંથી પસાર થાય છે. આ ફી નેવિગેશન, પર્યાવરણ સુરક્ષા, વીમો અને સુરક્ષા સંબંધિત સેવાઓના બદલામાં લેવામાં આવશે. ઈરાની સાંસદ હસન ઘશઘવીના જણાવ્યા મુજબ, આ શુલ્ક ઈરાની રિયાલ અથવા ઈરાન નક્કી કરે તે સિવાયની અન્ય કોઈ પણ કરન્સીમાં ચૂકવી શકાશે. ઈરાનનો આ નિર્ણય સીધી રીતે અમેરિકન ડોલરના વર્ચસ્વને પડકારવા સમાન છે.

# ગુજરાત બનશે ક્વોન્ટમ અને સેમિકન્ડક્ટર હબ

## સાયન્સ એન્ડ ટેકનોલોજી મંત્રી અર્જુન મોઢવાડિયાની ઉપસ્થિતિમાં શૈક્ષણિક અને ઔદ્યોગિક ક્ષેત્ર વચ્ચેના પરસ્પર સહયોગ માટે PDEUના વિવિધ કંપનીઓ સાથે MOU

ગાંધીનગર,

પંડિત દીનદયાળ એનર્જી યુનિવર્સિટી (PDEU) ખાતે અદ્યતન ટેકનોલોજી, સેમિકન્ડક્ટર, ક્વોન્ટમ કમ્પ્યુટિંગ, રિન્યુએબલ એનર્જી અને ક્લાઈમેટ એક્શન જેવા મહત્વપૂર્ણ વૈશ્વિક વિષયો પર 'Summit of the Future: SEQUENCE 2026' યોજાઈ હતી.

આ પ્રસંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી તેમજ વન, પર્યાવરણ અને ક્લાઈમેટ ચેન્જ કેબિનેટ મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું કે, ભૂતકાળમાં ગુજરાતે કેમિકલ, ટેક્સટાઈલ, ડાયમંડ અને લોજિસ્ટિક્સ જેવા પરંપરાગત ક્ષેત્રોમાં સમગ્ર દેશમાં મોખરાનું સ્થાન મેળવ્યું હતું. તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ અલાયદા વિભાગ તરીકે 'સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગ'ની સ્થાપના કરીને રાજ્યમાં 'સનરાઈઝ સેક્ટર્સ' માટે મજબૂત પાયો નાખ્યો હતો. જેના પરિણામે છેલ્લા દોઢ દાયકામાં ગુજરાતે આ ક્ષેત્રે અભૂતપૂર્વ પ્રગતિ સાધી છે.

વધુમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, 'ઈન્ડિયા સેમિકન્ડક્ટર મિશન' (ISM) હેઠળ દેશભરમાં મંજૂર થયેલા ૧૨ રોકાણ પ્રપોઝલ્સમાંથી ૬ પ્લાન્ટ્સ માત્ર ગુજરાતમાં જ સ્થાપિત થઈ રહ્યા છે. રાજ્યમાં 'કેન્સ સેમિકોન' (Kaynes Semicon) અને 'સીજી સેમી' (CG Semi) સહિતના મહાકાય પ્રોજેક્ટ્સ ઝડપથી આકાર લઈ રહ્યા છે અને આગામી એક વર્ષમાં તેનું ઉત્પાદન શરૂ થાય તેવી શક્યતા છે. આ સાથે જ ફોરવર્ડ અને બેકવર્ડ ઈન્ટિગ્રેશન દ્વારા કેમિકલ્સ, ગેસ અને ઈલેક્ટ્રોનિક ઈક્વિપમેન્ટ્સ માટેની એક મજબૂત અને સંપૂર્ણ ઈકોસિસ્ટમ ગુજરાતમાં વિકસાવવામાં આવી રહી છે.

રાષ્ટ્રીય અંતરિક્ષ દિવસની ઉજવણી અને ચંદ્રયાન-૩ ની ઐતિહાસિક સફળતાને યાદ કરતા સાયન્સ એન્ડ ટેકનોલોજી મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની ઉદાર અને પ્રોત્સાહક નીતિઓના પરિણામે આજે દેશમાં ૩૫૦ થી વધુ સ્પેસ સ્ટાર્ટઅપ્સ સફળતાપૂર્વક કાર્યરત થયા છે. અમદાવાદ નજીક સાણંદ ખાતે 'ગુજરાત સ્પેસ પાર્ક' આકાર લઈ રહ્યો છે, જ્યાં 'અઝિસ્ટા સ્પેસ' (Azista Space) કંપનીએ નાના ઉપગ્રહોના ઉત્પાદન માટેની અત્યાધુનિક સુવિધા સ્થાપવાની કામગીરી પણ શરૂ કરી દીધી છે. વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતની સ્પેસ ઈકોનોમી ૧ ટ્રિલિયન ડોલર સુધી પહોચશે તેવો વિશ્વાસ પણ મંત્રી શ્રીએ વ્યકત કર્યો હતો.

મંત્રીશ્રીએ યુવાનોને સંબોધતા જણાવ્યું કે, નવી પેઢી હવે માત્ર ટેકનોલોજીની વપરાશકર્તા નથી રહી, પરંતુ તે પોતે જ સંશોધક, સર્જક અને ઉદ્યોગસાહસિક બની રહી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાત સરકાર તમામ ક્ષેત્રોના ૩૬૦ ડિગ્રી સર્વાંગી વિકાસ તરફ આગળ વધી રહી છે તેમ જણાવી મંત્રીશ્રીએ દેશ-વિદેશના તમામ ઉદ્યોગકારો અને સ્ટાર્ટઅપ્સને ગુજરાતમાં પોતાનો બેઝ સ્થાપવા માટે ખુલ્લું આમંત્રણ આપ્યું હતું.

# અમદાવાદમાં પોલીસની ત્રણ દિવસની ડ્રાઈવ દરમિયાન વિવિધ ગુનાઓને લઈને કુલ ૪૩૬ કેસ

## પોલીસે રુપિયા ૮૮ લાખના મુદ્દામાલ સાથે કુલ ૪૭૬ આરોપીઓની ધરપકડ કરી

અમદાવાદ,

ભાવનગરમાં લઠ્ઠાકાંડ બાદ રાજ્ય પોલીસ તંત્ર દ્વારા ગેરકાયદે પ્રવૃત્તિઓ સામે કાર્યવાહી વધુ કડક બનાવવામાં આવી છે.ડીજીપીના આદેશ બાદ અમદાવાદ શહેર પોલીસ દ્વારા પણ સ્પેશિયલ ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. ૧૮થી ૨૧ ઓગસ્ટ દરમિયાન શહેરના તમામ પોલીસ સ્ટેશન વિસ્તારોમાં આ કાર્યવાહી કરવામાં આવી હતી.

આ ત્રણ દિવસની ડ્રાઈવ દરમિયાન અમદાવાદ પોલીસે વિવિધ ગુનાઓને લઈને કુલ ૪૩૬ કેસ નોંધ્યા હતા. કાર્યવાહી દરમિયાન પોલીસે રુપિયા ૮૮ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હોવાનું સામે આવ્યું છે. પોલીસની આ કામગીરી દરમિયાન કુલ ૪૭૬ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસે માત્ર ધરપકડ પૂરતી કાર્યવાહી ન કરતા ગુનાહિત ઈતિહાસ ધરાવતા આરોપીઓ સામે પણ કડક પગલાં લીધા છે. આવા કુલ ૪૧ આરોપીઓ સામે પાસા હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે. આ કાર્યવાહીનો હેતુ વારંવાર ગુનાહિત પ્રવૃત્તિમાં સંડોવાતા તત્વો સામે કડક રોક લગાવવાનો હોવાનું પોલીસ તંત્ર તરફથી જણાવાયું છે. ભાવનગર લઠ્ઠાકાંડ બાદ રાજ્યભરમાં પોલીસ દ્વારા ગેરકાયદે દારૂ સહિતની પ્રવૃત્તિઓ સામે સઘન ચેકિંગ અને દરોડાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. અમદાવાદમાં યોજાયેલી આ સ્પેશિયલ ડ્રાઈવ દરમિયાન વિવિધ પોલીસ સ્ટેશનની ટીમોએ સંકલિત રીતે કાર્યવાહી કરી હતી. શહેર પોલીસની આ કાર્યવાહીથી ગુનાહિત પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા તત્વોમાં પોલીસનો કડક સંદેશ પહોંચાડવાનો પ્રયાસ થયો છે. ખાસ કરીને ગુનાહિત ઈતિહાસ ધરાવતા તત્વો સામે પાસા જેવી કાર્યવાહી કરવામાં આવતા આગામી દિવસોમાં પણ પોલીસની આવી ઝુંબેશ ચાલુ રહે તેવી શક્યતા છે.

# અમદાવાદથી દક્ષિણ ભારત જવા માટે વધુ એક સાપ્તાહિક ટ્રેનની શરૂઆત



અમદાવાદ,

પશ્ચિમ રેલવે વિભાગ દ્વારા મુસાફરીનોની સુવિધા અને ઉત્તમ રેલવે કનેક્ટિવિટીને ધ્યાનમાં રાખતાં ટ્રેન નંબર ૦૯૪૧૯ / ૦૯૪૨૦ અમદાવાદ-તિરૂચ્ચિરાપ્પલ્લિ-અમદાવાદ સાપ્તાહિક વિશેષ ટ્રેનને નિયમિત કરવામાં આવી છે. નિયમિતીકરણ પછી આ ટ્રેન હવે ટ્રેન નંબર ૧૯૪૧૯ તેમજ ૧૯૪૨૦ અમદાવાદ-તિરૂચ્ચિરાપ્પલ્લિ-અમદાવાદ સાપ્તાહિક એક્સપ્રેસ રૂપે સંચાલિત થશે.

ટ્રેન નંબર ૧૯૪૧૯ અમદાવાદ-તિરૂચ્ચિરાપ્પલ્લિ એક્સપ્રેસ તારીખ ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૬ થી દર ગુરૂવારે અમદાવાદથી ૦૯:૨૦ કલાકે પ્રસ્થાન કરશે તથા ત્રીજા દિવસે શનિવારે ૦૩:૩૫ કલાકે તિરૂચ્ચિરાપ્પલ્લિ પહોંચશે.

# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મીઠાઈ અને ફરસાણમાં ભેળસેળ રોકવા નવી રેપિડ કીટનો ઉપયોગ

## નાગરિકોના આરોગ્યની સુરક્ષા સુનિશ્ચિત કરવા અમદાવાદ મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગે એક અનોખો અને પ્રભાવી અભિગમ અપનાવ્યો

અમદાવાદ,

તહેવાર દરમિયાન ખાદ્ય પદાર્થો, ખાસ કરીને મીઠાઈ અને ફરસાણની માંગમાં ભારે વધારો થાય છે. આ સમયગાળા દરમિયાન ભેળસેળ અને અખાદ્ય પદાર્થોના વેચાણની શક્યતાઓ પણ વધી જાય છે. નાગરિકોના આરોગ્યની સુરક્ષા સુનિશ્ચિત કરવા અમદાવાદ મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગે એક અનોખો અને પ્રભાવી અભિગમ અપનાવ્યો છે. પરંપરાગત લેબોરેટરી પરીક્ષણની લાંબી પ્રક્રિયાને ટાળીને, હવે રેપિડ ટેસ્ટ કીટનો ઉપયોગ કરીને ખાદ્ય પદાર્થોની ગુણવત્તાની સ્થળ પર જ ત્વરિત તપાસ કરવામાં આવી રહી છે.

શહેરના મણિનગર વિસ્તારથી શરૂ કરીને, અમદાવાદના સાતેય ઝોનમાં મીઠાઈ, ફરસાણ, ચોકલેટ, પનીર અને ચીઝ જેવી ખાદ્ય વસ્તુઓની દુકાનો પર દરોડા પાડવામાં આવી રહ્યા છે. આ દરોડા દરમિયાન, ફૂડ સેફ્ટી ઓફિસર અને લેબ ટેકનિશિયનની ટીમ રેપિડ કીટ સાથે હાજર રહે છે. આ કીટ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની પબ્લિક હેલ્થ લેબોરેટરી દ્વારા ખાસ તૈયાર કરવામાં આવી છે.

મીઠાઈમાં ભેળસેળયુક્ત અથવા અખાદ્ય રંગોનો ઉપયોગ થયો છે કે નહીં તે ચકાસવા માટે એક ખાસ પ્રક્રિયા અપનાવવામાં આવે છે. મીઠાઈના નમૂનાને સોલ્વેન્ટ ઈથર કેમિકલમાં નાખીને શેક કરવામાં આવે છે. જો અખાદ્ય રંગો હોય, તો તે ઈથરમાં ભળી જાય છે. ત્યારબાદ, આ દ્રાવણને બીજી ટેસ્ટ ટ્યુબમાં લઈને તેમાં હાઈડ્રોક્લોરિક એસિડ (HCl) ઉમેરવામાં આવે છે. જો ગુલાબી રંગ વિકસે, તો તે અખાદ્ય રંગ અથવા હળદરની હાજરી સૂચવે છે. તેને વધુ સ્પષ્ટ કરવા માટે પાણીના થોડા ટીપાં ઉમેરવામાં આવે છે. જો રંગ જતો રહે, તો તે હળદરની હાજરી સૂચવે છે (જે અખાદ્ય નથી), પરંતુ જો રંગ યથાવત રહે, તો તે અખાદ્ય રંગની ભેળસેળ હોવાનો સંકેત આપે છે.

કાજુ કતરી જેવી મીઠાઈઓ પર લગાવવામાં આવતો વરખ ખરેખર ચાંદીનો છે કે એલ્યુમિનિયમનો, તેની પણ ચકાસણી થાય છે. વરખ પર નાઈટ્રિક એસિડ નાખવામાં આવે છે.

# રક્ષાબંધનના દિવસે અમદાવાદ મનપા.ની મહિલાઓ અને બાળકો માટે મફત બસ મુસાફરીની જાહેરાત

અમદાવાદ,

ભાઈઓને રાખડી બાંધવા જવા માટે મહિલાઓને વાહનવ્યવહારની સુગમતા રહે અને આર્થિક બોજ ન પડે તે હેતુથી અમદાવાદ મનપા દ્વારા આ નિર્ણાયક પગલું દર વર્ષે લેવામાં આવે છે.

રક્ષાબંધનને ધ્યાનમાં રાખીને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા બહેનો અને બાળકોને ખાસ ભેટ આપવામાં આવી છે. રક્ષાબંધનના દિવસે બહેનો અને બાળકો AMTS બસમાં શહેરના કોઈપણ સ્થળે નિશુલ્ક મુસાફરી કરી શકશે.

રક્ષાબંધનના પર્વને ધ્યાનમાં રાખીને AMTS દ્વારા મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. અમદાવાદમાં છસ્ઝએ રક્ષાબંધનના પર્વ પર AMTSમાં એક દિવસ માટે બાળકો અને મહિલાઓ માટે મફત મુસાફરીની જાહેરાત કરી છે.

આ જાહેરાત બાબતે AMTSના ચેરમેન પરાગ નાઈકે જણાવ્યું હતું કે, છેલ્લા ઘણા વર્ષોથી મનપા દ્વારા રક્ષાબંધન પર્વ નિમિત્તે સુવિધા આપવામા આવે છે. રક્ષાબંધનના દિવસે બહેનો અને બાળકો AMTS બસમાં શહેરના કોઈપણ સ્થળે નિશુલ્ક મુસાફરી કરી શકશે. ભાઈ-બહેનના પવિત્ર તહેવારને ધ્યાનમાં રાખીને આ નિર્ણયથી મોટી સંખ્યામાં પરિવારોને લાભ મળશે.

વધુમાં AMTSના ચેરમેને વધુમાં જણાવ્યું હતું કે, ગત વર્ષે અંદાજે ૭૧ હજાર મહિલા અને બાળકોએ AMTSની મફત મુસાફરીનો લાભ લીધો હતો. આ વર્ષે પણ મોટી સંખ્યામાં બહેનો અને બાળકો આ સુવિધાનો લાભ લે તેવી શક્યતા છે. રક્ષા બંધનના દિવસે શહેરમાં બહેનો પોતાના ભાઈઓને રાખડી બાંધવા સરળતાથી અવર જવર કરી શકે તે માટે આ પહેલ કરવામાં આવી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની આ પહેલથી તહેવારની ખુશીમાં વધુ વધારો થશે.

# ગુજરાતમાં દારૂબંધીના કારણે જ કાયદો વ્યવસ્થા મજબૂત : પૂર્વ નાયબ મુખ્યમંત્રી

## શંકરસિંહ વાઘેલાના દારૂબંધી મુક્તિના નિવેદનને વ્યક્તિગત ગણાવ્યું

સોમનાથ,

હાલ શ્રાવણ મહિનો ચાલુ છે અને શ્રાવણ મહિનાના બીજા સોમવારે રાજ્યના પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ સહપરિવાર સોમનાથ દાદાના દર્શને આવ્યા અને સોમનાથ મહાદેવને શીશ ઝુકાવ્યું. તેમણે સારા વરસાદ માટે મહાદેવને પ્રાર્થના પણ કરી. આ દરમિયાન તેમણે ગુજરાતમાં દારૂબંધી ઉપર પણ સૂચક નિવેદન આપ્યું.

પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે દારૂબંધી વિશે કહ્યું કે, દારૂબંધી હટાવવા થી ગુજરાત સરકાર ને હજારો કરોડ ની આવક થાય પરંતુ ગુજરાતમાં કાયદો વ્યવસ્થા દારૂબંધીના કારણે જ મજબૂત છે. તેમણે કહ્યું કે મોટા ભાગના ગુજરાતીઓ દારૂબંધીના સમર્થનમાં છે. તેમણે શંકરસિંહ વાઘેલાના દારૂબંધી મુક્તિના નિવેદનને વ્યક્તિગત ગણાવ્યું. તેમણે કહ્યું કે શંકરસિંહ નિવેદન આપે તે તેમનો વ્યક્તિગત વિષય છે.

તાજેતરમાં જ ચર્ચામાં આવેલા થેહ-ઢ અને વિરોધ પ્રદર્શનો પર પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે કહ્યું કે, આંદોલન તો આઝાદી વખતે પણ થતાં હતાં..અને આઝાદી પછી પણ થયા છે. ગુજરાતમાં નવનિર્માણ આંદોલન સમયે હું પણ યુવા અવસ્થામાં આંદોલનમાં જોડાઈ ચુક્યો છું. તેમણે કહ્યું કે, ઝેન જી આ તો શબ્દ નવો આવ્યો છે. પરંતુ યુવાનો હમેશાં જ્યારે કોઈ વિચાર આવે પ્રેરણા મળે કે પ્રોત્સાહન મળે ત્યારે પોત પોતાની રીતે આંદોલન કરતા હોય છે. સત્તા પક્ષે જે કોઈ સરકાર હોય કે નેતાગીરી હોય એમણે પણ યુવાનોને પ્રેમથી સમજાવી યુવાનોનું આંદોલન સમેટવું જોઈએ. નીતિન પટેલે વધુમાં કહ્યું કે, દિલ્હી જંતર મંતર ખાતે પણ સરકારે સમજદારી પૂર્વક આંદોલનનું સુખદ ઉકેલ લાવ્યો છે.

અત્રે જણાવવાનું કે ચાલુ વર્ષે વરસાદ ખેંચાયો છે. ખેડૂતો વરસાદની કાગડોળે રાહ જોઈ રહ્યા છે ત્યારે સોમનાથ મહાદેવ સારો વરસાદ આપે તે માટે પણ ખાસ પ્રાર્થના કરી હતી.

# દીવ જિલ્લામાં આધાર નોંધણી અને અપડેટ ઈકોસિસ્ટમ પર વિશેષ તાલીમ કાર્યક્રમનું આયોજન

## જુનાગઢ, અમરેલી, ગીર-સોમનાથ અને ભાવનગરના ઓપરેટરો ભાગ લેશે

અમદાવાદ,

યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા (UIDAI), પ્રાદેશિક કચેરી મુંબઈ દ્વારા કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવના દીવ જિલ્લામાં આધાર નોંધણી અને અપડેટ ઈકોસિસ્ટમ પર એક વિશેષ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમ કાર્યક્રમમાં નજીકના જુનાગઢ, અમરેલી, ગીર-સોમનાથ અને ભાવનગર જિલ્લાઓના ઓપરેટરોને તાલીમ આપવામાં આવી હતી.

આ તાલીમ સોમવારે ૨૪.૦૮.૨૦૨૬ના રોજ સમગ્ર શિક્ષા હોલ, મેઈલ માર્કેટ પાસે, દીવ ખાતે યોજાઈ હતી અને તેમાં રાજ્ય સરકારના અધિકારીઓ સહિત ૬૦થી વધુ સહભાગીઓએ હાજરી આપી હતી. આ કાર્યક્રમનો પ્રાથમિક ઉદ્દેશ્ય ઓપરેટરોની કાર્યક્ષમતા વધારવાનો અને આધાર નોંધણી અને અપડેટ પ્રક્રિયાઓની સાથે ઈકોસિસ્ટમમાં થયેલા નવા ફેરફારો અંગેની તેમની સમજણને મજબૂત કરવાનો હતો.

આ કાર્યક્રમનું ઉદ્ઘાટન દીવના સબ ડિવિઝન મેજિસ્ટ્રેટ/રેસિડેન્ટ ડેપ્યુટી કલેક્ટર શ્રી શિવમ મિશ્રા દ્વારા નાયબ નિયામક શ્રીમતી સંજુ બાલા, સહાયક મેનેજર શ્રી ચિંતન કોઠારી, જિલ્લા પ્રોજેક્ટ મેનેજર પંચાયત, ગુજરાત સરકાર, શ્રીમતી જીનલ અમીન અને અન્ય લોકોની હાજરીમાં કરવામાં આવ્યું હતું.

# સરકારી અધિકારી પર હુમલા કેસમાં આપના ધારાસભ્ય ચૈતર વસાવાના જામીન નામંજૂર

## હાઈકોર્ટે સાત વર્ષની જેલની સજા સ્થગિત કરવાની અને જામીન આપવાની અરજી ફગાવી દીધી



અમદાવાદ,

"કાયદો એ રાજાઓનો રાજા છે અને કાયદાથી મોટું કોઈ નથી," એવી મહત્વપૂર્ણ ટિપ્પણી કરતા ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ વિમલ વ્યાસે આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાની સાત વર્ષની જેલની સજા સ્થગિત કરવાની અને જામીન આપવાની અરજી ફગાવી દીધી છે.

કોર્ટે નોંધ્યું હતું કે સત્તામાં બેઠેલા લોકપ્રતિનિધિને આ પ્રકારના કેસમાં જામીન આપવાથી સમાજમાં એવો ખોટો સંદેશ જઈ શકે છે કે શક્તિશાળી લોકો કાયદાની પહોંચથી ઉપર છે. હાઈકોર્ટે નર્મદા જિલ્લાના રાજપીપળા ટ્રાયલ કોર્ટમાંથી કેસના તમામ પેપર્સ તાત્કાલિક મંગાવીને અપીલની સુનાવણી ઝડપથી પૂર્ણ કરવાનો આદેશ આપ્યો છે.

આ સાથે તેમના પર્સનલ આસીસ્ટન્ટ જીતેન્દ્ર વસાવાની જામીન અરજી પણ હાઈકોર્ટે ફગાવી દીધી હતી. આમ આ કેસમાં કુલ નવમાંથી સાત આરોપીઓ કે જેમાં વસાવાના પત્ની શકુંતલા વસાવાને જામીન મળ્યા છે જ્યારે બેના જામીન ફગાવાયા છે. હવે ચૈતર વસાવા સુપ્રીમના દ્વાર ખટખટાવી શકે છે.

આ સમગ્ર મામલો ઓક્ટોબર-નવેમ્બર ૨૦૨૩ દરમિયાન નર્મદા જિલ્લાના ડેડિયાપાડા તાલુકાના બોગજ ગામ નજીક બન્યો હતો. વન વિભાગના અધિકારીઓએ સરકારી વન જમીન પર થયેલું ગેરકાયદેસર અતિક્રમણ દૂર કરીને અનધિકૃત પાક હટાવવાની કાર્યવાહી કરી હતી.

# ચાઈનીઝ ગેંગ સાથે જોડાયેલા સાયબર ફ્રોડ નેટવર્કનો પર્દાફાશ: ચેન્નાઈથી આરોપી ઝડપાયો

## ૧૪ મોબાઈલ ફોન, ત્રણ લેપટોપ અને ચાર સિમકાર્ડ સહિતનો મુદ્દામાલ જપ્ત

સુરત,

શહેર સાયબર ક્રાઈમ સેલે ઓનલાઈન સાયબર ફ્રોડના એક મોટા નેટવર્કનો પર્દાફાશ કરતા ચેન્નાઈથી એક ફરાર આરોપીને ઝડપી પાડ્યો છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આરોપી મ્યુલ બેંક એકાઉન્ટ ઉપલબ્ધ કરાવવાની સાથે સાથે અલગ-અલગ રાજ્યોના લોકોને ડેટા એન્ટ્રીની નોકરી આપવાના બહાને પણ ઓનલાઈન છેતરપિંડીના રેકેટમાં સંડોવાયેલો હતો. તપાસ દરમિયાન આરોપી પાસેથી ૧૪ મોબાઈલ ફોન, ત્રણ લેપટોપ અને ચાર સિમકાર્ડ સહિતનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

પોલીસના જણાવ્યા અનુસાર, આરોપી લવલી ઉર્ફે સમીર ઉર્ફે રવિ સોહનલાલ અરોરા, મૂળ હરિયાણાના ગુરુગ્રામનો રહેવાસી છે અને હાલ ચેન્નાઈ તથા મુંબઈમાં રહેતો હતો. ટેકનિકલ સર્વેલન્સ અને સતત તપાસ બાદ સાયબર ક્રાઈમ સેલની ટીમે તેને ચેન્નાઈ ખાતેથી ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. શેર માર્કેટમાં ડોલર રોકાણના નામે ૧.૫૨ કરોડની છેતરપિંડી આ કેસમાં ફરિયાદીને ૧૪ નવેમ્બર ૨૦૨૫થી ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૬ દરમિયાન શેર માર્કેટમાં ડોલરનું રોકાણ કરવાથી ઊંચું વળતર મળશે તેવી લાલચ આપવામાં આવી હતી.

આરોપીઓએ ફરિયાદીને બનાવટી વેબસાઈટની લિંકો મોકલી હતી અને આ વેબસાઈટને અસલી હોવાનું દર્શાવી તેમાં રજીસ્ટ્રેશન કરાવવામાં આવ્યું હતું. ત્યારબાદ ફરિયાદીના નામે એકાઉન્ટ બનાવી શેર માર્કેટમાં ડોલર ઈન્વેસ્ટમેન્ટના બહાને અલગ-અલગ બેંક ખાતામાં પૈસા ટ્રાન્સફર કરાવવામાં આવ્યા હતા. ફરિયાદી પાસેથી કુલ રૂ.૧,૫૨,૬૩,૧૯૮ની રકમ ટ્રેડિંગના નામે લેવામાં આવી હતી. જોકે ત્યારબાદ ફરિયાદીને રકમ ઉપાડવા દેવામાં આવી નહોતી અને ઓનલાઈન છેતરપિંડી કરવામાં આવી હતી. આ અંગે સુરત સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો અને તપાસ દરમિયાન નાણાકીય વ્યવહારો તથા બેંક ખાતાઓની કડીઓ તપાસવામાં આવી હતી. ૩ ટકા કમિશનથી ખાતાં મેળવી ૩.૫૦ ટકા કમિશને આગળ આપતો પોલીસ તપાસમાં આરોપીની ભૂમિકા વધુ ગંભીર હોવાનું સામે આવ્યું છે.

આરોપી અગાઉ ઝડપાયેલા સાગરીતો પાસેથી ટ્રાન્જેક્શનના ૩ ટકા કમિશન પર બેંક એકાઉન્ટ મેળવતો હતો.

# મહેસાણા એલસીબી પોલીસની કડી ખાતે હાઈપ્રોફાઈલ જુગારધામ પર રેડ; પૂર્વ સરપંચ સહિત ૨૧ ઝડપાયા

## પોલીસે રોકડ રકમ, મોબાઈલ ફોન અને વાહનો મળીને કુલ ૨૨.૩૨ લાખ રૂપિયાથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો

મહેસાણા,

ગેરકાયદેસર કામ કાજ પર મહેસાણા પોલીસ નો વધુ એક મોટો પર્દાફાસ; કડી તાલુકાના અગોલ ગામે સ્થાનિક ગુના શોધક શાખા (LCB)ની ટીમે એક મોટી કાર્યવાહી કરીને ઘરમાં ચાલતા મોટા જુગારધામનો પર્દાફાશ કર્યો છે. આ અચાનક રેડમાં અગોલ ગામના પૂર્વ સરપંચ, મહિલા ડેલિગેટના પતિ અને માજી ડેલિગેટ સહિત કુલ ૨૧ જેટલા લોકો રંગેહાથ ઝડપાયા છે. પોલીસે ઘટના સ્થળેથી લાખો રૂપિયાની રોકડ રકમ, સંખ્યાબંધ મોબાઈલ ફોન અને વાહનો મળીને કુલ ૨૨.૩૨ લાખ રૂપિયાથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો છે.

આ મામલે મહેસાણા એલસીબી પોલીસ દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, ગાંધીનગર રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક વીરેન્દ્રસિંહ યાદવ અને મહેસાણા જિલ્લા પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકી દ્વારા જિલ્લામાં પ્રોહીબિશન અને જુગારની બદીને સંપૂર્ણપણે નેસ્તનાબૂદ કરવા માટે કડક સૂચનાઓ આપવામાં આવી હતી. આ આદેશોના પગલે મહેસાણા એલસીબી પીઆઈ એ.એમ. કામળીયાના માર્ગદર્શન હેઠળ પોલીસની અલગ-અલગ ટીમો સતત પેટ્રોલિંગ અને વોચમાં હતી. તે દરમિયાન પીઆઈ કામળીયાને ખાનગી રાહે ચોક્કસ બાતમી મળી હતી કે કડી તાલુકાના અગોલ ગામે નાના વાસમાં મસ્જિદ પાસે આવેલ માબઈબેન અલીભાઈ જાદવના મકાનમાં દાઉદભાઈ ઉસ્માનભાઈ જાદવ નામનો શખ્સ અલગ-અલગ ગામોથી માણસો બોલાવીને મોટા પાયે જુગાર રમાડી રહ્યો છે. તે પોતાના અંગત આર્થિક ફાયદા માટે પૈસા પાનાથી તીનપત્તીનો હારજીતનો જુગાર રમાડતો હતો.

પોલીસની ટીમને મળેલ બાતમીના આધારે એલસીબીના પીએસઆઈ એ.ડી. કાકરેચા અને તેમની ટીમે (જેમાં એ.એસ.આઈ. પિયુષભાઈ, ઈજાજઅહેમદ, જયેશભાઈ, હેડ કોન્સ્ટેબલ કિરણજી તેમજ અન્ય પોલીસ જવાનો સામેલ હતા) અગોલ ગામે હકીકત વાળી જગ્યા પર ઓચિંતો દરોડો પાડ્યો હતો. પોલીસની અચાનક પડેલી આ રેડથી જુગારીઓમાં ભારે નાસભાગ અને અફરાતફરી મચી જવા પામી હતી. જોકે, પોલીસે ચારે બાજુથી કોર્ડન કરીને ઘટના સ્થળેથી કુલ ૨૧ જેટલા ઈસમોને ઝડપી લીધા હતા.

સૌરાષ્ટ્ર આસપાસ

# માનવ ઉપર સિંહના હુમલાનું મુખ્ય કારણ શું : અભ્યાસમાં સામે આવ્યા ચોંકાવનારા તારણો

(મિલાપ રૂપારેલ દ્વારા)
અમરેલી:

અમરેલી જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી સિંહ દ્વારા માનવ પર હુમલાની ઘટનાઓમાં વધારો જોવા મળી રહ્યો છે. ટૂંકા ગાળામાં સિંહના હુમલાની અનેક ઘટનાઓ સામે આવતા ગ્રામ્ય વિસ્તારોમાં ભયનો માહોલ સર્જાયો છે. અત્યાર સુધીમાં માનવ ઉપર સિંહના આશરે આઠ જેટલા હુમલાની ઘટનાઓ નોંધાઈ હોવાનું સામે આવ્યું છે, જેમાં ચાર જેટલા લોકોના મોત થયા છે, જ્યારે અન્ય લોકોને ઈજા પહોંચી છે. સતત વધી રહેલી આ ઘટનાઓ વચ્ચે સિંહ માનવ પર હુમલો શા માટે કરે છે અને તેના મૂળ કારણો શું છે તે જાણવા માટે મનોવૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો.આ સમગ્ર મામલાના મૂળ કારણો સમજવા માટે આત્મીય યુનિવર્સિટીના મનોવિજ્ઞાન ભવનના વિદ્યાર્થીઓ અને પ્રોફેસરોની ટીમે અમરેલી જિલ્લાના વિવિધ ગ્રામ્ય વિસ્તારોની મુલાકાત લીધી હતી. આશરે ૫૦ વિદ્યાર્થીઓ અને પ્રોફેસરોની ટીમે ગામડાઓમાં જઈ સ્થાનિક લોકો સાથે રૂબરૂ વાતચીત કરી હતી. સિંહોની વર્તણૂક, માનવની પ્રવૃત્તિઓ અને બંને વચ્ચે વધી રહેલા સંઘર્ષ અંગે માહિતી એકત્ર કરવામાં આવી હતી.





અભ્યાસમાં સામે આવેલા તારણો મુજબ સિંહના માનવ ઉપરના હુમલા પાછળ એક નહીં પરંતુ અનેક પરિબળોજવાબદાર છે. તેમાં સૌથી મહત્વનું કારણ સિંહની પજવણી અને તેને થતી માનવીય હેરાનગતિ હોવાનું નિષ્ણાતો માને છે. સિંહને નજીકથી જોવા અથવા તેનો વીડિયો બનાવવા માટે લોકો તેની પાછળ વાહનો લઈને જતા હોય છે. સિંહ શિકાર કરતો હોય ત્યારે તેનો પીછો કરવો, ટોર્ચનો પ્રકાશ મારવો, મોબાઈલથી વીડિયો બનાવવા માટે નજીક જવું અથવા સિંહને ઘેરી લેવાની સ્થિતિ ઊભી કરવી જેવી પ્રવૃત્તિઓ સિંહમાં તણાવ અને અસુરક્ષાની લાગણી પેદા કરી શકે છે.

આત્મીય યુનિવર્સિટીના મનોવિજ્ઞાન ભવનના પ્રોફેસર શિવુભા જાડેજાના જણાવ્યા મુજબ, સિંહની પ્રવૃત્તિમાં માનવીય દાખલ વધવાથી હુમલાની શકયતા વધી શકે છે. ખાસ કરીને સિંહના આરામના સ્થળો, શિકાર અથવા મેટિંગ જેવી સંવેદનશીલ પરિસ્થિતિમાં માણસો તેની નજીક જાય ત્યારે સિંહ આક્રમક પ્રતિક્રિયા આપી શકે છે. સિંહને પોતાની સુરક્ષા માટે ખતરો અનુભવાય ત્યારે તે માણસ પર હુમલો કરી શકે છે. નિવૃત્ત પ્રોફેસર અને મનોવિજ્ઞાન નિષ્ણાત ડો. અનંતરાય વસાણીએ પણ માનવ - સિંહ સંઘર્ષ અંગે મહત્વપૂર્ણ મુદ્દો રજૂ કર્યો છે. તેમના જણાવ્યા મુજબ, મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ સિંહમાં માનવનો ડર ધીમે ધીમે ઘટી રહ્યો છે. બીજી તરફ માણસ પણ સિંહથી દૂર રહેવાને બદલે તેની નજીક જવાની માનસિકતા ધરાવતો થયો છે. વર્ષો પહેલાં સિંહ જોવા મળે ત્યારેલોકો દૂર રહેતા હતા, પરંતુ હવે સિંહની નજીક જઈને વીડિયો બનાવવાની અને સોશિયલ મીડિયા પર રિલ્સ મૂકવાની વૃત્તિ વધી છે.ડો. વસાણીએ જંગલ વિસ્તારમાં વધી રહેલી માનવીય પ્રવૃત્તિ અંગે પણ ચિંતા વ્યક્તત કરી છે. જંગલ અને તેની આસપાસ રિસોર્ટ, ફાર્મ હાઉસ, મકાનો અને અન્ય બાંધકામો વધતા સિંહોના કુદરતી રહેઠાણ પર દબાણ વધી રહ્યું છે. સિંહોની અવર જવરના વિસ્તારોમાં માનવીય હાજરી વધવાથી સિંહ અને માણસ વચ્ચેનું અંતર ઘટી રહ્યું છે. એક તરફ સિંહ માનવ વસાહતની નજીક આવી રહ્યા છે અને બીજી તરફ માણસ સિંહની નજીક જઈ રહ્યો છે. આ બંને પરિસ્થિતિ મળીને સંઘર્ષની શકયતા વધારી શકે છે.આત્મીય યુનિવર્સિટીના વી.સી.રાકેશ મુદ્ગલના જણાવ્યા મુજબ, માનવ પ્રવૃત્તિના કારણે સિંહોમાં તણાવ પેદા થઈ શકે છે. ખાસ કરીને લોકો રિલ્સ અને સોશિયલ મીડિયા માટે સિંહની પાછળ જતા હોય છે, જેના કારણે સિંહના આરામના સ્થળોમાં સતત માનવીય દાખલ થાય છે. સિંહને શાંતિથી રહેવાની તક ન મળે અને સતત લોકો તેની આસપાસ ભેગા થાય તો તે તણાવમાં આવી શકે છે. તેમણે જણાવ્યું કે માણસે પોતાની આવી ટેવો છોડવીપડશે, તો જ માનવ અને સિંહ બંનેનું અસ્તિત્વ સુરક્ષિત રહી શકશે.

રજીસ્ટ્રાર દિવ્યાંગ વ્યાસે પણ હુમલાના એક મહત્વના કારણ તરીકે સિંહને નજીકથી જોવા માટેલોકોની ભીડ એકઠી થતી હોવાનો મુદ્દો રજૂ કર્યો છે. સોશિયલ મીડિયા પર વીડિયો અને રિલ્સ બનાવવા માટે સિંહની નજીક જવાની માનસિકતા જોખમી બની રહી છે. સિંહને તેની કુદરતી સ્થિતિમાં રહેવા દેવાને બદલે લોકો તેને જોવા માટે ઘેરી લે છે ત્યારે સિંહમાં તણાવ ઊભો થઈ શકે છે.

અભ્યાસમાં ખોરાક પણ મહત્વનું પરિબળ હોવાનું સામે આવ્યું છે. ગ્રામ્ય વિસ્તારોમાં પશુધન, મૃત પશુઓ અને અન્ય ખોરાક સરળતાથી ઉપલબ્ધ થતો હોવાથી સિંહો ગામડાં તરફ આકર્ષાઈ શકે છે. ખુલ્લામાં ફેંકવામાં આવતો નોનવેજનો કચરો અથવા અન્ય ખોરાકની સુગંધ પણ સિંહ અને અન્ય વન્યજીવોને માનવ વસાહતની નજીક ખેંચી શકે છે. એકવાર કોઈ વિસ્તારમાં સરળતાથી ખોરાક મળવા લાગે તો સિંહની તે વિસ્તારમાં અવરજવર વધી શકે છે.

જોકે નિષ્ણાતોના મતે સિંહને સીધો માનવભક્ષી ગણવો યોગ્ય નથી. માનવ ઉપરનો હુમલો ઘણી વખત ચોક્કસ પરિસ્થિતિમાં થતો હોય છે. માણસ સિંહની ખૂબ નજીક જાય, તેનો પીછો કરે, ટોર્ચ મારે, શિકાર દરમિયાન ખલેલ પહોંચાડે અથવા સિંહને ઘેરી લે તેવી સ્થિતિ ઊભી થાય ત્યારે તે પોતાને જોખમમાં અનુભવીને હુમલો કરી શકે છે.માનવ - સિંહ સંઘર્ષ ઘટાડવા માટે સિંહથી યોગ્ય અંતર જાળવવું, તેનો પીછો ન કરવો, રિલ્સ કે વીડિયો બનાવવા માટે તેની નજીક ન જવું, ટોર્ચનો પ્રકાશન મારવો અને સિંહના આરામ તથા શિકારના સમયે કોઈપણ પ્રકારની દખલ ન કરવી જરૂરી છે. સાથે જ ખુલ્લામાં ખોરાકનો કચરો ન ફેંકવો અને સિંહની અવરજવર અંગે વનવિભાગને જાણ કરવી જોઈએ.

અંતે, સિંહ અને માણસ વચ્ચેનું અંતર ઘટવું બંને માટે જોખમી બની શકે છે. સિંહમાં માણસનો ડર ઘટી રહ્યો છે અને માણસમાં સિંહની નજીક જવાની હિંમત વધી રહી છે. સોશિયલ મીડિયા માટે રિલ્સ બનાવવાની હોડ, જંગલમાં વધતી માનવીય દખલગીરી, રિસોર્ટ-ફાર્મ હાઉસનું વધતું દબાણ અને માનવ વસાહતની નજીક મળતો ખોરાક જેવા પરિબળો માનવ - સિંહ સંઘર્ષને વધુ ગંભીર બનાવી શકે છે. સિંહને બચાવવા જેટલી જ જરૂરી માણસની સુરક્ષા છે. બંને વચ્ચે યોગ્ય અંતર અને જવાબદાર વર્તણૂક જ અમરેલી સહિત સમગ્ર સિંહ વિસ્તારમાં સહઅસ્તિત્વનો માર્ગ બની શકે છે.

# ૧૪ વર્ષની સગીર દીકરી સામે આંખના ઈશારા કરવા યુવકને ભારે પડ્યું

## વેરાવળ ૧૮૧ અભયમ્ ટીમે કાયદાનું ભાન કરાવી માફી મંગાવી

કૈલેશ ભટ્ટ ઉના:

આજે આધુનિક યુગમાં માણસ ગમે તેટલો આગળ વધી ગયો હોય છતાં સમાજમાં કોઈ પણ ખૂણે આજે પણ દીકરીઓ સુરક્ષિત નથી. તેવા દાખલા વારંવાર સામે આવતા હોય છે. ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડા તાલુકાના એક ગ્રામ્ય પંથક માંથી એક સગીર દીકરીના પિતાનો ૧૮૧ માં કોલ આવ્યો કે મારી ૧૪ વર્ષની દીકરી ગામમાંથી ઘરે આવતી હતી ત્યાં રસ્તામાં ગામના જ એક યુવકે આંખથી ખરાબ ઈશારો કર્યો. તેવું ઘરે આવી મારી દીકરીએ જણાવ્યું જેથી તમારી ટીમની જરૂર છે. એવો કોલ આવતાની સાથે જ હાજર રહેલા કાઉન્સેલર મનિષા ધોળિયા, કોન્સ્ટેબલ સોનલબેન ખાણિયા અને પાયલોટ ભગાભાઈ સ્થળ પર તાત્કાલિક પહોંચ્યા. સ્થળ પર પહોંચી તે દીકરીને મળ્યા તેને સાંત્વના આપી અને ત્યારબાદ કાઉન્સેલિંગ કરેલ.તો જણાવ્યું કે હું ગામમાંથી ઘરે જતી હતી તો તે યુવાન મારી સામે આવતો હતો અને આંખથી ખરાબ ઈશારો કર્યો. મને તે ઈશારો કર્યો તે ખરાબ લાગ્યો. મારા માતા ઘરે ના હતા એટલે મારા પિતાને વાત કરી જેથી મારા પિતાને મારી વાત પર વિશ્વાસ હોય અને દીકરીની સુરક્ષા ને ધ્યાનમાં રાખી ૧૮૧ અભયમ્ ની મદદ માંગી.




તે યુવાન ના ઘરે ગયા તે હાજર હતા. તે દીકરીના પિતાનું કહેવું એટલું જ હતું કે તે યુવાનને શબક મળે અને આવું બીજી કોઈ દીકરી સાથે ના કરે તેની ભાન કરાવી માફી મંગાવવી છે. તેમને કાયદાનું ભાન કરાવ્યું તેમજ મહિલાઓની જોગવાઈઓ વિશે સજાગ કરવામાં આવ્યા. તે યુવાનને તેની ભૂલ સ્વીકારી તેથી યુવાનને ગામના વરિષ્ઠ લોકોની વચ્ચે તે દીકરીને પગે પડી માફી માંગી અને ખાતરી આપી કે આજ પછી કોઈ પણ બેન દીકરીઓ સામે ખરાબ નજર થી નહીં જોવ. તેથી તે યુવાનને શબક મળી ગયો. તે દીકરીના પિતાને આગળ કોઈ કાયદાકીય કાર્યવાહી ના કરવી હોવાથી સ્થળ ઉપર જ તે યુવાને પોતાની ભૂલ સ્વીકારી હોવાથી ગામલોકોનો પણ એવો આગ્રહ હતો કે આગળ કોઈ કાયદાકીય કાર્યવાહીના થાય જેથી આગળ કોઈ કાર્યવાહી ના કરતા યુવાનને કાયદાનું ભાન કરાવી અને સ્થળ પર જ સમસ્યાનું નિરાકરણ કરવામાં આવ્યું.

# રક્ષાબંધન પર્વે ૬૫૦૦થી વધુ એસટીની એક્સ્ટ્રા બસો દોડશે

અમરેલી:રક્ષાબંધન અને જન્માષ્ટમી પર્વ સાવ નજીક આવી ગયું છે. ત્યારે દર વર્ષની જેમ વધતા ટ્રાફિકને ધ્યાને રાખી એસટી નિગમ દ્વારા રાજકોટ સહિત રાજ્યભરમાંથી એક્સ્ટ્રા બસો દોડાવવાનું ફાઈનલ આયોજન કરી લીધું છે.

રાજ્યભરમાંથી ૧૨૦૦ જેટલી વધારાની બસો દોડાવાશે એસ.ટી. નિગમનાં સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વધુ વિગતો મુજબ " નિગમ દ્વારા દર વર્ષની જેમ ચાલુ વર્ષ ૨૦૨૬માં પણ જન્માષ્ટમીના



તહેવારો દરમિયાન તા.૦૨/૦૯ થી તા.૦૬/૦૯ (છઠ થી દશમ) સુધી મુસાફર ટ્રાફિક પ્રમાણ ધ્યાને લઈ એક્સ્ટ્રા સંચાલન કરવાનું આયોજન છે.

જે સમય દરમિયાન રાજ્યભરમાં કુલ ૩૦૦૦ જેટલી એક્સ્ટ્રા ટ્રીપો સંચાલિત કરવાનું આયોજન કરેલ છે.

# જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠક યોજાઈ

## જિલ્લાના આંતરિક પીવાના પાણીની ૮૨૬ મંજૂર યોજનાઓ પૈકી ૮૨૨ યોજનાઓ પૂર્ણ થઈ

અમરેલી:અમરેલી જિલ્લા જળ અને સ્વચ્છતા સમિતિની બેઠક જિલ્લા કલેક્ટરશ્રી વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. બેઠકમાં જિલ્લામાં પીવાના પાણીની યોજનાઓ, જલ જીવન મિશન સહિતની વિવિધ કામગીરીની વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી.

બેઠકમાં જિલ્લાના આંતરિક પીવાના પાણીની યોજનાઓની સમીક્ષા દરમિયાન જણાવાયું હતું કે, જિલ્લામાં કુલ ૮૨૬ યોજનાઓ મંજૂર કરવામાં આવી છે, જેમાંથી ૮૨૨ યોજનાઓ પૂર્ણ થઈ ચૂકી છે, જ્યારે ૦૪ યોજનાઓ પ્રગતિ હેઠળ છે. પ્રગતિ હેઠળની યોજનાઓ સમયબદ્ધ રીતે પૂર્ણ કરવા સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી.

આ ઉપરાંત, લાઠી તાલુકાના કેરાળા તથા ખાંભા તાલુકાના કોદિયા ગામની પીવાના પાણીની યોજનાઓને મંજૂરી અર્થે ગાંધીનગર સ્થિત વાસ્મો કચેરી ખાતે મોકલવા બાબતે બેઠકમાં બહાલી આપવામાં આવી હતી.

યાંત્રિક વિભાગની કામગીરીની સમીક્ષા દરમિયાન મોટા આંકડિયા, જુના સાવર અને આદસંગ ગામના હયાત બોર પર પમ્પિંગ મશીનરી સ્થાપિત કરવા અંગેની ત્રણ કામગીરીને મંજૂરી આપવામાં આવી હતી.

બેઠકમાં પૂર્ણ થયેલી પાણી પુરવઠા યોજનાઓના પેન્ડિંગ બિલ, ઓડિટ તથા સર્ટિફિકેશન અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. જિલ્લામાં જર્જરિત ઊંચી પાણીની ટાંકીઓને તોડી પાડવાની કામગીરી માટે તાત્કાલિક અસરથી ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવા જિલ્લા પંચાયતને સૂચના આપવામાં આવી હતી. જલ જીવન મિશન અંતર્ગત જિલ્લામાં કુલ ૫૫૪ ગામોના જલ આકલનની કામગીરી પૂર્ણ કરી ઝૈ-ત્નત્સ્માં સબમિટ કરવામાં આવી હોવાનું બેઠકમાં જણાવાયું હતું.

બેઠકમાં જિલ્લા કલેક્ટરશ્રી, જિલ્લા વિકાસ અધિકારીશ્રી, યુનિટ મેનેજરશ્રી, જિલ્લા કો-ઓર્ડિનેટરશ્રી ઉપરાંત શિક્ષણ, આરોગ્ય, યાંત્રિક, પાણી પુરવઠા-પંચાયત વિભાગના અધિકારીઓ તથા વાસ્મોના સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન વિવિધ વિભાગોની કામગીરીની સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપવામાં આવી હતી.

# ગીરગઢડાના પ્રખ્યાત જડેશ્વર મહાદેવ ખાતે ભાવિકોની ભીડ ઉમટી

કૈલેશ ભટ્ટ ઉના:

ગીર અને નાઘેર વિસ્તારનું જ્યાં સંગમ થાય છે એવા ગીર ગઢડાના રેલવે સ્ટેશન રોડ પર આવેલા જનપ્રસિદ્ધ શ્રી જડેશ્વર મહાદેવ ખાતે ભગવાન શિવને પ્રિય એવા શ્રાવણમાસ અને સોમવારના દિવસે ભગવાનકૃપા પ્રાપ્તિ અર્થે ભાવિકો અને ભક્તોની ભીડ ઉમટી પડી હતી.સાથે સોમવાર હોવાના કારણે શ્રી સરસ્વતી કોલેજ ગીર ગઢડા પરિવાર દ્વારા મુખ્ય મનોરથી બનીને મંદિરના ગર્ભગૃહમાં ઘીની ભવ્ય મહાપૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું અને આસપાસના વિસ્તારના સૌ શિવભક્તોએ કતારબદ્ધ થઈને મહાદેવના આશીર્વાદ પ્રાપ્ત કરીને ધન્યતા અનુભવી હતી.સાથે



જડેશ્વર મહાદેવ ગ્રુપ સાથે વાતચીત કરતા તેમણે જણાવ્યું હતું કે "પવિત્ર શ્રાવણમાસ નિમિતે શ્રાવણના દરેક સોમવારે પૌરાણિક પદ્ધતિ અનુસાર સમગ્ર ગર્ભગૃહમા સાંજની આરતી સમયે દીપમાળથી પ્રકાશિત કરી ભવ્ય આરતીનું આયોજન કરવામાં આવે છે".

# "સરહદના વીર જવાનો માટે પી.પી. સવાણી ગ્રુપનું 'રાષ્ટ્ર રક્ષા સૂત્ર' અભિયાન યોજાયું"

## ૩૦ હજાર થી વધુ રાખડીઓમાં છલકાયો દેશપ્રેમ, સ્નેહ અને માતૃભૂમિ પ્રત્યેનો આદર, સતત ૨૫ માં વર્ષે "રાષ્ટ્ર રક્ષા સુત્ર" અભિયાન યોજાયુ

(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી:દેશની સરહદો પર દિવસ-રાત અડીખમ રહી માતૃભૂમિની રક્ષા કરતા વીર જવાનો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્તત કરવા માટે પી. પી. સવાણી ગ્રુપ દ્વારા એક અનોખી અને ભાવસભર પહેલ કરવામાં આવી છે. પી.પી. સવાણી ગ્રુપના ચેરમેન વલ્લભભાઈ સવાણી તથા મહેશભાઈ સવાણીનીપ્રેરણાથી 'રાષ્ટ્ર રક્ષા સૂત્ર' અંતર્ગત સુરતથી ૩૦ હજાર થી વધુ રાખડીઓ પરમ શક્તિતપીઠ વાત્સલ્યધામ, વૃંદાવન ખાતે અર્પણ માટે મોકલવામાં આવી છે.

પરમ શક્તિપીઠ વાત્સલ્યધામની સાધ્વી ઋતંભરા દેવીજી (પૂજ્ય દીદીમા)ના માર્ગદર્શન હેઠળ છલ્લા ૨૪ વર્ષથી ચાલી રહેલું 'રાષ્ટ્ર રક્ષા સૂત્ર' અભિયાન, આ વર્ષે ૨૫માં સિલ્વર જ્યુબિલી (રજત જયંતી) વર્ષમાં પ્રવેશી રહ્યું છે. આ પાવન પ્રસંગે પી. પી. સવાણી ગ્રુપ પણ દેશની રક્ષા કરતા જવાનો પ્રત્યે સ્નેહ, અને આદરની લાગણી સાથે આ રાષ્ટ્રભક્તિતના અભિયાનમાં સહભાગી બન્યું છે.

દીકરીઓના હાથેથી તૈયાર થઈ 'રાષ્ટ્રની રાખડી પી. પી. સવાણી ગ્રુપની દીકરીઓ દ્વારા દેશના સૈનિક ભાઈઓ માટે ખાસ પ્રેમ, લાગણી અને આશીર્વાદ સાથે રાખડીઓ તૈયાર કરવામાં આવી છે. આ રાખડીઓ માત્ર રેશમના દોરા નથી, પરંતુ દેશની દીકરીઓ તરફથી સરહદ પર ઊભેલા પોતાના ભાઈઓને સુરક્ષા કવચ તેમજ પાઠવવામાં આવતો સ્નેહ અને રાષ્ટ્રપ્રેમનો સંદેશ છે.

શાળાની વિદ્યાર્થીનીઓએ પોતાના હાથે ગૂંથી દેશપ્રેમ પી. પી. સવાણી ગ્રુપ ઓફ સ્કૂલ્સની મેનેજમેન્ટ



ટીમ, શિક્ષકગણ તથા વિદ્યાર્થીનીઓએ પોતાના હાથે રાખડીઓ બનાવી આ અભિયાનમાં ઉત્સાહપૂર્વક સહભાગી બની છે. નાનાંહાથોમાંથી તૈયાર થયેલી આ રાખડીઓમાં દેશ માટે કંઈક કરવાની ભાવના અને સૈનિક ભાઈઓ પ્રત્યેનો અતૂટ સ્નેહ જોવા મળે છે.

દેશની યુવા શક્તિતનો દેશભક્તિતપૂર્ણ સંકલ્પ પી. પી. સવાણી યુનિવર્સિટીના યુવા વિદ્યાર્થીઓ અને સ્ટાફ દ્વારા પણ દેશભક્તિતના ભાવ સાથે રાખડીઓ તૈયાર કરી અર્પણ કરવામાં આવી છે. દેશની યુવા પેઢી અને સરહદના જવાનો વચ્ચે સ્નેહનો આ પવિત્ર સેતુ રચવાનો આ પ્રયાસ છે.

જવાનોના ઉત્તમ સ્વાસ્થ્ય માટે હોસ્પિટલ પરિવારની પ્રાર્થના પી. પી. સવાણી હોસ્પિટલ પરિવાર તથા મેડિકલ સ્ટાફ દ્વારા દેશની રક્ષા કરતા વીર જવાનોના દીર્ઘાયુ, ઉત્તમ સ્વાસ્થ્ય અને સુરક્ષિત જીવન માટે પ્રાર્થના સાથે રાખડીઓ સમર્પિત કરવામાં આવી છે.

હોસ્પિટલ પરિવારની ભાવના છે કે, જે જવાનો પોતાના જીવનની ચિંતા કર્યા વિના દેશવાસીઓની સુરક્ષા માટે સરહદ પર તૈનાત છે, તેમના સ્વાસ્થ્ય અને સલામતી માટે દેશનો દરેક નાગરિક હૃદયપૂર્વક પ્રાર્થના કરે.

સુરતથી વૃંદાવન અને ત્યાંથી સરહદ સુધી પહોંચશે સ્નેહસૂત્ર: પી. પી. સવાણી ગ્રુપ દ્વારા એકત્રિત કરવામાં આવેલી ૩૦ હજારથી વધુ રાખડીઓ સુરતથી પરમ શક્તિતપીઠ વાત્સલ્યધામ, વૃંદાવન ખાતે પરમ પૂજ્ય સાધ્વી ઋતંભરા દેવીજી (દીદીમાં) સુધીપહોંચતી કરવામાં આવશે, જયાં દીદીમાં દ્વારા ઉત્તર પ્રદેશના માનનીય મુખ્યમંત્રી યોગી આદિત્યનાથનીવિશેષ ઉપસ્થિતિમાં આ તમામ રાખડીઓ અર્પણ કરવામાં આવશે. ત્યારબાદ કચ્છ બોર્ડરથી લઈને લેહ-લદાખ બોર્ડર સુધી દેશની સરહદો પર તૈનાત વીર સૈનિકો સુધી આ રાખડીઓ પહોંચાડવામાં આવશે.

આ પહેલ દ્વારા સુરતની દીકરીઓ, વિદ્યાર્થીઓ, શિક્ષકો, યુવાનો, હોસ્પિટલ પરિવાર અને સમગ્ર પી. પી. સવાણી ગ્રુપ તરફથી સરહદ પર તૈનાત જવાનો સુધી એક જ સંદેશ પહોંચશે 'તમે સરહદે એકલા નથી, સમગ્ર દેશ તમારી સાથે છે.

પી. પી. સવાણી ગ્રુપના શ્રી મહેશભાઈ સવાણીએ જણાવ્યું હતું કે, માતૃભૂમિની રક્ષા કરતા આપણા વીર સૈનિકો માટે આ માત્ર એક રાખડી નથી; આ દેશની દીકરીઓ, બહેનો અને સમગ્ર સમાજના હૃદયમાંથી નીકળેલો સ્નેહ, આદર અને આશીર્વાદ છે. 'એક રાખી, એક સૈનિક, એક રાષ્ટ્રના ભાવ સાથે આ 'રાષ્ટ્ર રક્ષા સૂત્ર' આપણા જવાનો સુધી પહોંચાડવાનો અમારો નમ્ર પ્રયાસ છે. સરહદ પર તૈનાત દરેક જવાનને એ અહેસાસ થવો જોઈએ કે સમગ્ર ભારત પરિવારની જેમ તેમની સાથે ઊભું છે.

# પ્રભાસ પાટણના પ્રસિદ્ધ જમદગ્નેશ્વર મહાદેવને બાબા અમરનાથનો દિવ્ય અલૌકિક શણગાર કરાયો



કૈલેશ ભટ્ટ ઉના:પ્રભાસ એટલે સર્વત્ર તમોને શિવના મંદિરો નજરે ચઢે પ્રભાસ પાટણના દરજી વાળા ચોકમાં આવેલું પાવનકારી જમદગ્નેશ્વર મહાદેવનું મંદિર શિવ ઉપાસકોની આસ્થા અને શ્રદ્ધાનું કેન્દ્ર છે ભગવાન પરશુરામ ના પિતા જમદગ્નેશ્વર ઋષિએ પ્રભાસ ક્ષેત્રમાં ભગવાન શિવજીની તપસ્યા કરી હતી એટલે આ શિવાલય જમદગ્નેશ્વર મહાદેવના નામથી જ આપી તેને પ્રસિદ્ધ થયું સ્કંદપુરાણ ના પ્રભાસ ખંડમાં આ શિવાલય નો ઉલ્લેખ છે શાસ્ત્ર ઉલ્લેખ પ્રમાણે ભગવાન પરશુરામ પણ પિતાની આજ્ઞાથી શિવજીની ઉપાસના કરી હતી અને સ્થાપના કરી હતી જેની યાદમાં પ્રભાસતીર્થમાં પરશુરામ તપોભૂમિ મંદિર પણ છે આ જમદગ્નેશ્વર મહાદેવના મંદિરે આજે પવિત્ર શ્રાવણના બીજા સોમવારે બાબા અમરનાથના બરફ શિવલિંગનો દિવ્ય અને અલૌકિક શણગાર કરવામાં આવ્યો હતો

## સાવરકુંડલા નગરપાલિકા – સાવરકુંડલા જિ. અમરેલી

### વાર્ષિક કામગીરી માટે ઓફલાઇન જાહેર નિવિદા

આથી સાવરકુંડલા નગરપાલિકા, સાવરકુંડલા, જિ અમરેલી દ્વારા નીચે મુજબની વિગતે કામગીરી કરવવા માટે વાર્ષિક ઓફલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

કામનું નામ : સાવરકુંડલા નગરપાલિકાની હદ વિસ્તારમાં આવતા તમામ રહેણાક વિસ્તાર તેમજ જાહેર રસ્તાઓ, શેરી, સર્કલો, શાક માર્કેટ, વિગેરે વિસ્તારોમાં રખડતા પશુઓ પકડવા અને પશુઓને સલામત રીતે વાહનમાં ચડાવી પાંજરાપોળ ખાતે જમા કરાવવાની કામગીરી.

| | |
|---|---|
| અંદાજીત રકમ રૂા. ૫.૦૦ લાખ | કામની સમય મર્યાદાઃ ૧૨-માસ |
| ઈ.એમ.ડી. રૂા. ૧૦૦૦/- | ટેન્ડર ફીઃ રૂા. ૫૦૦/- |

ઓફલાઇન ટેન્ડર માટેની છેલ્લી તા. ૦૩/૦૯/૨૦૨૬ ને ૬-૦૦ વાગ્યા સુધીમાં ટેન્ડર કોપી અત્રેની કચેરીએથી મેળવવાની રહેશે. તેમજ આ ટેન્ડરની ઈ.એમ.ડી. ની રકમ, ટેન્ડર ફી ની સાથે અન્ય દસ્તાવેજો સીલ બંધ કવરમાં ફક્ત સ્પીડ પોસ્ટ/ રજીસ્ટર એડી પોસ્ટ દ્વારા તા. ૦૫/૦૯/૨૦૨૬ સુધીમાં મોકલી આપવાના રહેશે (સમય મર્યાદા બાદ મળેલ ટેન્ડર અમાન્ય ગણાશે) અને ટેન્ડરો તા. ૦૭/૦૯/૨૦૨૬, ના રોજ (શક્ય હશે તો) ખોલવામાં આવશે, આ કામની વધુ વિગત માટે ઓફીસ સમય દરમિયાન સેનિટેશન બ્રાંચ (રજાના દિવસો સિવાય) જોવા મળશે. ઉપરોક્ત આવેલ ભાવો બંધ કવર બધા કે કોઈ પણ કવર મંજુર કે નામંજૂર કરવાનો હક્ક તે અંગે નો આખરી નિર્ણય સાવરકુંડલા નગરપાલિકાને અબાધિત રહેશે.

ચીફ ઓફિસર
સાવરકુંડલા નગરપાલિકા

પ્રમુખ
સાવરકુંડલા નગરપાલિકા

જિમાહિ/જાહેર/૨૩૯/૨૬

સૌરાષ્ટ્ર આસપાસ
Owner: Leela News Network Private Limited, Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited. Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Narayan Arcde, Nr.Old Bus Stand, Amreli. Res.Editor: Rajesh Kiritbhai Dave (Responcible for News editing as per PRB ACT)

સૌરાષ્ટ્ર આસપાસ

# 6Gની દોડમાં ભારતનું આગવું પગલું

વિશ્વ હવે એવી ડિજિટલ વ્યવસ્થા તરફ આગળ વધી રહ્યું છે જ્યાં મોબાઇલ નેટવર્ક માત્ર ફોન પર વાતચીત કે ઇન્ટરનેટ ચલાવવા પૂરતું મર્યાદિત નહીં રહે. આવનારા સમયમાં મશીનો, વાહનો, ઘરનાં સાધનો, કારખાનાં, હોસ્પિટલ અને શહેરોની વિવિધ વ્યવસ્થાઓ સતત એકબીજા સાથે જોડાયેલી રહેશે. આ પરિવર્તનને વધુ ઝડપ આપનારી ટેક્નોલોજી તરીકે 6G તરફ સમગ્ર વિશ્વની નજર છે. ભારતે પણ આ ભવિષ્યની તૈયારી શરૂ કરી છે. 'ભારત 6G વિઝન' અંતર્ગત ૨૦૩૦ સુધીમાં વિશ્વના અગ્રણી 6G દેશોમાં સ્થાન મેળવવાનો હેતુ નક્કી કરાયો છે. આ દિશામાં રૂ. ૨૭૫.૮૮ કરોડના ૧૦૪ પ્રોજેક્ટને મંજૂરી અને દેશની ૧૦૦થી વધુ શૈક્ષણિક સંસ્થાઓમાં 5G-6G લેબની સ્થાપના મહત્વપૂર્ણ પગલાં છે.આગામી 6G યુગમાં સૌથી મોટો ફેરફાર ઝડપનો તો હશે જ, પરંતુ તેની સાથે નેટવર્કની સમજદારી પણ વધશે. આજે આપણે ઇન્ટરનેટનો ઉપયોગ કરીએ છીએ ત્યારે નેટવર્કનો મોટો ભાગ નિશ્ચિત નિયમો પ્રમાણે કામ કરે છે. 6Gમાં કૃત્રિમ બુદ્ધિનો વધુ ઉપયોગ થતાં નેટવર્ક પરિસ્થિતિ પ્રમાણે પોતાનું સંચાલન કરી શકશે. ક્યાં વધુ ડેટાની જરૂર છે, ક્યાં ટ્રાફિક વધારે છે અને કઈ સેવા માટે વધુ ક્ષમતા જોઈએ તે નક્કી કરવામાં AI મદદ કરશે. આથી નેટવર્ક વધુ કાર્યક્ષમ અને બની શકે છે.આ ટેક્નોલોજીનું બીજું મોટું પાસું અત્યંત ઝડપી ડેટા સંચાર છે. 5G કરતાં 6Gમાં ઝડપ અનેક ગણી વધવાની અપેક્ષા છે. પરંતુ સામાન્ય માણસ માટે આ ઝડપનો અર્થ માત્ર મોટી ફાઇલ ઝડપથી ડાઉનલોડ થવી એટલો નથી. તેનો સાચો લાભ ત્યારે સમજાશે જ્યારે આ ઝડપનો ઉપયોગ વાસ્તવિક જીવનની સેવાઓમાં થશે. ઉદાહરણ તરીકે, દૂર બેઠેલો નિષ્ણાત કોઈ મશીનની કામગીરીનું નિરીક્ષણ કરી શકે, હોસ્પિટલમાં દર્દીના શરીર સાથે જોડાયેલા સ્માર્ટ ઉપકરણો સતત માહિતી મોકલી શકે અથવા સ્વચાલિત વાહનો એકબીજા સાથે ઝડપથી માહિતી વહેંચી શકે.આથી 6Gનું મહત્વ આરોગ્ય ક્ષેત્રે પણ વધી શકે છે. ગ્રામ્ય વિસ્તારના દર્દીને શહેરના નિષ્ણાત સુધી પહોંચવા માટે હંમેશા લાંબો પ્રવાસ કરવો ન પડે તેવી વ્યવસ્થા વિકસિત થઈ શકે છે. સ્માર્ટ સેન્સર દ્વારા દર્દીની સ્થિતિની માહિતી સતત ઉપલબ્ધ રહે તો ડોક્ટરને યોગ્ય નિર્ણય લેવામાં મદદ મળી શકે છે. અલબત્ત, આવી વ્યવસ્થામાં તબીબી માહિતીની ગોપનીયતા અને સુરક્ષા અત્યંત મહત્વપૂર્ણ રહેશે.શિક્ષણ ક્ષેત્રે પણ 6G નવી શક્યતાઓ ખોલી શકે છે. દેશના દૂરના વિસ્તારોમાં બેઠેલા વિદ્યાર્થીઓને ઉચ્ચ ગુણવત્તાની ડિજિટલ શિક્ષણ સામગ્રી વધુ સારી રીતે મળી શકે છે. વર્ચ્યુઅલ અને ઇન્ટરેક્ટિવ શિક્ષણ વધુ અસરકારક બની શકે છે. પરંતુ અહીં પણ ટેક્નોલોજી પહોંચાડવા સાથે ડિજિટલ સાધનો અને તાલીમની વ્યવસ્થા કરવી જરૂરી છે. માત્ર ઝડપી નેટવર્ક ઉભું કરવાથી શિક્ષણમાં સમાનતા નહીં આવે.ઉદ્યોગ ક્ષેત્રે 6Gની અસર વધુ ઝડપથી દેખાઈ શકે છે. ઇન્ડસ્ટ્રી ૪.૦માં મશીન, રોબોટ અને AI આધારિત સિસ્ટમો પહેલેથી જ ઉત્પાદન પ્રક્રિયામાં પ્રવેશી રહ્યાં છે. 6G આ ઉપકરણો વચ્ચે ઝડપી સંચાર સુનિશ્ચિત કરી શકે છે.

# ઠપકો...!

## દીકરાની વહુની આધુનિક રહેણીકરણીથી બાના ઘરની સંસ્કૃતિમાં આવેલું પરિવર્તન આ અંધ અને વિધવા બાને અસહ્ય લાગ્યું ત્યારે સાસરે ગયેલી દીકરીના ગેબી અવાજ સામે બાની આપવીતી પ્રગટ થાય છે.

અલપ ઝલપ -ડો. મનહર ઠાકર

'કાલાવાલાં કરવાં પડે, ને ખોળોય પાથરવો પડે, પણ આટઆટલું થાય તોય દીકરાના પેટનું પાણી હલે નહી !.. ઉપરથી કહે : ' ઈ બિચારી સામે બોલી એમાં શું થઈ ગયું, બા !! પગ તળે રોજે રોજ કોણ જાણે કેટલીય વાર ધરતી ખસી હશે ! અરે ! જાણીએ જ છીએ કે, ઘરે ઘરે માટીના ચૂલા, પાર વગરના ઉધામા ! ...એ, આખી દુનિયાની ચિંતા કરી, હવે તો વહેલાં જઈએ ઉપર બાપાનું ભાત લઈને ! હે પરભુ, હે મારા રામ !....'

સાસરે ગયેલી દીકરીનો જાણે ગેબી અવાજ સંભળાયો, ' કેમ નિહાકા નાખો છો, બા.. ?'

' તો બીજું કરુંય શું ? જુઓને, દીવાલે ટીંગાતી તારા બાપાની છબિ પણ ગઈ ! ચકલાં માટે મૂકેલું પાણીનું કૂંડુ, ને આંગણામાંનો તુલસી ક્યારોય ગ્યો ! આ તો બધું નડતર... એમનાં પગરખાં મૂકવાનો ઘોડો, ફળિયે સ્વીમીંગ પુલ, ગોઠવવા ક્યાં ?..., , હવે તો બધું જૂનું એટલું નડતર !. સમજ્યાને ! આ વહુ અને પેટના જણ્યા એકના એક દીકરાને તો હવે હું પણ જૂની...!' બા સૂનમૂન બનીને બેસી રહ્યાં. બપોરનો સૂનકાર ઘર-ફળિયામાં છવાઈ ગયો હતો. રસોડામાંય ઢાંકો-ટૂંબો કરીને બા બેઘડી મનોમન વિચારે ચડી ગયાં હતાં ને હજુય દીકરાના બાપની છબિમય બનીને ચુપચાપ બેઠાં હતાં.

વળી પાછો દીકરીનો ગેબી અવાજ સંભળાયો, ' બા, કેમ ખાવું નથી ? ઉપવાસ છે કે શું?'

'હા, આજે દિવાસો છે. ભાઈ સાજો નરવો રહે તે સારુ એવરત જીવરતનું વ્રત રાખ્યું છે...ને આમેય બઉ દા'ડા ખાધું ને પીધું, ને રાજ કર્યું હોં, તારા બાપની હયાતિ




હતી ત્યાં સુધી....પણ હવે તો શું કઉં તને ? મોંમા કોળિયો મેલતાંય કાળજું મારું વઢાઈ જાય છે ! ઘર-ગૃહસ્થીના આચાર-વિચાર બધા હવે તો નેવે મેલ્યા છે તારી આ ભણેશરી ભોજાઈ તો...દીવા તળે અંધારું છે ! એ.... તું હતી ત્યાં લગી તો બધું સરખું ચાલ્યું.'

બાનું એકવડું શરીર ધ્રુજી રહ્યું હતું, ને કાન એકદમ બાઘાની જેમ ફાટક પર મંડાઈ ગયા હતા.

'બળ્યું આ જીવવું, ને બળ્યું આ બે ટંક પેટનો ખાડો ભરવો ! હવે તો મારા મહાદેવજીને એટલી અરજ કરું છું કે મને કોઈનાય હાથનો પાણીનો લોટો ભરાયા પે'લાં જ આવી હરતી-ફરતી લઈ લે જે, મારા પ્રભુ !'

વળી પાછો દીકરીનો ગેબી અવાજ સંભળાયો, 'કેમ ? કેમ ? આટલો બધો વલોપાત કરો છો, બા !'

ખળભળી ઊઠેલો દીકરીનો ઘેરો અવાજ સંભળાયો હોય તેમ બાની વાત એક ક્ષણ માટે થરથરી ઊઠી. એમણે ફરી આંખોના ખૂણા પાલવથી લૂછ્યા, ને રડમસ સાદે કહ્યું: 'બહેન ! તું જ કે' ત્યારે શું કરું ? ના સે'વાય, ના રે'વાય, તારા બાપા ગ્યા, પછી તું પારકે પાદર ગઈ, ને પાછળ બધાંય ધર્મને કરમે ય ગ્યાં ! આ ઘર તો મારું, ઘરના ઠેકાણે ભંડકિયું કરી મેલ્યું છે. અડધી અડધી રાત ફરેહરે, પછી ઘોર્યા કરે નવનવ વાગ્યા સુધી, ઊઠતાંની હારે મોં-બોં ન વિછળે ને એમનેઈમ મૂવાં ચા-પાણી ને નાસ્તો કરે. મૂવાં એમને પેટ છે કે વખાર ! બોલો, આપણાં ઘરમાં બોળીવાડો કરી મેલ્યો છે ! મૂવાં બજારનું કાંઈ ખાતાં હશે ને ઢીંચતાય હશે !'

દીકરીનો વળી પાછો અવાજ આવ્યો, 'બા, દોઢ વાગવા આવ્યો. ચા-કોફી લેશો કે ?'

બાએ હાથના ઈશારાથી ના પાડી દીધી ને પછી છબિનું સ્મરણ કરી, તૂટતા સ્વરે બોલ્યાં : ' બહુ દા'ડા પીધાં ચા-કોફી...!'

ફરી સૂનકાર છવાઈ ગયો.

જાળિયામાંથી ઠંડો પવન ફૂંકાઈ રહ્યો. છબિ પર મંડાયેલી સાન, ને ફરી એની એ જ વિચારયાત્રા ચાલુ રહી. આધેડ વયે બાની આંખોમાં ઝામરનું પાણી ઉતર્યું, ને આંખો ગઈ. કાંઈ ભાળ્યા વિના બાને રાત-દા'ડો વિચારો જ આવ્યા કરે છે બોલો !! છતાં ભીંત હોંહરું બધું ભાળે તોય સાવ આંધળા ! આ બધું જોવાનું, ને અંદર અંદર બળવાનું, એના કરતાં તો...'

બાએ આંખો મીંચી દીધી. ક્યાંય સુધી, ગૂમસૂમ બેસી રહ્યાં. અંધ આંખોમાં છબિ ખડી થઈ. કમ્પતા સાદે બોલ્યાં : ' એ તે કેવા ? મને આંધળીને આ કઠોડે ભેરવીને એનો કેડો કરી ગયા..! ' આમ, બાએ દીકરીના દિવંગત બાપને ઠપકો દીધો.

# ગુરુદેવના નિર્ણયથી શિષ્યોને આશ્ચર્ય થયું !

વિશેષ

ગુરુદેવ નાનકની પ્રવચનયાત્રા ચાલી રહી હતી. ગુરુ શિષ્યની મંડળી સાથે એક ગામથી બીજે ગામ ફરીને લોકોને ઉપદેશ આપી રહ્યા હતા. એક ગામમાં થોડા દિવસ માટે ગુરુ પધાર્યા, એ સમાચાર મળતાં લોકોએ અતિઉત્સાહભેર સ્વાગત કર્યું અને બધાએ ભાવપૂર્વક ગુરુજીની વાણીમાંથી સ્ફૂર થયેલા સદ્બોધન સ્પંદનો ઝીલ્યાં. જ્યારે વિદાય વેળા આવી ત્યારે ગામલોકો બહુ જ ભાવુક થયા. ગુરુને વધુ રોકાવાનો આગ્રહ કર્યો. ગુરુજી કહે, 'મારે આગળના ગામમાં જવાનું છે, ફરી ક્યારેક જરૂરથી આવીશ.' અને વિદાય થયા.

બીજે દિવસે ગુરુજી બાજુના ગામમાં પધાર્યા. લોકોનો પ્રતિસાદ પાતળો હતો એટલે શિષ્યોને લાગ્યું કે, 'કાલે અહીંથી નીકળી જઈશું.' પણ એવું બન્યું નહી. પાછળના ગામ કરતાં ગુરુજીએ અહીં બે દિવસ વધુ રોકાવાનો નિર્ણય કર્યો હતો. આગળના ગામના લોકોને વિદાય વેળાએ ગુરુએ તે લોકોને આશીર્વાદ આપતાં કહ્યું કે, 'ઉજડ જાઓ' અને પછીના ગામના લોકોને વિદાય વેળા આશીર્વાદ આપતાં કહ્યું કે, 'આબાદ રહો' આ કારણે શિષ્યોને આશ્ચર્ય થયું અનેપૂછ્યું કે, ગુરુજી પ્રથમ ગામવાળા લોકોએ તમને આટલું માન-સન્માન આપ્યું. તેમનો શિષ્ટાચાર અને ગુરુભક્તિ અપૂર્વ હતાં, છતાં આપે એમને 'ઉજડ જાઓ' એવા શબ્દો આશીર્વાદમાં કેમ કહ્યા ? ગુરુજી, શું એ શબ્દો આશીર્વાદ માટે વપરાય કે અભિશાપ માટે ? તે અમને સમજાતું નથી. વળી છેલ્લે જે ગામમાં ગયા ત્યાં આપનું સન્માન તો ન થયું અને અપમાનના શબ્દો પણ સાંભળવા મળ્યા. છતાં આપે ગામલોકોને વિદાય વેળાએ 'આબાદ રહો'ના ઉત્કૃષ્ટ આશીર્વાદ આપ્યા. વળી આગળના ગામવાળાએ આપને રોકાવા આગ્રહભરી વિનંતી કરી તેનો આપે સ્વીકાર ન કર્યો, જ્યારે પછીથી જે ગામ ગયા તે ગામવાળાએ આપને રોકાવાનો આગ્રહ કર્યો ન હતો છતાં આપ એ ગામમાં વધુ બે દિવસ રોકાવાનો નિર્ણય કર્યો. આપનો આ પ્રકારનો નિર્ણય અમારી સમજમાં આવતો નથી.'

ગુરુ નાનકજીએ શિષ્યો સામે મર્માળુ સ્મિત કરીને કહ્યું કે, 'તમે સૌ જાણો છો કે, આગળ આપણે જે ગામમાં ગયા તે ગામના માણસો સજ્જન, સદાચારી અને પરોપકારી હતા. આવા માણસો એક જ ગામ રહે તેના કરતાં તે અલગ અલગ જગો પ્રસરી જાય તો જ્યાં જશે ત્યાંના લોકોની તે સેવા તો કરશે જ પણ સાથે સાથે તેમનામાં રહેલા ગુણોથી આકર્ષાઈ તે લોકોમાં પણ એવા જ ગુણોનું પ્રાગટય થશે. આવા સજ્જન લોકો જ્યાં જાય ત્યાં સદાચાર અને પરોપકારની સુરભિ ફેલાવતા જ રહે છે, માટે એ પ્રસરી જાય. છેલ્લે આપણે જે ગામમાં ગયા ત્યાંના લોકો દુરાચારી અને અસભ્ય હતા. ત્યાંથી આપણને માન-સન્માન ન મળ્યાં પણ આપણા અંતરપટ માન-અપમાનથી પર હોવા જોઈએ. સંતોનું પરિભ્રમણ માન મેળવવા માટે નથી હોતું, લોકોને સદાચાર અને ધર્મમાર્ગે વાળવા માટે હોય છે. પહેલા ગામ કરતાં અહીં વધુ રોકાવાની એટલે જરૂર હતી કે, પહેલા ગામના લોકો ઋજુ હતા. બીજા ગામના રૂક્ષ હતા. સંતોના જીવનમાં નિજી માન કે સગવડ કરતાં પરહિત ચિંતા મૈત્રીનો ભાવ હોવો જરૂરી છે માટે બે દિવસ વધુ રોકાયા. આ લોકોને 'આબાદ રહો'ના આશીર્વચન એટલે કહ્યા કે, તેમના ખરાબ સ્વભાવ અને અસદ્આચરણ લઈને એ અન્ય સ્થળે જાય તો તે ત્યાં પણ ઝઘડા-ટંટા અને દુરાચાર પ્રસરાવશે. આમ સમાજમાં દુર્ગુણ અને દુરાચાર ગુણક ગતિએ વધુ. તે ત્યાં રહે, તે બધા માટે સારું છે.' ગુરુજીના જવાબથી શિષ્યોને પરમ સંતોષ થયો સંતો અને સજ્જનો જ્યાં જાય ત્યાં પ્રેમ, કરુણા અને વાત્સલ્યની સુરભિ પ્રસરાવે. અંગૂલિમાલે એક હજાર લોકોની હત્યા કરી તેની આંગળીઓની માળા પહેરવાનો સંકલ્પ કરેલો. ૯૯૯ હત્યા થઇ ચૂકી હતી. આજુબાજુના તમામ વિસ્તારના લોકો ડરતા હતા, પરંતુ મહાત્મા બુદ્ધ અંગૂલિમાલ પાસે ગયા. અંગૂલિમાલે ત્રાડ પાડી 'રૂક જાવલ્લ. બુદ્ધ કહે, 'મેં તો રૂક ગયા, અંગૂલિમાલ તુમ કબ રૂકોગે?' અંગુલિમાલ બુદ્ધના અદમ્ય સાહસથી દંગ રહી ગયો. તથાગત બુદ્ધ કહે છે કે, 'હે અંગૂલિમાન, તું શક્તિશાળી હો તો સામેના વૃક્ષમાંથી પાંચ પર્ણો-પાન તોડીને લઈ આવ.' અંગૂલિમાન તુર્ત પર્ણ તોડીને લઈ આવે છે. બુદ્ધ કહે, 'હવે ખરેકર જો તારામાં સાચું શૌર્ય હોય તો એ પર્ણો-પાનને પાછાં તે જ વૃક્ષમાં જેમ હતાં તેમ જોડી દે.' અંગૂલિમાન કહે, 'અસંભવપ અસંભવ.' બુદ્ધ કહે, 'જેને તું જોડી શક્તો નથી તેને તોડવાનો તારો લેશમાત્ર પણ અધિકાર નથી.' બુદ્ધની દિવ્ય આભાથી અંગૂલિમાલના ભીતરનો અજ્ઞાનનો અંધકાર દૂર થતાં તલવાર ફેંકી બુદ્ધનું શરણું અંગીકાર કરે છે.

આમ સંતો વિચરણ કરીન સુરભિ ફેલાવે છે. મહાવીરને ચંડકૌશિક સર્પ ડંખ દે છે. જેના મુખારવિંદ પર પ્રશમ ભાવો અહર્નિશ છલકે એવા વીરનાં વચનો સાંભળી ચંડકૌશિક સર્પનું હૃદયપરિવર્તન થાય છે.

# ચોમાસા સાથે જોડાયો ભારતની સભ્યતા અને સંસ્કૃતિનો જીવનમંત્ર

આસપાસ ચોપાસ - સુરેશ ભટ્ટ

ભારતને સમજવું હોય તો તેની નદીઓ, ખેતી, તહેવારો અને લોકજીવનને સમજવું પડે અને આ બધાની પાછળ ચોમાસાનું મહત્ત્વ સમજવું અનિવાર્ય છે. ભારતના ઈતિહાસમાં વરસાદ માત્ર કુદરતી ઘટના રહ્યો નથી, પરંતુ તેણે અહીંના જીવનની ગતિ, ખેતીની પદ્ધતિ, ધાર્મિક માન્યતાઓ, તહેવારો, લોકસાહિત્ય અને સામાજિક વ્યવહારને ઘડવામાં મહત્વની ભૂમિકા ભજવી છે. વૈદિક પરંપરામાં પણ વર્ષના ઋતુચક્રને ખૂબ મહત્વ આપવામાં આવ્યું હતું. ચાતુર્માસ્ય સાથે જોડાયેલી ધાર્મિક પરંપરાઓ અને વરસાદી ઋતુના ચાર મહિનાની કલ્પના ભારતીય જીવનમાં એટલી ઊંડી ઉતરી ગઈ કે આજે પણ અષાઢ, શ્રાવણ, ભાદરવો અને આસો જેવા મહિના ધાર્મિક અને સાંસ્કૃતિક રીતે વિશિષ્ટ ગણાય છે. ચાતુર્માસની પરંપરા સામાન્ય રીતે વરસાદી ઋતુ સાથે જોડાયેલી છે અને આ સમયગાળો આધ્યાત્મિક અનુષ્ઠાન, સંયમ તથા ધાર્મિક પ્રવૃત્તિઓ માટે મહત્વનો માનવામાં આવે છે.

વૈદિક સાહિત્યમાં ચાતુર્માસ્ય અનુષ્ઠાનોનો ઉલ્લેખ જોવા મળે છે. ઋતુચક્રને આધારે કરવામાં આવતી ધાર્મિક વિધિઓ દર્શાવે છે કે પ્રાચીન ભારતીય સમાજ કુદરત અને માનવજીવન વચ્ચેના સંબંધને ખૂબ નજીકથી જોતો હતો. વરસાદનું આગમન એટલે માત્ર આકાશમાંથી પાણી પડવું નહીં, પરંતુ પૃથ્વીના પુનર્જીવનની શરૂઆત. ઉનાળાની ગરમી પછી જ્યારે વાદળો ઘેરાય અને ધરતી પર પ્રથમ વરસાદ પડે ત્યારે સૂકાઈ ગયેલી જમીન જીવંત બની જાય છે. તળાવો ભરાય છે, નદીઓમાં પાણી વધે છે, વનસ્પતિમાં નવજીવન આવે છે અને ખેતીના નવા ચક્રનો આરંભ થાય છે. આથી પ્રાચીન ભારતીય માનસમાં ચોમાસું જીવન, સમૃદ્ધિ અને આશાનું પ્રતીક બન્યું.

ભારતની સભ્યતાના વિકાસમાં કૃષિનું સ્થાન અત્યંત મહત્વનું છે. ભારતીય ઉપખંડમાં વરસાદના પાણી પર ખેતીની મોટી નિર્ભરતા રહી છે. આજે પણ ભારતના વાર્ષિક વરસાદનો લગભગ ત્રણ-ચોથાઈ હિસ્સો દક્ષિણ-પશ્ચિમ ચોમાસા સાથે જોડાયેલો છે. તેથી ચોમાસું સારું હોય તો ખેતી, જળસંગ્રહ અને ગ્રામ્ય અર્થતંત્રને સહારો મળે છે, જ્યારે વરસાદમાં મોટી અનિયમિતતા આવે ત્યારે તેની અસર ખેતીથી લઈને બજાર અને સમગ્ર અર્થતંત્ર સુધી પહોંચી શકે છે.

પ્રાચીન સમયમાં આ સંબંધ કદાચ આજ કરતાં પણ વધારે સીધો હતો. વરસાદ સમયસર આવે તો ખેડૂત ખેતરમાં બીજ વાવે, પાક ઊગે અને ગામનું જીવન સમૃદ્ધ બને. વરસાદ મોડો પડે અથવા ઓછો પડે તો અન્નની અછત ઊભી થઈ શકે. આથી વરસાદને માત્ર કુદરતી શક્તિ તરીકે નહીં પરંતુ જીવનદાતા તરીકે જોવામાં આવ્યો. વૈદિક સ્તોત્રોમાં વરસાદ, વાદળ, નદીઓ અને જળશક્તિ પ્રત્યેની કૃતજ્ઞતા જોવા મળે છે. ઈન્દ્ર અને પર્જન્ય જેવી દેવશક્તિઓ સાથે વરસાદને જોડવામાં આવ્યો હતો. કુદરત પ્રત્યે આદર રાખવાની માનસિકતા ભારતીય સંસ્કૃતિના મૂળમાં રહેલી છે.

**ચોમાસાએ ભારતીય ધાર્મિક જીવનને પણ વિશેષ રીતે ઘડ્યું છે. ચાતુર્માસ દરમિયાન અનેક ધાર્મિક વ્રતો, ઉપવાસો, કથાઓ, સત્સંગો અને તહેવારો આવે છે. શ્રાવણ માસમાં શિવભક્તિનું વિશેષ મહત્વ છે. ત્યારબાદ જન્માષ્ટમી, રક્ષાબંધન, ગણેશ ચતુર્થી, ઓણમ અને ભાદરવા તથા આસો સાથે જોડાયેલા અનેક પ્રાદેશિક તહેવારો આવે છે.**

ચોમાસાએ ભારતીય ધાર્મિક જીવનને પણ વિશેષ રીતે ઘડ્યું છે. ચાતુર્માસ દરમિયાન અનેક ધાર્મિક વ્રતો, ઉપવાસો, કથાઓ, સત્સંગો અને તહેવારો આવે છે. શ્રાવણ માસમાં શિવભક્તિનું વિશેષ મહત્વ છે. ત્યારબાદ જન્માષ્ટમી, રક્ષાબંધન, ગણેશ ચતુર્થી, ઓણમ અને ભાદરવા તથા આસો સાથે જોડાયેલા અનેક પ્રાદેશિક તહેવારો આવે છે. ચાતુર્માસ દરમિયાન સાધુ-સંતો એક જ સ્થળે રોકાઈને ધાર્મિક પ્રવચનો અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓ કરતા હોવાની પરંપરા પણ જોવા મળે છે. જૈન પરંપરામાં પણ વરસાદી ઋતુ દરમિયાન સાધુઓના એક સ્થળે નિવાસની પરંપરા છે. તેનું એક કારણ એ પણ માનવામાં આવે છે કે વરસાદ દરમિયાન જમીન પર અસંખ્ય સૂક્ષ્મ જીવોનું જીવન વધે છે અને અનાવશ્યક પ્રવાસથી તેમની હિંસા ટાળી શકાય.

આ રીતે ચોમાસાએ ભારતીય સમાજને એક પ્રકારની સામાજિક વિરામની સંસ્કૃતિ પણ આપી. પ્રાચીન સમયમાં ભારે વરસાદ દરમિયાન લાંબા અંતરની મુસાફરી મુશ્કેલ બનતી હતી. નદીઓમાં પૂર આવતાં, કાચા રસ્તાઓ કાદવથી ભરાઈ જતાં અને જંગલમાંથી પસાર થવું જોખમી બનતું. તેથી સાધુ-સંતો, યાત્રાળુઓ અને અન્ય મુસાફરો લાંબા પ્રવાસને બદલે એક જ સ્થળે રોકાતા. આ કુદરતી પરિસ્થિતિ ધીમે ધીમે ધાર્મિક પરંપરાનો ભાગ બની. એટલે ચાતુર્માસ માત્ર ધાર્મિક માન્યતા નથી, પરંતુ તેમાં પ્રાચીન ભારતીય સમાજના પર્યાવરણ સાથેના વ્યવહારની સમજ પણ છુપાયેલી છે.

ચોમાસાની અસર ભારતીય કલા અને સાહિત્ય પર પણ ઊંડી રહી છે. કવિઓએ વરસાદી વાદળો, વીજળી, મોરનો ટહુકો, ભીની માટીની સુગંધ અને નદીના પ્રવાહને કાવ્યના વિષય બનાવ્યા. સંગીતમાં મલ્હારની વિવિધ પરંપરાઓ વરસાદ સાથે જોડાયેલી છે. ભારતીય લઘુચિત્રોમાં પણ વરસાદી ઋતુના દૃશ્યો જોવા મળે છે. પ્રેમ, વિરહ અને પ્રકૃતિના સંવાદને વ્યક્ત કરવા માટે વરસાદને વિશેષ સ્થાન મળ્યું છે. લોકગીતોમાં પણ વાદળ અને વરસાદ જીવનના ભાવનાત્મક અનુભવ સાથે જોડાય છે. એટલે ચોમાસું માત્ર ખેતીનું ઋતુચક્ર નથી; તે ભારતીય સૌંદર્યબોધનો પણ એક મહત્વપૂર્ણ આધાર છે.

ચોમાસાએ ભારતની વસાહતો અને અર્થતંત્રના વિકાસને પણ અસર કરી છે. નદીઓ અને વરસાદના પાણીની ઉપલબ્ધતાએ અનેક પ્રાચીન વસાહતોને વિકસવાની તક આપી. ખેતી સાથે જોડાયેલા ગામો, તળાવો અને જળસંચયની પરંપરાઓ વિકસતી ગઈ. ગુજરાત જેવા અર્ધશુષ્ક વિસ્તારોમાં તો વરસાદના થોડા મહિનાના પાણીનું સંગ્રહણ આખા વર્ષના જીવન માટે મહત્વપૂર્ણ બન્યું. વાવ, તળાવ, કૂવા અને નાની જળસંચય વ્યવસ્થાઓ ભારતીય સમાજની જળબુદ્ધિના ઉદાહરણો છે.ચોમાસું ભારતના સામાજિક કેલેન્ડરને પણ અસર કરે છે. વરસાદી ઋતુમાં લોકોના ખોરાક, વસ્ત્રો, મુસાફરી અને દૈનિક વ્યવહારમાં ફેરફાર થાય છે. પરંપરાગત સમાજે ઋતુ પ્રમાણે જીવનશૈલીમાં ફેરફાર કરવાની પદ્ધતિ વિકસાવી હતી. ચાતુર્માસ દરમિયાન કેટલાક ખાદ્યપદાર્થોનો ત્યાગ, ઉપવાસ અને સાદું ભોજન જેવી પરંપરાઓ વિવિધ સંપ્રદાયોમાં જોવા મળે છે. આમાં ધાર્મિક માન્યતાઓ ઉપરાંત ઋતુજન્ય પરિસ્થિતિઓનો પણ પ્રભાવ રહ્યો હોઈ શકે છે.

પરંતુ આજના સમયમાં ચોમાસાનું સ્વરૂપ ઝડપથી બદલાતું જણાય છે. હવામાન પરિવર્તનના કારણે માત્ર વરસાદનું કુલ પ્રમાણ જ નહીં, પરંતુ વરસાદ ક્યારે પડે છે, કેટલો સમય પડે છે અને કેટલી તીવ્રતાથી પડે છે તે બાબતો પણ મહત્વની બની ગઈ છે.શહેરોમાં આ સમસ્યા વધારે ગંભીર બની છે. એક સમયે વરસાદનું પાણી જમીનમાં ઉતારતી ખુલ્લી જમીન, તળાવો અને નાળાઓ હતાં. આજે અનેક શહેરોમાં કોંક્રિટનું પ્રમાણ વધ્યું છે. કુદરતી જળમાર્ગો પર બાંધકામ થયું છે. પરિણામે ભારે વરસાદ પડે ત્યારે પાણી ઝડપથી રસ્તાઓ પર ભરાઈ જાય છે. એટલે ચોમાસાની સમસ્યા માત્ર આકાશની નથી; તે આપણા શહેરી આયોજનની પણ છે.

કૃષિ ક્ષેત્ર માટે બદલાતું ચોમાસું સૌથી મોટો પડકાર બની શકે છે. ખેડૂત માટે વરસાદનું પ્રમાણ જેટલું મહત્વનું છે એટલું જ તેનું સમયસર આવવું પણ મહત્વનું છે. વાવણી પછી લાંબો વરસાદવિરામ આવે તો પાકને નુકસાન થાય અને પાક તૈયાર થવાના સમયે અતિવૃષ્ટિ થાય તો ઊભો પાક બગડી શકે. આથી હવામાન આધારિત કૃષિ સલાહ, સુધારેલી સિંચાઈ વ્યવસ્થા, પાણીનો સંગ્રહ અને પાકની વિવિધતા હવે જરૂરી બની રહ્યા છે.

ચોમાસું ભારતની સંસ્કૃતિને જે રીતે ઘડતું આવ્યું છે તેમાંથી આધુનિક ભારતે ઘણું શીખવાની જરૂર છે. પ્રાચીન સમાજે વરસાદને જીતવાનો નહીં પરંતુ તેની

આભાર - નિહારીકા રવિયા સાથે જીવવાનો પ્રયાસ કર્યો હતો. તળાવો બનાવ્યાં, વરસાદી પાણીનો સંગ્રહ કર્યો, ઋતુ પ્રમાણે જીવન ગોઠવ્યું અને કુદરતી ચક્રને ધાર્મિક-સાંસ્કૃતિક મૂલ્યો સાથે જોડ્યું. આજે આધુનિક ટેક્નોલોજી હોવા છતાં જો આપણે જળસંચય અને પરંપરાગત જળવ્યવસ્થાને અવગણીએ તો ભારે વરસાદ એક તરફ પૂર અને બીજી તરફ ઉનાળામાં પાણીની અછત ઊભી કરી શકે છે.

ચોમાસાએ ભારતને માત્ર પાણી આપ્યું નથી; તેણે ભારતીય સમયબોધ, ધાર્મિકતા, કૃષિ, કલા, સંગીત, સાહિત્ય અને સામાજિક જીવનને એક વિશિષ્ટ લય આપી છે. વૈદિક પરંપરાથી લઈને આજના આધુનિક યુગ સુધી વરસાદી ચાર મહિના ભારતીય જીવનના કેલેન્ડરમાં વિશેષ સ્થાન ધરાવે છે. પરંતુ હવે ચોમાસું આપણને એક નવી ચેતવણી પણ આપે છે. જો હવામાન પરિવર્તનને ગંભીરતાથી નહીં સમજીએ, જળસ્રોતોનું સંરક્ષણ નહીં કરીએ અને શહેરો તથા ખેતીને બદલાતી વરસાદી પરિસ્થિતિ માટે તૈયાર નહીં કરીએ તો જે ચોમાસું સદીઓથી ભારતની સમૃદ્ધિનું આધારસ્તંભ રહ્યું છે તે જ ભવિષ્યમાં સંકટનું કારણ બની શકે છે.

આથી ચોમાસા પ્રત્યેની ભારતીય પરંપરાગત દૃષ્ટિને માત્ર ધાર્મિક વારસો માનીને ભૂલી જવાની જરૂર નથી. તેમાં પર્યાવરણ સાથે સંતુલિત જીવન જીવવાનો સંદેશ છે. પાણીનો સન્માન, વરસાદી પાણીનો સંગ્રહ, નદીઓ અને તળાવોની જાળવણી, જમીનમાં પાણી ઉતારવાની વ્યવસ્થા અને કુદરતી જળમાર્ગોનું રક્ષણ—આ બધું આધુનિક ભારત માટે પણ એટલું જ જરૂરી છે. ચોમાસું ભારતની સભ્યતાની સ્મૃતિ પણ છે અને ભવિષ્યની જવાબદારી પણ. ધરતી પર પડતું દરેક ટીપું આપણને યાદ અપાવે છે કે ભારતીય સંસ્કૃતિનું જીવન કુદરતથી અલગ નથી, પરંતુ કુદરત સાથેના સહઅસ્તિત્વમાંથી જ તેનું સાચું સ્વરૂપ ઊભું થયું છે.

# પેટ કમિન્સ ઝિમ્બાબ્વે સામેની વનડે શ્રેણી ગુમાવી શકે છે, કેપ્ટને પોતે એક મોટો સંકેત આપ્યો

મુંબઇ,
ઓસ્ટ્રેલિયાની ટેસ્ટ અને વનડે ટીમોના કેપ્ટન પેટ કમિન્સે તેમના આગામી સફેદ બોલના અભિયાનનો સંકેત આપ્યો છે, જેનાથી ઝિમ્બાબ્વે સામેની ODI શ્રેણીમાં તેમની હાજરી અંગે પ્રશ્નો ઉભા થયા છે. કમિન્સનું સંપૂર્ણ ધ્યાન દક્ષિણ આફ્રિકા સામેની ટેસ્ટ શ્રેણી પર છે, અને પરિણામે, તે ઝિમ્બાબ્વે પ્રવાસમાંથી અમુક અથવા બધી મેચ ગુમાવી શકે છે.

ઓસ્ટ્રેલિયા સપ્ટેમ્બરમાં ઝિમ્બાબ્વે સામે ત્રણ વનડે મેચ રમવાનું છે. આ મેચો ૧૫, ૧૮ અને ૨૦ સપ્ટેમ્બરે યોજાશે. ત્યારબાદ ટીમ દક્ષિણ આફ્રિકાનો પ્રવાસ કરશે, જ્યાં વનડે શ્રેણી પછી ટેસ્ટ મેચ રમાશે. કમિન્સે સંકેત આપ્યો કે તે આ છ વનડેમાંથી વધુમાં વધુ બે કે ત્રણ જ રમી શકે છે.બાંગ્લાદેશ સામેની બીજી ટેસ્ટમાં ઓસ્ટ્રેલિયાની બે દિવસીય જીત બાદ, કમિન્સે જણાવ્યું હતું કે તેનું ધ્યાન ટેસ્ટ શ્રેણીની તૈયારી પર રહેશે. તેમણે સમજાવ્યું કે ટીમના ઝડપી બોલરોને બોલિંગમાંથી વિરામ આપવામાં આવી શકે છે, જ્યારે ફિટનેસ અને જીમનું કામ ચાલુ રહેશે. જો તે ઝિમ્બાબ્વે સામે નહીં રમે, તો તેની પાસે તૈયારી માટે એક વધારાનો અઠવાડિયું પણ હોઈ શકે છે.



કમિન્સ લાંબા સમયથી વનડે ક્રિકેટમાં ખૂબ સક્રિય નથી. ૨૦૨૩ 'ૹૈં વર્લ્ડ કપમાં અમદાવાદમાં ઓસ્ટ્રેલિયાને ભારત સામે વિજય અપાવ્યા પછી તેણે આ ફોર્મેટમાં ફક્ત બે મેચ રમી છે. આ સમયગાળા દરમિયાન, સ્ટીવ સ્મિથ, મિશેલ માર્શ અને જોશ ઇંગ્લીસે ઓસ્ટ્રેલિયન વનડે ટીમનું નેતૃત્વ કર્યું છે. જોકે, કમિન્સ ટીમના સત્તાવાર વનડે કેપ્ટન રહે છે.

મિશેલ સ્ટાર્ક અને જોશ હેઝલવુડ દક્ષિણ આફ્રિકા સામેની વનડે શ્રેણીમાં કમિન્સ સાથે રમવાની અપેક્ષા છે. સ્ટાર્ક અને હેઝલવુડે એવો પણ સંકેત આપ્યો છે કે તેઓ ટેસ્ટ શ્રેણી પહેલા થોડી વનડે રમી શકે છે. ઓસ્ટ્રેલિયા માટે આ તૈયારી ખૂબ જ મહત્વપૂર્ણ છે, કારણ કે ૨૦૨૭ ના મોટાભાગની'ૹૈં વર્લ્ડ કપ મેચ દક્ષિણ આફ્રિકામાં રમાશે, જેમાં કેટલીક મેચ ઝિમ્બાબ્વે અને નામિબિયામાં રમાશે.

કમિન્સે જણાવ્યું હતું કે ઓસ્ટ્રેલિયાના ઝડપી બોલરો બાંગ્લાદેશ સામેની ટેસ્ટ શ્રેણીમાંથી કોઈ મોટી સમસ્યા વિના બહાર આવ્યા હતા. જોકે, ડાર્વિન ટેસ્ટ દરમિયાન તેમને ક્યારેક ક્યારેક તેમના પગના અંગૂઠામાં દુખાવો થતો હતો. આમ છતાં, તેમણે અને અન્ય બોલરોએ બંને ટેસ્ટમાં સતત બોલિંગ કરી.

# ભારત સામે T20 સિરીઝ માટે અફઘાનિસ્તાનની ટીમ જાહેર

મુંબઇ,
અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડે ભારત સામે સપ્ટેમ્બરમાં રમાનારી ત્રણ મેચની ્૨૦ સિરીઝ માટે ટીમની જાહેરાત કરી છે. ઇબ્રાહિમ ઝદરાનને કેપ્ટન, જ્યારે રાશિદ ખાન, રહેમાનુલ્લાહ ગુરબાઝ અને મોહમ્મદ નબી જેવા અનુભવી ખેલાડીઓને પણ ટીમમાં સ્થાન મળ્યું છે.




સિરીઝની અંતિમ તારીખો હજુ નક્કી થઈ નથી. અગાઉ ૧૩, ૧૫ અને ૧૭ સપ્ટેમ્બરની તારીખો નક્કી કરવામાં આવી હતી. હવે અફઘાનિસ્તાન બોર્ડે મ્ઝ્રૈંને ૧૧, ૧૩ અને ૧૪ સપ્ટેમ્બરના રોજ મેચ યોજવાનો પ્રસ્તાવ મોકલ્યો છે.

ત્રણેય મેચ નવી દિલ્હીના અરુણ જેટલી ક્રિકેટ સ્ટેડિયમમાં રમાવાની છે. આ સિરીઝ ખાસ છે કારણ કે અફઘાનિસ્તાન પ્રથમ વખત ભારત સામે દ્વિપક્ષીય ્૨૦ સિરીઝની યજમાની કરશે, જોકે તમામ મેચ ભારતમાં રમાશે.

અફઘાનિસ્તાનની ટીમ: ઇબ્રાહિમ ઝદરાન (કેપ્ટન), રહેમાનુલ્લાહ ગુરબાઝ (વિકેટકીપર), સેદીકુલ્લાહ અટલ, દરવિશ રસૂલી, અઝમતુલ્લાહ ઓમરઝાઈ, ગુલબદીન નઈબ, નૂર રહેમાન, મોહમ્મદ નબી, રાશિદ ખાન, નાંગ્યાલ ખરોટે, મુજીબ ઉર રહેમાન, નૂર અહમદ, ફઝલહક ફારૂકી, નવીન ઉલ હક અને અબ્દુલ્લાહ અહમદઝાઈ.

# શાહિદ કપૂરના સહ-અભિનેતા રોહુલ્લાહ મેહદી પર ડ્રગ્સની હેરાફેરીનો આરોપ

મુંબઇ,
બોલીવુડ ફિલ્મ "દેવા" માં શાહિદ કપૂર સાથે કામ કરનાર અભિનેતા અને મોડેલ રોહુલ્લાહ મેહદી પર ડ્રગ્સની હેરાફેરીનો આરોપ મૂકવામાં આવ્યો છે. મુંબઈમાં કાશીમીરા પોલીસની ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ડ્રગ સંબંધિત એક ગંભીર કેસમાં તેની ધરપકડ કરવામાં આવી છે. આ કાર્યવાહી દરમિયાન, પોલીસે અભિનેતા રોહુલ્લાહ મેહદી પાસેથી આશરે ૫.૬૦ લાખની કિંમતનું ૨૮ ગ્રામ સ્ઙ્ઘ જપ્ત કર્યું. તેને મલાડમાં એક સ્ટુડિયોની બહાર ધરપકડ કરવામાં આવી હતી જ્યાં તે શૂટિંગ કરી રહ્યો હતો. તેને પાંચ દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલવામાં આવ્યો છે, અને તપાસ ચાલુ છે. આ કેસમાં



તેનું નામ મુખ્ય આરોપી તરીકે રાખવામાં આવ્યું છે. પોલીસને સ્નેપચેટ અને વોટ્સએપ જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ દ્વારા કાર્યરત કથિત ડ્રગ નેટવર્ક વિશે માહિતી મળી હતી, જેના કારણે તપાસ શરૂ થઈ.આ ડ્રગ ટ્રાફિકિંગ કેસમાં એફઆઈઆર નંબર ૪૩૭/૨૦૨૬ નોંધવામાં આવ્યો છે, જેમાં અભિનેતા અને મોડેલ રોહુલ્લાહ મેહદી ઉર્ફે રોહુનું નામ આરોપી તરીકે છે. કાશીમીરા પોલીસ સ્ટેશનની ક્રાઈમ ડિટેક્શન બ્રાન્ચના અધિકારી સંજય લોખંડેએ સમગ્ર કામગીરી વિશે માહિતી આપી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, તેમને સ્નેપચેટ, વોટ્સએપ અને અન્ય સોશિયલ મીડિયા એપ્સ દ્વારા સ્ઙ્ઘ ડ્રગ્સના વેચાણ વિશે માહિતી મળી હતી. આ પછી, પોલીસે નકલી ગ્રાહકનો ઉપયોગ કરીને છટકું ગોઠવ્યું.

ઓપરેશન દરમિયાન, કાસિફ નામના વ્યક્તિને દહિસર ચેક નાકા વિસ્તારમાં ઠાકુર મોલમાં ૨૮ ગ્રામ એમડી ડ્રગ્સ પહોંચાડવા માટે બોલાવવામાં આવ્યો હતો. કાસિફની અટકાયત કર્યા પછી, પોલીસે તેની પૂછપરછ કરી. પૂછપરછ દરમિયાન, પોલીસે જણાવ્યું કે રોહુલ્લાહ મહેદીનું નામ સામે આવ્યું. ત્યારબાદ, કાશીમીરા પોલીસે મલાડમાં એક સ્ટુડિયોની બહાર ગોળીબાર દરમિયાન રોહુલ્લાહ મહેદીની ધરપકડ કરી.

# ઈમરાન ખાનને યોગ્ય સારવાર મળવી જોઈએ ૨૧ ભૂતપૂર્વ કેપ્ટનોનો શાહબાઝ શરીફને પત્ર

મુંબઇ,
વિશ્વભરના એકવીસ ભૂતપૂર્વ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કેપ્ટનોએ પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફને ભૂતપૂર્વ વડા પ્રધાન અને વર્લ્ડ કપ વિજેતા કેપ્ટન ઈમરાન ખાન માટે યોગ્ય સારવાર અને આરોગ્યસંભાળ માટે અપીલ કરી છે, જે પાકિસ્તાનમાં જેલમાં છે. આ અપીલમાં ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન સુનીલ ગાવસ્કર, કપિલ દેવ અને દિલીપ વેંગસરકરનો પણ સમાવેશ થાય છે. આ પહેલનું નેતૃત્વ ભૂતપૂર્વ ઓસ્ટ્રેલિયન કેપ્ટન ગ્રેગ ચેપલ દ્વારા કરવામાં આવ્યું હતું. ઈમરાન ખાન માટે માનવીય



સારવાર અને યોગ્ય તબીબી સંભાળની માંગ કરતા ભૂતપૂર્વ આંતરરાષ્ટ્રીય કેપ્ટનોનો આ બીજો પત્ર છે.

પૂર્વ કેપ્ટનોએ પાકિસ્તાન સરકારને અપીલ કરી છે કે સુપ્રીમ કોર્ટના નિર્દેશો પર રચાયેલા મેડિકલ બોર્ડને ઈમરાન ખાનના સ્વાસ્થ્યનું સ્વતંત્ર મૂલ્યાંકન પૂર્ણ કરવાની મંજૂરી આપવામાં આવે. આ બોર્ડમાં ઈમરાન ખાનના અંગત ડોકટરોનો સમાવેશ થાય છે. પત્રમાં ખાસ કરીને ઈમરાન ખાનની જમણી આંખમાં દ્રષ્ટિ ગુમાવવાના અહેવાલો પર ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. ભૂતપૂર્વ કેપ્ટનોએ જણાવ્યું હતું કે તેમના સ્વાસ્થ્યની સ્થિતિની સંપૂર્ણ અને સ્વતંત્ર તપાસ જરૂરી છે.

સાપ્તાહિક કૌટુંબિક બેઠકોમાં એવી પણ માંગ કરવામાં આવી હતી કે સુપ્રીમ કોર્ટ દ્વારા પુનઃસ્થાપિત સાપ્તાહિક કૌટુંબિક બેઠકો કોઈપણ વિક્ષેપ વિના ચાલુ રહે. તેઓએ તબીબી તપાસમાં ભલામણ કરાયેલ કોઈપણ સારવાર વિલંબ વિના ઉપલબ્ધ કરાવવાની પણ અપીલ કરી.

પૂર્વ કેપ્ટનોએ સ્પષ્ટતા કરી કે તેઓ પાકિસ્તાનની સ્થાનિક કાનૂની પ્રક્રિયામાં દખલ કરવા માંગતા નથી.

# કેરળની સુંદરી કાઝિયા મેજોને મિસ યુનિવર્સ ઈન્ડિયા ૨૦૨૬નો તાજ પહેરાવવામાં આવ્યો

જયપુર,
મિસ યુનિવર્સ ઈન્ડિયા ૨૦૨૬ સ્પર્ધાનો ગ્રાન્ડ ફિનાલે જયપુરના પિંક સિટીમાં યોજાયો હતો. આ સૌંદર્ય સ્પર્ધામાં ૫૨ સુંદરીઓએ ભાગ લીધો હતો. સ્પર્ધકોને ન્યાય આપવા માટે એક ખાસ સમિતિની રચના કરવામાં આવી હતી, જેમાં મનોરંજન જગતના જાણીતા ચહેરાઓનો સમાવેશ થતો હતો. બોલીવુડ અભિનેત્રીઓ સુષ્મિતા સેન, ઉર્વશી રૌતેલા અને સેલિના જેટલીએ ન્યાયાધીશો તરીકે સેવા આપી હતી. ટોચના પાંચ ફાઈનલિસ્ટમાં તમિલનાડુની વૈષ્ણવી, ગુજરાતની અનુશ્રી સાતવલેકર, મહારાષ્ટ્રની તેજસ્વિની શ્રીવાસ્તવ, કેરળની



કૈઝિયા લિઝ માજો અને ઉત્તરાખંડની અનુભા વશિષ્ઠનો સમાવેશ થતો હતો. બપોરે ૨:૫૦ વાગ્યે વિજેતાની જાહેરાત કરવામાં આવી હતી, અને કેરળની કૈઝિયા લિઝ માજોને મિસ યુનિવર્સ ઈન્ડિયા ૨૦૨૬નો તાજ પહેરાવવામાં આવ્યો હતો.

સૌંદર્ય સ્પર્ધાના અંતિમ રાઉન્ડમાં, સ્પર્ધકોએ નિર્ણાયકો સમક્ષ ૪૦-સેકન્ડની સમાપન ટિપ્પણી રજૂ કરવાની હતી, જેમાં પાંચેય ફાઇનલિસ્ટે જીવન, પડકારો અને ભવિષ્ય પર પોતાના દ્રષ્ટિકોણ શેર કર્યા હતા. તેમના સમાપન ટિપ્પણીથી, કાઝિયા લિઝ માજોએ સમિતિને પ્રભાવિત કરી અને આ વર્ષનો ખિતાબ જીત્યો. મિસ યુનિવર્સ ઈન્ડિયા ૨૦૨૫ વિજેતા મનિકા વિશ્વકર્મા કેરળની કાઝિયાને તાજ પહેરાવ્યો, અને કાઝિયા આ ક્ષણે ખૂબ જ ભાવુક થઈ ગઈ.કેરળની કાઝિયાનો સામનો તમિલનાડુની વૈષ્ણવી સાથે થયો હતો, જે તેની સાથે ટોચના બેમાં રહી હતી અને પછી પ્રથમ રનર-અપ બની હતી. ગુજરાતની અનુશ્રી સાતવલેકર બીજા રનર-અપ, મહારાષ્ટ્રની તેજસ્વિની શ્રીવાસ્તવ ત્રીજા રનર-અપ અને ઉત્તરાખંડની અનુભા વશિષ્ઠ ચોથા રનર-અપ રહી હતી. આ વર્ષની વિજેતા, કેરળની કાઝિયા લિઝ માજો હવે આ વર્ષના અંતમાં પ્યુઅર્ટો રિકોમાં યોજાનારી ૭૫મી મિસ યુનિવર્સ સ્પર્ધામાં ભાગ લેશે અને સ્પર્ધામાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે.અભિનેત્રી સુષ્મિતા સેનને સેલિના જેટલી અને ઉર્વશી રૌતેલા સાથે મિસ યુનિવર્સ ઈન્ડિયા ૨૦૨૬ માટે નિર્ણાયક પેનલમાં સામેલ કરવામાં આવી હતી.

# આદિત્ય સીલ-અનુષ્કા રંજનના ઘરે જોડિયા દીકરીઓનું આગમન

મુંબઇ,
બોલિવૂડ એક્ટર આદિત્ય સીલ અને અનુષ્કા રંજન માતા-પિતા બન્યા છે. અનુષ્કાએ ૨૩ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ જોડિયા દીકરીઓને જન્મ આપ્યો. કપલે સોશિયલ મીડિયા પર ખુશખબર શેર કરીને દીકરીઓના નામ પણ જાહેર કર્યા છે.કપલે પોતાની દીકરીઓના નામ 'વીરા રંજન સીલ' અને 'માહી રંજન સીલ' રાખ્યા છે. આદિત્ય સીલે ખાસ કાર્ડ શેર કરીને પોતાની ખુશી વ્યક્ત કરી હતી.

આદિત્ય સીલે લખ્યું કે, તેમની 'સનશાઇન' તેમના જીવનને રોશન કરવા આવી છે. તેમણે દીકરીઓના આગમન પર પ્રેમ અને આભાર વ્યક્ત કરતાં લખ્યું, 'વીરા અને માહી, ટીમ ગર્લ.'

અનુષ્કા રંજને પોતાની યુટ્યુબ ચેનલ પર IVF ટ્રીટમેન્ટ અંગે વાત કરી હતી. તેણે જણાવ્યું હતું કે માતા બનવાની સફર સરળ નહોતી અને સારવાર દરમિયાન તેને અનેક ઇન્જેક્શન લેવા પડ્યા હતા. વર્ષ ૨૦૨૩થી તે ફેમિલી પ્લાનિંગ અંગે વિચાર કરી રહી હતી અને ત્યારબાદ ડોક્ટરની સલાહ લીધી હતી.



આદિત્ય સીલ અને અનુષ્કા રંજનની પહેલી મુલાકાત જૂન ૨૦૧૭માં એક NGOના કાર્યક્રમ દરમિયાન થઈ હતી. ત્યારબાદ બંને વચ્ચે મિત્રતા અને પછી સંબંધ બંધાયો. કેટલાક વર્ષો સુધી ડેટિંગ કર્યા બાદ બંનેએ નવેમ્બર ૨૦૨૧માં મુંબઈમાં લગ્ન કર્યા હતા.

આદિત્ય સીલે બાળ કલાકાર તરીકે 'એક છોટી સી લવ સ્ટોરી'થી અભિનયની શરૂઆત કરી હતી. બાદમાં તે 'તુમ બિન ૨', 'સ્ટુડન્ટ ઓફ ધ યર ૨', 'ઈન્દુ કી જવાની' અને 'રોકેટ ગેંગ' જેવી ફિલ્મોમાં જોવા મળ્યો હતો.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| મા | વિ | ર | મો | ત | બા | જ્ઞા | ળ | કી | ગ | મ | આ |
| સ | ખ | ણ | ફ | ગ | કા | દા | ન | એ | ખ | બ | કા |
| ડો | ર | ઔ | ર | પ્રા | મ | ધ | લી | ગુ | મ | ના | મ |
| બં | ચા | દા | આ | ધ | દ | ન | લ | દ | ચ | મો | ળ |
| તા | પ | સ | ત | દા | કા | ર | રો | મ | ગ | મ | ગં |
| ડ | મ | રી | ર | ળ | બા | ળ | ચી | ઈ | ઝ | ડો | કા |
| કા | ઊ | વ | ર | ગં | દ | જી | ક્ષ | ર | લ | બૂ | લા |
| ક | શિ | ખ | ચ | ક | ર | ક | ક | ડ | બિ | રા | ક |
| બ | લ | ક | ફ | જ | લ | ર | મ | બ | ઈ | શિ | ગુ |
| ગુ | ચા | ત | ઓ | ર | ર | રો | કા | સ | ક્ષ | લા | ળ |
| ર | મા | ત | ર | ઈ | ખ | હિ | અ | ણ | મ | અ | મા |
| વિ | પ્રા | ન | દ | ર | દ | સા | વ | દ | ઓ | સ | સ |

શબ્દ શોધો: ગઝલ, ગુમનામ, ગુમાન, ગુલામ, ચકચાર, ચમચી, જ્ઞાન, ડમરી, ડમરો, તાપસ

# આસીમે તેની પૂર્વ ગર્લફ્રેન્ડ હિમાંશી પર ધર્મના નામે નકારાત્મકતા ફેલાવવાનો આરોપ લગાવ્યો

મુંબઇ,
આસીમ રિયાઝે તેની ભૂતપૂર્વ ગર્લફ્રેન્ડ હિમાંશી ખુરાનાની તાજેતરની ટિપ્પણી પર પ્રતિક્રિયા આપી છે જેમાં તેણીએ તેમના ભૂતકાળના સંબંધો વિશે વાત કરી હતી. આસીમે ઇનકાર કર્યો હતો કે તેણે ક્યારેય હિમાંશીને ધર્મ પરિવર્તન કરવા અથવા ધર્મ બદલવા માટે કહ્યું હતું. પારસ છાબડાના પોડકાસ્ટ પર હિમાંશીએ તેમના સંબંધો અને ધાર્મિક માન્યતાઓમાં તફાવતો વિશે ચર્ચા કર્યાના થોડા દિવસો પછી આસીમનો આ જવાબ આવ્યો. રવિવારે, આસીમે એક લાંબી ઇન્સ્ટાગ્રામ નોટમાં આ મુદ્દા પર વાત કરી. હિમાંશીનું નામ લીધા વિના, તેણે દાવો કર્યો કે ધર્મનો ઉપયોગ તેના વિશે નકારાત્મકતા ફેલાવવા માટે થઈ રહ્યો છે અને તેણીને વિનંતી કરી કે તે કોઈ વ્યક્તિગત બાબતને જાહેર વિવાદમાં ન ફેરવે.

આસીમ રિયાઝે લખ્યું, "મેં ક્યારેય કોઈને ધર્મ બદલવા માટે કહ્યું નથી. એક વાર પણ નહીં. હકીકતમાં, હું જ હતો જેણે તમને ફિટનેસ માટે પ્રેરણા આપી હતી. તમે મને મળ્યા પછી જ આ આકારમાં આવ્યા. તે પહેલાં, બધા જાણતા હતા કે તમે કેવા દેખાતા હતા. તેથી કૃપા કરીને, ધર્મનો હથિયાર તરીકે ઉપયોગ ન કરો." આ એક ખૂબ જ સંવેદનશીલ વિષય છે, અને આટલી વ્યક્તિગત વસ્તુને



મારા માટે નફરતના સ્રોતમાં ફેરવવી એ બાલિશતા છે અને દર્શાવે છે કે તમે ધ્યાન માટે કેટલા નીચા જવા તૈયાર છો.

આ જ પોસ્ટમાં, આસીમે આગળ કહ્યું, "અને મારા કરિયરની વાત કરીએ તો, મને ક્યારેય કોઈની જરૂર પડી નથી કે તે કોઈના યોગદાન વિના તેને બનાવશે કે તેનો શ્રેય લેશે. કોની પાસે વધુ પૈસા છે અને કોની પાસે ઓછા? સારું, જો તમે ખરેખર જાણવા માંગતા હો, તો તમે તમારા બેંક સ્ટેટમેન્ટમાંથી શોધી શકો છો, પરંતુ પૈસા ક્યારેય ચારિત્ર્યનું માપદંડ નથી. ચારિત્ર્ય એ સ્તર દ્વારા પ્રગટ થાય છે કે તમે ધ્યાન, મહત્વ અથવા થોડા વધુ વ્યૂ માટે કેટલા ઝૂકવા તૈયાર છો."

હોસ્ટ પારસ પર કટાક્ષ કરતા, આસીમે કહ્યું, "અને માઇક્રોફોન પાછળ બેઠેલા તે માણસને, જે ડુક્કરની જેમ પેટ બહાર કાઢીને બેઠો છે અને ગપસપને પોતાનો વ્યવસાય બનાવી લીધો છે." ભાઈ, હું આદરપૂર્વક કહીશ કે, અન્ય લોકોના જીવનની ચર્ચા કરવામાં ઓછો સમય અને જીમમાં વધુ સમય વિતાવો.'

હિમાંશીએ પારસ છાબડાને કહ્યું કે તે આ પરિસ્થિતિને ધાર્મિક પરિવર્તન નહીં કહે. તેણીએ સમજાવ્યું કે તેના ભૂતપૂર્વ જીવનસાથીએ તેણીને તેના ધર્મમાં રહેલી સારી બાબતો વિશે વાત કરી હતી અને ઇચ્છતો હતો કે તે તેને સમજે અને અપનાવે. તેણીએ કહ્યું, "હું તેને ધર્મ પરિવર્તન નહીં કહું, પરંતુ તે તેણીને તેના ધર્મ વિશેની સારી બાબતો કહી રહ્યો હતો, તેણીને બધું જ કહી રહ્યો હતો. તે સારી વાત છે. તે ઇચ્છતો હતો કે હું સારી બાબતો સમજીશ અને અપનાવીશ, પરંતુ હું તે માટે સંમત ન હતી." જોકે વાતચીત દરમિયાન હિમાંશીએ આસીમનું નામ લીધું ન હતું, તેના શબ્દો તેમના ભૂતકાળના સંબંધો સાથે જોડાયેલા હતા.

# રાજકોટ બાર એસો. દ્વારા નેશનલ લીગલ સેમિનાર યોજાયો :વકીલોએ વિવિધ મુદ્દે માર્ગદર્શન મેળવ્યું

## સુપ્રીમ કોર્ટનાં પૂર્વ ચીફ જસ્ટિસ બી. આર. ગવઈ સહિતના કાયદાના તેજજ્ઞોએ જ્ઞાન પીરસ્યું





રાજકોટ,
રાજકોટમાં નેશનલ લીગલ સેમિનાર યોજાયો હતો. જેમાં સુપ્રીમ કોર્ટનાં પૂર્વ ચીફ જસ્ટિસ બી. આર. ગવઈએ પ્રોફેશનલ એથીકસ ઈન લીગલ પ્રેકટીસ વિષય પર વકીલોને માર્ગદર્શિત કર્યાં હતા જયારે ક્રીમીનલ ઈક્વાયરી, ગુજરાત લેન્ડ રેવન્યુ કોડ, ડિજિટલ એવીડન્સ, વેલ્યુ ટુ ડેટા પ્રાઈવેસી ઈન ટ્રાયલ કોર્ટ તથા એડવોકેસી ઈન એઆઈ એઈજ સહિતના મહત્વના મુદ્દા પર દેશ ભરમાંથી આવેલા કાયદાના તેજજ્ઞોએ જ્ઞાન પીરસ્યું હતું.

રાજકોટ બાર એસો. દ્વારા આ નેશનલ લીગલ સેમિનાર માટે તડામાર તૈયારીઓ કરવામાં આવી હતી. કાર્યક્રમમાં સુપ્રીમ કોર્ટના પૂર્વ ચીફ જસ્ટિસ બી. આર. ગવઈ મુખ્ય મહેમાન બન્યા હતા. આ ઉપરાંત હાઈકોર્ટના બે ન્યાયાધીશો ઈલેશ વોરા અને એચ. ડી. સુથારે પણ વકીલોનું માર્ગદર્શન કર્યું હતું. આ સિવાય દેશના પ્રખ્યાત સિનિયર ધારાશાસ્ત્રીઓએ પણ વકીલોને માર્ગદર્શન આપ્યું હતું.

ગુજરાતના સિનિયર ધારાશાસ્ત્રી સુધીરભાઈ નાણાવટી, બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના પૂર્વ ચેરમેન જે. જે. પટેલ, બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયાના મેમ્બર મહારાષ્ટ્રના સતિષ દેશમુખ, ઓરિસ્સાના ભકતા ભુષણ, ઉત્તરાખંડના ડી.કે. શર્મા, ઝારખંડના પ્રશાંત સિંઘ સહિતના પ્રખ્યાત ધારાશાસ્ત્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. અલગ અલગ વિષયો ઉપર આ નેશનલ લીગલ સેમીનારનું આયોજન રાજકોટના કાલાવડ રોડ પર આવેલ આત્મીય કોલેજ ખાતે કરવામાં આવેલ હતું.

સવારના ૯૦૦ કલાક થી સાંજના ૬૩૦ વાગ્યાં સુધી અલગ અલગ વિષય ઉપર વકતાઓ દ્વારા લેકચર આપવામાં આવ્યું હતું. સુપ્રીમ કોર્ટના ભૂતપૂર્વ ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા બી. આર. ગવઈએ વકીલોને પ્રોફેશનલ એથીક્સ ઈન લીગલ પ્રેકટીસ વિષય પર અને ગુજરાત હાઈકોર્ટના જસ્ટિસ એચ. ડી. સુથારે બેઈલ/જામીન અરજી અંગેની કાર્યવાહી ઉપર લેક્ચર આપ્યું હતું.

આ ઉપરાંત વિવિધ તેજજ્ઞોએ ધી ઈમ્પોર્ટન્સ ઓફ રજીસ્ટ્રેશ એન્ડ લીગલ રીકવાઈરમેન્ટસ એન્ડ રીગાર્ડસ ટાન્જેકશન ઓફ ઈમુવેબલ પ્રોપર્ટી એન્ડ અમેન્ડમેન્ટ રીકવાયર્ડ ટુ સેફ ગાર્ડ પર્ચેજર્સ તથા ક્રીમીનલ ઈક્વાયરી, તથા સ્કોપ એન્ડ એસ્ટેન્ત ઓફ એ પ્રીલીમીનરી બીફોર રજીસ્ટ્રેશન ઓફ એફઆઈઆર તથા ગુજરાત લેન્ડ રેવન્યુ કોડ, તથા ડીકોડીંગ, ડીજીટલ એવીડન્સ અન્ડર બીએનએસએસ એન્ડ બીએસએ ફોમ હેઝ વેલ્યુ ટુ ડેટા પ્રાઈવેસી ઈન ટ્રાયલ કોર્ટ તથા એડવોકેસી ઈન એ આઈ એઈજ વિગેરે મહત્વના વિષયો/ટોપીક ઉપર કાયમી ધોરણે ઉપયોગમાં આવે તેવી વકતા દ્વારા માહિતી આપવામાં આવી હતી.કાર્યક્રમમાં ધારાસભ્ય ડૉ.દર્શિતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, આત્મીય સંસ્થાના સંતો, બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના મેમ્બરો સહિતના મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા.

# શનિવારે રાજકોટમાં ધારાસભ્ય રમેશભાઈ ટીલારા દ્વારા વિનામૂલ્યે 'મેગા સર્વ રોગ નિદાન કેમ્પ'

## એઈમ્સ હોસ્પિટલના નિષ્ણાંત તબીબો સેવા આપશે : સ્વ. કિશોરભાઈના નામથી વન અને ચેકડેમનું પણ નિર્માણ કરાશે

રાજકોટ,
સ્વ. શ્રી કિશોરભાઈ ટીલારાની દ્વિતીય વાર્ષિક પુણ્યતિથિને જનસેવાના કાર્ય સાથે ઉજવવા ધારાસભ્યશ્રી રમેશભાઈ ટીલારા દ્વારા વિશાળ વિનામૂલ્યે 'મેગા સર્વ રોગ નિદાન કેમ્પ 'નું આયોજન કરવામાં આવ્યુંથ છે. એઈમ્સ હોસ્પિટલ, રાજકોટના સંયુક્ત સહયોગથી તા. ૨૯ ઓગસ્ટ, શનિવારના રોજ સવારે ૮ થી બપોરે ૧ વાગ્યા સુધી પટેલવાડી (વાણીયાવાડી), જલારામ ચોક, રાજકોટ ખાતે આ વિશાળ મેગા મેડિકલ કેમ્પ યોજાશે.

આ મેગા મેડિકલ કેમ્પમાં એઈમ્સ હોસ્પિટલ રાજકોટની પ્રતિષ્ઠિત ડોક્ટર્સની ટીમ તેમજ વિવિધ રોગોના જાણીતા સુપર સ્પેશિયાલિસ્ટો ડોક્ટર્સ પોતાની માનદ સેવાઓ આપશે. એક જ સ્થળે વિવિધ રોગોના નિદાન, તબીબી તપાસ, નિષ્ણાત માર્ગદર્શન તથા સારવાર અંગેની સલાહ મળી રહે તે માટે કેમ્પમાં વિશાળ તબીબી વ્યવસ્થા કરવામાં આવી હોવાનું યાદીમાં જણાવાયું છે.

કેમ્પેમાં હૃદયરોગ, બ્લડ પ્રેશર અને હાર્ટ બીટ્સ ની તકલીફો.બાળરોગો, ન્યુમોનિયા તથા ડેન્યુ -મેલેરિયા.જનરલ મેડિસિન, ડાયાબિટીસ, થાઈરોઈડ તથા પથરી સહિતના રોગોનું નિદાન કરવામાં આવશે.

કેમ્પમાં આવનાર દર્દીઓની સુવિધા માટે સરકારશ્રીની યોજનાઓ હેઠળ 'આયુષ્માન કાર્ડ' તથા વરિષ્ઠમ નાગરિકો માટે 'વયવંદના કાર્ડ' સ્થળ પર જ કાઢી આપવાની વિશેષ વ્યવસ્થા પણ કરવામાં આવી છે. જેના માટે આધારકાર્ડ, મામલતદારનો આવકનો દાખલો, રેશનકાર્ડ તથા રજિસ્ટર્ડ મોબાઈલ નંબર તેમજ આધારકાર્ડ, રેશનકાર્ડ તથા રજિસ્ટર્ડ મોબાઈલ નંબર સાથે લાવવા જણાવાયું છે.

સ્વ. કિશોરભાઈ ટીલારાની સ્મ્ળતિમાં આરોગ્ય સાથે પર્યાવરણ અને જળસંચય ક્ષેત્રે પણ લોકસેવા સ્વ. શ્રી કિશોરભાઈ ટીલારાની સ્મતિને માત્ર પુણ્યતિથિ પૂરતી સીમિત ન રાખી, તેમના સેવાભાવને જનહિતના કાયમી કાર્યો સાથે જોડવાના સંકલ્પના ભાગરૂપે 'કિશોરભાઈ વન'નું નિર્માણ તેમજ 'કિશોરભાઈ ચેકડેમ'નું નિર્માણ કરવામાં આવશે.

# માળીયા મિયાણાના વવાણીયા ગામે સ્મશાનમાં હિન્દુ દેવી-દેવતાની મૂર્તિ ખંડિત કરી નખાતા ફરિયાદ

## હિંદુઓનો પવિત્ર શ્રાવણ માસ અને તહેવારો ચાલી રહ્યા છેને ત્યારે જ હિંદુઓની લાગણી દુભાઈ તેવુ અજાણ્યા ઈસમો દ્વારા હીન કાર્ય:જ્ઞાનનગરીમાં બનેલી ઘટના અંગે ગામના સામાજિક આગેવાને ફરિયાદ નોંધાવી





ધર્મેન્દ્ર વ્યાસ દ્વારા મોરબી :માળીયા મિયાણા તાલુકાના ધર્મભૂમિ ગણાતા વવાણીયા ગામમાં જ્ઞાનનગરીમાં આવેલ સ્મશાનગૃહમાં કોઈ અજાણ્યા ઈસમો દ્વારા હિન્દૂ દેવી-દેવતાઓની મૂર્તિ જાણી જોઈને ખંડિત કરી હિન્દુ સમાજની લાગણી દુભાવવામાં આવતા બનાવ અંગે ગામના સામાજિક આગેવાને અજાણ્યા ઈસમ વિરુદ્ધ માળીયા મિયાણા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ માળીયા મિયાણા તાલુકાના વવાણીયા ગામના સામાજિક આગેવાન અને ખેડૂત અશ્વિનસીહ મેઘુભા પરમાર દ્વારા માળીયા મિયાણા પોલીસ મથકમાં અજાણ્યા ઈસમો વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે. ફરિયાદમાં જણાવ્યા મુજબ અજાણ્યા ઈસમો દ્વારા વવાણીયા ગામના જ્ઞાનનગરીમાં આવેલ હિન્દુ સ્મશાનમાં ગત તા. ૧૮જૂનથી ૧૫ ઓગસ્ટના સમયગાળા દરમિયાન સ્મશાનમાં ગેરકાયદેસર પ્રવેશ કરી હિન્દુ સમાજ દ્વારા રાખવામા આવેલ દેવી દેવતાની મુર્તિઓને જાણી જોઈ તોડી ખંડીત કરી નુકશાન કરી હિન્દુ સમાજની લાગણી દુભાઇ તેવુ કુત્ય કર્યું હતું.બનાવ અંગે માળીયા મિયાણા પોલીસે હાલમાં બીએનએસની કલમ ૨૯૮, ૩૦૧, ૩૨૪ મુજબ ગુનો નોંધીને આરોપીને શોધવા માટે તજવીજ હાથ ધરી છે.ગુન્હો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

# રાજકોટમાં વિહિપ પ્રેરિત જન્માષ્ટમી મહોત્સવ સમિતિ દ્વારા ભવ્ય તાવા પ્રસાદ અને સન્માન સમારોહ યોજાયો

## પૂ. અપૂર્વમુનિ સ્વામીની પ્રેરક ઉપસ્થિતિઃ "સુદર્શન ચક્રધારી કા સંદેશ, નશા મુક્ત રહે સારા દેશ" થીમનું અનાવરણ કરાયું



રાજકોટ,
રાજકોટઃ વિશ્વ હિન્દુ પરિષદ પ્રેરિત જન્માષ્ટમી મહોત્સવ સમિતિ દ્વારા આયોજિત ભવ્ય તાવા પ્રસાદ તથા સન્માન સમારોહ ઉત્સાહભેર સંપન્ન થયો હતો. કાર્યક્રમની શરૂઆતમાં દીપ પ્રાગટ્ય બાદ સમિતિના ઇન્ચાર્જ પરેશભાઈ રૂપારેલીયાએ તમામ મહેમાનો અને ઉપસ્થિતોનું સ્વાગત કર્યું હતું.

ત્યારબાદ નરેન્દ્રભાઈ દવેએ જન્માષ્ટમીની શોભાયાત્રા જેવા ધાર્મિક કાર્યક્રમોનો હેતુ ધર્મ જાગૃતિનો અને માં ભારતીને પરમ વૈભવ સુધી લઈ જવાનો હોવાનું જણાવ્યું હતું. જ્યારે ડો. માધવ દવેએ જન્માષ્ટમી મહોત્સવને સામાજિક પરિવર્તન અને ધર્મ જાગૃતિ માટે અત્યંત મહત્વપૂર્ણ ગણાવ્યો હતો.

કાર્યક્રમના મુખ્ય વક્તા પરમ પૂજય અપૂર્વમુનિ સ્વામીએ આશીર્વચન આપતાં જન્માષ્ટમી મહોત્સવને દિવાળી જેવો પવિત્ર ઉત્સવ ગણાવ્યો હતો. તેમણે ઉપસ્થિત લોકોને સનાતન ધર્મના યોદ્ધાઓ ગણાવી જણાવ્યું હતું કે, જેમ હનુમાનજી મહારાજનો પરિચય રામદૂત તરીકેનો હતો, તેમ વર્તમાન સમયના તમામ હિન્દુઓએ પોતાની ઓળખ 'ધર્મદૂત' અને 'ધર્મ રક્ષક' તરીકે આપવી જોઈએ.

વધુમાં તેમણે સંગઠન કે સંસ્થાના જવાબદાર કાર્યકર્તાઓને પોતાની સામાજિક જવાબદારી પૂર્ણ નિષ્ઠા સાથે નિભાવવા આહ્વાન કર્યું હતું. આ. પ્રસંગે પૂ. સ્વામીશ્રીના હસ્તે જન્માષ્ટમી મહોત્સવની વિશેષ થીમ "સુદર્શન ચક્રધારી કા સંદેશ, નશા મુક્ત રહે સારા દેશ" નું વિધિવત અનાવરણ કરવામાં આવ્યું હતું.

જન્માષ્ટમી મહોત્સવ સમિતિ દ્વારા આગામી રથયાત્રાના સુચારુ આયોજન અને સુરક્ષા વ્યવસ્થાના સંકલન માટે સુરક્ષા સંયોજકોની નિમણૂક કરવામાં આવી છે. સમિતિના સહ ઈન્ચાર્જ કૌશિકભાઈ સરધારાના જણાવ્યા અનુસાર, રથયાત્રા દરમિયાન વ્યવસ્થા, સંકલન અને સુરક્ષાને વધુ સુદૃઢ બનાવવાની મહત્વની જવાબદારી હર્ષ મુથ્રેજા, વિનિત જાયસ્વાલ, જિતેંદ્રભાઇ કેશુર, સંજયરાજ સોલંકી, અલ્પેશ મોરડિયા, મનોજ કદમ, વિકાસસિંહ ઠાકુર, ડો. ગુરુભાઇ રાવલ, યોગિભાઇ ત્રિવેદી, હિતેશભાઇ વાણીયા, જીગ્નેશભાઇ સોલંકી અને લોકેન્દ્રભાઇ વિશ્વકર્મા નિભાવશે.

# રાજકોટના પૌરાણિક શ્રી કામનાથ મહાદેવના ૭૭માં પાટોત્સવની ઉજવણી

## ઢોલ અને ડમરૂ નાદ, વાંસળીના સૂર તેમજ રાસની રમઝટ સાથે નિકળી પાલખીયાત્રા



રાજકોટ,
રાજકોટ શહેરના બેડીનાકા સ્થિત ૧૪૭ વર્ષ જુનાં પૌરાણિક શ્રી કામનાથ મહાદેવના ૭૭મા પાટોત્સવ દિવસની ઉજવણી કામનાથ મહાદેવના સાનિધ્ય માં રંગેચંગે કરવામાં આવી હતી. બપોરે લઘુન્દ્રાભિષેક, ષોડશોપચાર પૂજન કરવામાં આવ્યું

આ પાવન પ્રસંગે સંસદસભ્યશ્રી પરશોત્તમભાઈ રૂપાલા તથા ધારાસભ્યશ્રી ડો. દર્શિતાબેન શાહની પ્રેરક ઉપસ્થિતિમાં કામનાથ મહાદેવની વરણાગી અને ફલેકું કામનાથ મહાદેવના મંદિરથી લઈ પરાબજાર, કાપડ માર્કેટ, ધર્મેન્દ્ર રોડ, સાંગણવા ચોક, રાજશ્રી સિનેમા, આશાપુરા મંદિર, કોઠારીયા નાકા થઈ ફરી કામનાથ મહાદેવના મંદિરે પૂર્ણ થયું. જેમાં સમગ્ર રાજકોટ શહેર મહાદેવમય બન્યું હતુ. આ ફુલેકા દરમિયાન રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા જામખંભાળિયાના ખ્યાત આંબાવાડી કલાવદ, પ્રખ્યાત અધોરી ગપ, આહલાદક ડમરૂવાદન, નાસિકના પ્રખ્યાત ઢોલ, ગડુની સુર-મધુર શરણાઈ વાદન, રાસમંડળીઓ, વિવિધ સ્થળેથી આવેલા પરંપરાગત લોક કલાકારો વગેરેએ ભાગ લઈ રાસ-ગરબાની રમઝટ બોલાવી હતી.

ધર્મનગરી રાજકોટમાં કલ્યાસણકારી કામનાથ મહાદેવની વરણાગી એ રાજકોટવાસીઓ માટે વર્ષોથી શ્રદ્ધા, અને સંસ્કળતિનું પ્રતિક બની રહ્યું છે. છેલ્લા ૭૭ વર્ષથી અવિરત પણે શ્રાવણ સુદ દશમના રોજ શ્રી કામનાથ મહાદેવનું ફલેકું વરણાગી રૂપે રાજકોટના રાજમાર્ગો પર નીકળે છે. દરેક જગ્યા એ ભકતોને દાદાના દર્શનનો લહાવો મળે છે. આ ફલેકામાં બાળકોથી માંડી વદ્ધો સહિત સહુ કોઈ સામેલ થઈ કોઈ રાસ ગરબા રમતા, કોઈ કીર્તન કરતા, કોઈ પુષ્પવૃષ્ટિ વરસાવતા, કોઈ દાદાને મસ્તક નમાવી આશીર્વાદ લેતા, કોઈ દાદાની પાલખી ઉચકતા, કોઈ કામનાથ મહાદેવની જય બોલાવતા વાતાવરણ શિવવિભોર બન્યું હતું.

# રાજકોટ રાષ્ટ્રીય શાળાનો વાર્ષિક સંગીત ઉત્સવ ઉજવાયો

## બાળકોની રંગારંગ પ્રસ્તુતીઃ સૂર સંગીતનો ત્રિવેણી સંગમ



રાજકોટ,
રાષ્ટ્રીયશાળા સંચાલિત સંગીત મહાવિદ્યાલયમાં સંગીત વર્ષા ઉત્સવની ઉજવણી અંતર્ગત સંગીત વિદ્યાલયનાં દરેક વિભોગોની કૃતિઓ વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવેલ વિદ્યાર્થીઓએ અલગ-અલગ રાગ આધારિત કૃતિઓ રજૂ કરી હતી. ત્યારબાદ તબલા વિભાગના બાળકોએ તથા સિતારવાદનનાં તેમજ બાંસુરી વિભાગના બાળકોએ ભગવાન શિવની સ્તુતિ રાગ આધારિત રજૂ કરીને સૌનું મન જીતી લીધું હતું.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે મેયર શ્રી ડો. નેહલભાઈ શુક્લી, અતિથી વિશેષ તરીકે પૂર્વ સાંસદ શ્રી રામભાઈ મોકરિયા, શ્રી પાર્શ્વનાથ કો.ઓપ.બેંકનાં ચેરમેન શ્રી પિયુષભાઈ મહેતા તેમજ પ્રખર ધારાશાષીશ્રી રવિભાઈ ગોગિયા દ્વારા દીપ-પ્રાગટ્ય કરવામાં આવેલ. સીન્ડીકેટ સભ્યશ્રી ડો. નિદભાઈ બારોટ, શિક્ષણવિદ્? શ્રી ડો. અલ્પનાબેન ત્રિવેદી, પૂર્વ મેયરશ્રી અશોકભાઈ ડાંગર, શ્રી જયેશભાઈ ઉપાધ્યાય, સામાજિક કાર્યકરશ્રી સંજયભાઈ લાખાણી, શ્રી ક્રિષ્ણદતભાઈ રાવલ, શ્રી તખુભા રાઠોડ, શ્રી જયેશભાઈ લાખાણી, શ્રી નંદકિશોરભાઈ , શ્રી સુરેશભાઈ પરમાર, શ્રી જગદેવસિંહ જાડેજા, શ્રી દેવજીભાઈ રાઠોડ, રાષ્ટ્રીયશાળાના ગીતાબેન મહેતા, શ્રી નિરાલીબેન જોશી, વોર્ડ ન.-૭ નાં કોર્પોરેટરશ્રી દર્શનભાઈ તથા શ્રી જયદેવભાઈ પરમાર સહીત રાષ્ટ્રીયશાળાનાં ટ્રસ્ટીગણમાં પ્રમુખશ્રી જયંતીભાઈ કાલરીયા મેનેજીંગ ટ્રસ્ટીશ્રી જીતુભાઈ ભટ્ટ, ઉદ્યોગપતિ શ્રી મધુભાઈ દોંગા તેમજ એડવોકેટશ્રી વિનોદભાઈ ગોસલીયા હાજર રહેલ.

રાષ્ટ્રીયશાળાના કલાગુરૂઓ સવશ્રી નિમિષાબેન પારેખ, શ્રી ગોપીબેન જાજલ, શ્રી યુક્તાોબેન દવે, શ્રી જાનવીબેન પાટડિયા, શ્રી ભાર્ગવભાઈ જાની, શ્રી સાજીદભાઈ મીરનું સુત્તરની આંટીથી સ્વાગત કરેલ. કાર્યક્રમમાં તમામ બાળકો અને વાલીઓએ ખાસ હાજરી આપી હતી.આ કાર્યક્રમને સફળ બનાવવા રાષ્ટ્રીયશાળાનાં મેનેજીંગ ટ્રસ્ટી શ્રી જીતુભાઈ ભટ્ટના માર્ગદર્શન હેઠળ તમામ કાર્યકર્તા શ્રી સંજયભાઈ મકવાણા, શ્રી આદીતભાઈ રૂપાણી, શ્રી માધુરીબેન રાજાણી, શ્રી નાથલાલ મકવાણા, શ્રી મનસુખભાઈ સોલંકી, શ્રી હરપાલસિંહ રાઠોડ, શ્રી સતીસભાઈ ગોહેલએ જહેમત ઉઠાવેલ. કાર્યક્રમનું સંચાલન રાજકોટનાં અનિલભાઈ વણઝારાએ કરેલ હોવાનું સંસ્થાના નયન પંચાલીની યાદીના અંતમાં જણાવાયું છે.

# નવી ઔદ્યોગિક નીતિની અમલવારી અભાવે ઉદ્યોગ જગત બન્યુ દીશાહીન : ગ્રેટર ચેમ્બરની રજુઆત

રાજકોટ,
તાજેતરમાં ગુજરાત સરકારે નવી ઔદ્યોગિક નીતિ ૨૦૨૬ જાહેર કર્યા બાદ હજુ સુધી અમલવારી નહીં કરાતા ઉદ્યોગકારો દિશાહીન બનેલ હોય ત્વરીત અસરથી અમલવારી કરાવવા ગ્રેટર રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા સંલગ્ન કચેરીના અધિકારીગણને રજુઆત કરવામાં આવી છે.

રજુઆતમાં જણાવ્યુ છે કે હજુ સુધી નોટીફીકેશન-જીઆર બહાર ન પડતા ગુજરાતના ઉદ્યોગો દિશાહિન બન્યા છે. અનેક ઉદ્યોગોની વિસ્તરણ યોજનાઓ અટકી પડી છે. નવી ઉત્પાદન પ્રક્રિયા શરૂ ન થઇ શકતા સરકારને પણ સામે કરની આવક ગુમાવવી પડે તેવી સ્થિતિ નિર્માણ પામી છે. એજ રીતે રાજકોટમાં આંતરરાષ્ટ્રીય એરપોર્ટ તૈયાર થઈને સંચલિત પણ થવા લાગ્યુ છે છતા હજુ સુધી આંતરરાષ્ટ્રીય એકપણ ફલાઈટ મળી ન હોય તેની પણ ઉદ્યોગ જગતને અસર થઇ રહી છે.

આ તમામ બાબતે વહેલી તકે ઘટતુ કરવા ગ્રેટર ચેમ્બરના ચેરમેન ધનસુખભાઇ વોરા અને વાઇસ ચેરમેન કાંતીભાઇ જાવીયાએ રજુઆતમાં જણાવ્યુ છે.

# રાજકોટ જિલ્લા પંચાયત દ્વારા હલેન્ડામાં આયુષ્યમાન આરોગ્ય કેન્દ્રનું ઉદ્ઘાટન



રાજકોટ,
રાજકોટ જિલ્લાપંચાયત દ્વારા સરધાર પાસેના હલેન્ડા ગામમાં આરોગ્ય સમિતિના ચેરમેન વિલાસભાઇ ઢાંકેચાની હાજરીમાં આયુષ્યમાન આરોગ્ય મંદિર (પેટા આરોગ્ય કેન્દ્ર)નું લોકાર્પણ કરવામાં આવ્યુ છે.

સરધારના પેટા આરોગ્ય-કેન્દ્ર-ગામ હાલેન્ડાનું ઉદ્ઘાટન કરવામાં આવેલ હતું. આ આરોગ્ય કેન્દ્રમાં જીલ્લાપંચાયતના સદસ્ય અને આરોગ્ય સમીતીના ચેરમેન વિલાશભાઇ ઢાંકેચા તેમજ જીલ આરોગ્ય અધિકારી શ્રી જોષી,તાલુકા પંચાયત સભ્ય વનરાજભાઇ ગરૈયા નાયબ કાર્યપાલક ઈજનેર જયેશભાઇ સિધ્ધપરા હલેન્ડા ગામના સરપંચ શ્રી બાબુભાઇ ચૌહાણ તેમજ બહોળી સંખ્યામાં ગ્રામજનો હાજર રહેલ આરોગ્ય પરીવાર વતી આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

# વેરાવળમાં સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે થેલેસેમીયા જાગૃતિ સેમીનાર યોજાયો




વેરાવળ,
વેરાવળ માં સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, વેરાવળના સહયોગથી કોલેજના પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે થેલેસેમિયા જાગૃતિ સેમિનાર તથા ટેસ્ટિંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં કોલેજના આચાર્ય ડો. સ્મિતા બી. છગ, ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, વેરાવળના કિરીટભાઈ ઉનડકટ, ગીરીશભાઈ ઠક્કર સહિતની ટીમ ઉપસ્થિત રહી હતી. સેમિનાર દરમિયાન વિદ્યાર્થીઓને થેલેસેમિયાના પ્રકાર, તેના કારણો, વારસાગત સ્વરૂપ, નિવારણના ઉપાયો તેમજ સમયસર થેલેસેમિયા ટેસ્ટ કરવાના મહત્વ અંગે વિસ્તૃત અને ઉપયોગી માહિતી આપવામાં આવી હતી.

# ભારત-જાપાન વેપાર ભાગીદારીને નવી ઊંચાઈઓ પર લઈ જશે

## જાપાન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને ભારતીય દૂતાવાસની જાપાન-ભારત વ્યાપાર સલાહકાર સમિતિની ગોળમેજી બેઠકમાં કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલનું નિવેદન



નવીદિલ્હી,

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલે ભારત અને જાપાન વચ્ચે વેપાર અને રોકાણ સંબંધોને વધુ મજબૂત બનાવવા પર ભાર મૂક્યો. તેમણે કહ્યું કે આગામી દાયકામાં બંને દેશો વચ્ચે વ્યાપાર સહયોગને નવી ઊંચાઈઓ પર લઈ જવાની જરૂર છે. ગોયલે જાપાન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને ભારતીય દૂતાવાસની જાપાન-ભારત વ્યાપાર સલાહકાર સમિતિની ગોળમેજી બેઠકમાં આ નિવેદન આપ્યું હતું.

ગોયલે નોંધ્યું હતું કે ભારત અને જાપાન આ વર્ષે રાજદ્વારી સંબંધોની ૭૫મી વર્ષગાંઠ ઉજવી રહ્યા છે, અને તેને "ભારત-જાપાન વર્ષ શેર્ડ હોરાઈઝન્સ" તરીકે જોવામાં આવી રહ્યું છે. તેમણે જણાવ્યું હતું કે આ બંને દેશો વચ્ચેની ભાગીદારીના ભવિષ્ય અને આગામી દાયકામાં વ્યાપાર સહયોગ વધારવાના માર્ગો પર ચર્ચા કરવાની એક સારી તક છે.

વાણિજ્ય મંત્રીએ નોંધ્યું હતું કે મોટી સંખ્યામાં જાપાની કંપનીઓ ભારતમાં પહેલેથી જ કાર્યરત છે. તેમનો ઉદ્દેશ્ય આ દાયકામાં ભારતમાં કાર્યરત જાપાની કંપનીઓની સંખ્યા બમણી કરવાનો છે. તેમણે જણાવ્યું હતું કે ભારત સતત સુધારાના સિદ્ધાંત પર આગળ વધી રહ્યું છે અને જાપાનને આ યાત્રામાં ભાગીદાર તરીકે જુએ છે. ગોયલના મતે, ભારતનું અર્થતંત્ર હાલમાં આશરે ચાર ટ્રિલિયન ડોલરનું છે અને ૨૦૪૭ સુધીમાં ૩૦ ટ્રિલિયન ડોલર સુધી પહોંચવાનો મહત્વાકાંક્ષી લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે.

ગોયલે ભારતની યુવા વસ્તીને દેશની મુખ્ય તાકાત ગણાવી, નોંધ્યું કે સરેરાશ કાર્યકારી ઉંમર ૩૦ વર્ષથી ઓછી છે, અને આ વસ્તી આવનારા દાયકાઓ સુધી યુવાન રહેવાની અપેક્ષા છે. જાપાની કંપની સુઝુકીનું ઉદાહરણ આપતા તેમણે કહ્યું કે કંપનીએ છેલ્લા ચાર દાયકામાં ભારતમાં ઘણો આગળ વધ્યો છે, અને આજે ભારત તેના મોટા અને નફાકારક વ્યવસાયમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ગોયલે કહ્યું કે તેઓ ભારતમાં રજૂ થતી ૧,૫૮૦ કંપનીઓ પાસેથી સમાન સફળતાની અપેક્ષા રાખે છે અને ઈચ્છે છે કે ભારતમાંથી ૧,૫૮૦ સુઝુકી જેવી કંપનીઓનો વિકાસ થાય. ગોયલે જણાવ્યું હતું કે ભારત હાલમાં ૮-૯ વધારાના દેશો અથવા દેશોના જૂથો સાથે મુક્ત વેપાર કરારો પર વાટાઘાટો કરી રહ્યું છે. આ સંભવિત કરારો આશરે ૧૫ ટ્રિલિયનના વધારાના અર્થતંત્રને બજાર ઍક્સેસ પ્રદાન કરી શકે છે. તેમણે નોંધ્યું કે ભારતે છેલ્લા ચાર વર્ષમાં નવ મુક્ત વેપાર કરારો પર હસ્તાક્ષર કર્યા છે. આ કરારોએ આશરે ૬૦ ટ્રિલિયનના સંયુક્ત જીડીપી સાથે ૩૮ વિકસિત અર્થતંત્રોને પ્રવેશ પૂરો પાડ્યો છે. જાપાન, દક્ષિણ કોરિયા અને એસિયાન ક્ષેત્ર સાથેના અગાઉના વેપાર કરારોએ પણ આશરે ૧૦ ટ્રિલિયનના અર્થતંત્રને પ્રવેશ પૂરો પાડ્યો છે. ગોયલના મતે, આગામી કરારો સાથે, ભારતના હ્રૃછ નેટવર્કનો હેતુ વૈશ્વિક વેપારના આશરે ૭૫ ટકાને આવરી લેવાનો છે.

# પડતર માંગણી સંદર્ભે ૧૧ સપ્ટેમ્બરે બેન્ક કર્મચારીઓની દેશવ્યાપી હડતાળનું એલાન

## સરકાર અને બેંક મેનેજમેન્ટ પર તેમની માંગણીઓ પર સકારાત્મક પગલાં ન લેવાનો આરોપ

નવીદિલ્હી,

બેંક કર્મચારીઓ અને અધિકારીઓના યુનિયનોના છત્ર સંગઠન, યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન્સ યુએફબીયુ એ ૧૧ સપ્ટેમ્બરે દેશવ્યાપી હડતાળની જાહેરાત કરી છે. યુનિયનો કહે છે કે તેમની ઘણી મુખ્ય માંગણીઓ લાંબા સમયથી પેન્ડિંગ છે. આમાં, પાંચ દિવસની બેંકિંગ સિસ્ટમ, પર્ફોર્મન્સ લિંક્ડ ઈન્સેન્ટિવ (પીએલઆઈ) અને પેન્શનના મુદ્દાઓ મુખ્ય છે.

યુએફબીયુ નવ બેંક કર્મચારી અને અધિકારી યુનિયનોનું સંયુક્ત સંગઠન છે. યુનિયનોએ સરકાર અને બેંક મેનેજમેન્ટ પર તેમની માંગણીઓ પર સકારાત્મક પગલાં ન લેવાનો આરોપ લગાવ્યો છે. તેના વિરોધમાં ૧૧ સપ્ટેમ્બરે દેશવ્યાપી હડતાળનો નિર્ણય લેવામાં આવ્યો છે. ૧૧ સપ્ટેમ્બર શુક્રવાર છે, અને શનિવાર અને રવિવારે બેંકો બંધ રહેશે. કેટલાક રાજ્યોમાં, ૧૪ સપ્ટેમ્બરે ગણેશ ચતુર્થી રજા પણ છે. પરિણામે, ઘણા વિસ્તારોમાં સતત ઘણા દિવસો સુધી બેંકિંગ સેવાઓ ખોરવાઈ શકે છે.

બેંક યુનિયનોની મુખ્ય માંગ એ છે કે બેંકો અઠવાડિયામાં ફક્ત પાંચ દિવસ ખુલ્લી રહે, એટલે કે સોમવારથી શુક્રવાર સુધી કામ કરે, શનિવાર અને રવિવાર રજા હોય. યુનિયનોના મતે, ૮ માર્ચ, ૨૦૨૪ ના રોજ હસ્તાક્ષર કરાયેલ ૧૨મા દ્વિપક્ષીય કરાર અને ૯મા સંયુક્ત નોંધમાં પાંચ દિવસની બેંકિંગ સિસ્ટમ પર સંમતિ થઈ હતી. આમાં સોમવારથી શુક્રવાર સુધીના કામકાજના કલાકોમાં દૈનિક ૪૦ મિનિટનો વધારો શામેલ હતો. યુનિયનોનું કહેવું છે કે આ દરખાસ્ત સરકારને સુપરત કરવામાં આવી હોવા છતાં, તેને બે વર્ષથી વધુ સમયથી મંજૂરી આપવામાં આવી નથી. બેંક યુનિયનો પણ સરકારની પર્ફોર્મન્સ લિંક્ડ ઈન્સેન્ટિવ યોજનાનો વિરોધ કરી રહ્યા છે. તેમનું કહેવું છે કે નવી સિસ્ટમ બેંક અધિકારીઓની વિવિધ શ્રેણીઓ માટે પ્રોત્સાહનોમાં નોંધપાત્ર તફાવત રજૂ કરે છે.

# દિલ્હી સહિત છ રાજ્યોમાં સ્વાઈન ફ્લૂ ફેલાયો; રાજધાનીમાં કેસ આઠ ગણા વધ્યા

## રાષ્ટ્રીય રાજધાનીમાં ૧,૭૭૭ કેસ નોંધાયા

નવીદિલ્હી,

ઉત્તર પ્રદેશ અને દિલ્હી સહિત છ રાજ્યો સ્વાઈન ફ્લૂ અથવા એચ૧એન૧ વાયરસથી પ્રભાવિત છે. અત્યાર સુધીમાં, રાષ્ટ્રીય રાજધાનીમાં ૧,૭૭૭ કેસ નોંધાયા છે. દરમિયાન, ઉત્તર પ્રદેશમાં ૩૩૭, હરિયાણામાં ૧૧૯ અને પંજાબમાં ૯૩ કેસની પુષ્ટિ થઈ છે. સતત વધી રહેલા કેસોને ધ્યાનમાં રાખીને, ઘણા રાજ્યોએ સલાહ જારી કરી છે અને હોસ્પિટલોને એલર્ટ મોડ પર રહેવા કહ્યું છે.

જોકે, ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચએ કહ્યું છે કે ગભરાવાની જરૂર નથી. હાલમાં ફેલાતો સ્વાઈન ફ્લૂ વાયરસ કોઈ નવો પ્રકાર નથી. તે ૨૦૨૫ થી દેશમાં હાજર છે અને સતત દેખરેખ હેઠળ છે.

કેન્દ્રીય આરોગ્ય પ્રધાન જે.પી. નડ્ડાએ સ્વાઈન ફ્લૂના વધતા જતા કેસ વચ્ચે પરિસ્થિતિની સમીક્ષા કરી. તેમણે રોગ દેખરેખ, પરીક્ષણ, હોસ્પિટલની તૈયારી અને સમયસર સારવાર માટે સૂચનાઓ જારી કરી. બધા રાજ્યોને દેખરેખ વધારવા અને ગંભીર દર્દીઓની વહેલી તકે ઓળખ કરવા કહેવામાં આવ્યું છે.

આ વર્ષે અત્યાર સુધીમાં, દિલ્હીમાં ઈન્ફ્લ્યુએન્ઝા છ ના ૨,૩૯૨ કેસ નોંધાયા છે. તેમાંથી ૧,૭૭૭ H1N1, અથવા સ્વાઈન ફ્લૂ છે. ગયા વર્ષે, આ જ સમયગાળા દરમિયાન ૨૨૯ કેસ નોંધાયા હતા, એટલે કે આ વર્ષે સ્વાઈન ફ્લૂના કેસ લગભગ આઠ ગણા વધ્યા છે.

# યુપી કોંગ્રેસ પ્રમુખ અજયરાયની અયોધ્યા મુલાકાત દરમિયાન માછલીની મિજબાની પર રાજકીય હોબાળો

## મને એક પણ ફોટો બતાવો, હું રાજીનામું આપવા તૈયાર : અજય રાય



અયોધ્યા,

યુપીના રાજકારણમાં એક મિજબાનીને લઈને ઉગ્ર યુદ્ધ શરૂ થયું છે. ભાજપ અને કોંગ્રેસના નેતાઓ સામસામે આવી રહ્યા છે, અને અન્ય પક્ષોના નેતાઓના નિવેદનો પણ સામે આવી રહ્યા છે. આ મામલો એ હદ સુધી વધી ગયો કે યુપી કોંગ્રેસ પ્રમુખ અજય રાયે તો જાહેરાત કરી દીધી કે જો તેઓ તે સાબિત કરી શકશે તો તેઓ રાજીનામું આપી દેશે. આ રાજકીય લડાઈ અયોધ્યામાં શરૂ થઈ હતી, જ્યાં રવિવારે નિષાદ સમુદાય દ્વારા એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ અજય રાય, પ્રભારી રાજેન્દ્ર પાલ ગૌતમ અને અસંખ્ય નેતાઓ અને કાર્યકરો હાજર રહ્યા હતા. જાહેર સભા દરમિયાન વરસાદ પડ્યો, પરંતુ ભીડ હાજર રહી. લોકો માથા પર ખુરશીઓ લઈને ભીંજાયા હોવા છતાં પણ હાજર રહ્યા. પરંતુ આ ઘટના પછી સૌથી વધુ ચર્ચાસ્પદ ઘટના માછલીની મિજબાની હતી, જેણે રાજકીય યુદ્ધને વેગ આપ્યો છે.

આ કાર્યક્રમમાં માછલી રાંધવામાં આવતી હોવાનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. આ પછી, ઘણા ભાજપના નેતાઓએ કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા. સીએમ યોગીએ કહ્યું, "જ્યારે આપણે એક થઈને લડીશું, ત્યારે દેશની સ્વતંત્રતા અકબંધ રહેશે." નહિંતર, તમે જોયું હશે કે કોંગ્રેસના સભ્યો આપણા વારસાનો કેવી રીતે અનાદર કરે છે." તમે કોંગ્રેસના પ્રદેશ પ્રમુખનું વર્તન જોયું હશે, તેઓ અયોધ્યામાં હનુમાનગઢીના દર્શન કરવા જાય છે અને પછી માછલીની મિજબાનીનો આનંદ માણે છે. તેઓ રામ-રામના નારા લગાવે છે, બેશરમીની પણ એક હદ હોય છે..

યોગીએ પૂછ્યું, "તમને હનુમાનગઢી જવાનું કોણે કહ્યું? જો તમે માછલી ખાવા માંગતા હોત, તો તમે તેને અયોધ્યાની બહાર ખાઈ શક્યા હોત. આ કોંગ્રેસ પાર્ટીના બેવડા ધોરણો છે." તેમણે એમ પણ કહ્યું, "એક કાચિંડો પણ તેમને જોઈને શરમાશે. આ કેવા પ્રકારની માનવ જાતિનો ઉદય થયો છે કે તેઓ 'રામ, રામ' બોલે છે, બજરંગ બલીના મંદિરમાં પ્રણામ કરવાનો ડોળ કરે છે, અને પછી બહાર જઈને માછલી ખાય છે.

# મણિપુરમાં મુસ્લિમ સમુદાયનો વક્ફ બોર્ડમાં બે બિન-મુસ્લિમ સભ્યોના સમાવેશ સામે વિરોધ

ઈમ્ફાલ,

મણિપુરમાં વધુ એક વિરોધ ફાટી નીકળ્યો છે, જે લાંબા સમયથી અશાંતિમાં ફસાયેલ છે. રાજ્યના મુસ્લિમ સમુદાયે વકફ બોર્ડમાં બે બિન-મુસ્લિમ સભ્યોના સમાવેશ સામે આંદોલન શરૂ કર્યું છે. ૮મી વકફ બોર્ડ સમિતિમાં બે બિન-મુસ્લિમ સભ્યોના સમાવેશ સામે ઉગ્ર વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે. મણિપુરના સોરા, લિલોંગ અને શેત્રીગાઓમાં ઘણા દિવસોથી વિરોધ પ્રદર્શનો ચાલી રહ્યા છે. પરિણામે, મુખ્યમંત્રી ખેમચંદ સિંહે મેઈતેઈ પંગલ સમુદાયના પ્રતિનિધિઓ સાથે મુલાકાત કરી છે અને તેમની ચિંતાઓને દૂર કરવાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે.

"બિન-મુસ્લિમ સભ્યોના સમાવેશ સામે સંયુક્ત સમિતિ" ના બેનર હેઠળ વિરોધ પ્રદર્શનો યોજાઈ રહ્યા છે. અન્ય ઘણા મુસ્લિમ સંગઠનો, સ્થાનિક ક્લબો અને નાગરિક સમાજ જૂથો પણ તેમાં જોડાયા છે. ૨૦ ઓગસ્ટના રોજ કાકચિંગ જિલ્લાના સોરામાં રેલી શરૂ થઈ હતી, જ્યારે મોટી સંખ્યામાં મુસ્લિમોએ વિરોધમાં ભાગ લીધો હતો. આ વિરોધ પ્રદર્શન સોરા મામંગ રમતના મેદાનમાં થયું હતું. ત્યારબાદ અનેક સ્થળોએ વિરોધ પ્રદર્શનો થયા છે. ૨૦ તારીખે એક સ્થળે વિરોધ પ્રદર્શન બાદ એક રેલી પણ યોજાઈ હતી. આ રેલી સોરા પોલીસ સ્ટેશન, સોરા બજાર અને રાષ્ટ્રીય ધોરીમાર્ગ ૧૦૨ થઈને સોરા હાઈસ્કૂલના રમતના મેદાન પર પહોંચી.

રેલીને સંબોધતા, જમિયત-ઉલ-ઉલેમાની સોરા શાખાના પ્રમુખ ઝુલ્ફીકાર આલમ શેખે જણાવ્યું હતું કે વકફ બોર્ડ મુસ્લિમો માટે એક મહત્વપૂર્ણ સંસ્થા છે.

# ચીને તેના મહત્વાકાંક્ષી ચાંગ એ-૭ ચંદ્ર અવકાશ મિશનને મુલતવી રાખ્યું

## અવકાશયાન ચીનના દક્ષિણી ટાપુ હૈનાન પર આવેલા વેનચાંગ અવકાશ પ્રક્ષેપણ કેન્દ્રથી લોન્ચ થવાનું હતું

હાઈકોઉ,

ચીને એક આશ્ચર્યજનક નિર્ણય લીધો, અચાનક તેના મહત્વાકાંક્ષી 'ચાંગ'એ-૭' ચંદ્ર અવકાશ મિશનને મુલતવી રાખ્યું. ચીનના આ નિર્ણયથી વિશ્વભરમાં ચર્ચા શરૂ થઈ કે ચીને આવું કેમ કર્યું.


આ ચર્ચાઓ એટલા માટે થઈ કારણ કે આ ચીનનું મહત્વાકાંક્ષી મિશન હતું, અને ચીને એક પગલું પાછળ હટવું એ એક મહત્વપૂર્ણ બાબત છે. ચીનની સત્તાવાર સમાચાર એજન્સી, શિન્હુઆએ અગાઉ અહેવાલ આપ્યો હતો કે મિશનનો ઉદ્દેશ્ય મુખ્ય તકનીકોમાં નોંધપાત્ર પ્રગતિ પ્રાપ્ત કરવાનો હતો.

આગામી દિવસોમાં આ અવકાશયાન ચીનના દક્ષિણી ટાપુ હૈનાન પર આવેલા વેનચાંગ અવકાશ પ્રક્ષેપણ કેન્દ્રથી લોન્ચ થવાનું હતું. આ મિશન ચંદ્ર પરના બરફની શોધ સહિત વિવિધ વૈજ્ઞાનિક તપાસ કરવાનું હતું, પરંતુ આ મિશન મુલતવી રાખવામાં આવ્યું છે.

ચાઈના મેન્ડ સ્પેસ ફ્લાઈટ એજન્સીએ એક સંક્ષિપ્ત નિવેદનમાં જણાવ્યું હતું કે, "મિશન લોન્ચ કરવા માટે પરિસ્થિતિઓ અનુકૂળ નથી, અને આ વર્ષે તેને નિર્ધારિત સમયમર્યાદામાં લોન્ચ કરી શકાતું નથી. આ નિર્ણય "વ્યાપક મૂલ્યાંકન" પછી લેવામાં આવ્યો હતો અને તે "સાવધાની, વિશ્વસનીયતા અને સંપૂર્ણ મિશન સફળતા" ના સિદ્ધાંતો પર આધારિત હતો. ચીને તેના મિશનને ચાંગ'ઈ-૭ નામ આપ્યું. ચાંગ'ઈનો અર્થ "ચંદ્ર દેવી" થાય છે. આ સાતમું ચંદ્ર સંશોધન મિશન છે. અગાઉ, ૨૦૨૪ માં, ચીનનું ચાંગ'ઈ-૬ મિશન ચંદ્ર પરથી માટી અને ખડકો સાથે પૃથ્વી પર પાછું આવ્યું હતું.

# એક રાષ્ટ્ર, એક ચૂંટણી ૨૦૨૯ સુધીમાં લાગુ થઈ શકે : શિવરાજ સિંહ ચૌહાણ

## વિકસિત ભારત માટે એક રાષ્ટ્ર, એક ચૂંટણી એજન્ડા જરૂરી



હરિદ્વાર,

કેન્દ્રીય મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે એક રાષ્ટ્ર, એક ચૂંટણી અંગે એક મોટું નિવેદન આપ્યું છે. શિવરાજ સિંહ ચૌહાણે વારંવાર થતી ચૂંટણીઓને વિકાસમાં અવરોધ ગણાવી છે. હરિદ્વારમાં સંતોને અપીલ કરતા તેમણે કહ્યું કે વિકસિત ભારત માટે એક રાષ્ટ્ર, એક ચૂંટણી જરૂરી છે. એક રાષ્ટ્ર એક ચૂંટણી ૨૦૩૪માં નહીં, ૨૦૨૯માં યોજાઈ શકે છે. લોકસભા અને ૨૨ રાજ્યોની ચૂંટણીઓ ૨૦૨૯માં એકસાથે યોજાઈ શકે છે.

નોંધનીય છે કે હરિદ્વારમાં સંત સમાજના મેળાવડામાં એક રાષ્ટ્ર એક ચૂંટણી માટેના ઠરાવ પછી, મોટો હોબાળો થયો છે. લોકસભા અને ૨૨ રાજ્યોની વિધાનસભાની ચૂંટણીઓ ૨૦૨૯માં એકસાથે યોજાઈ શકે છે. એક અંગ્રેજી અખબારે દાવો કર્યો છે કે મોદી સરકાર ૨૦૩૪માં નહીં, ૨૦૨૯માં એક રાષ્ટ્ર એક ચૂંટણી યોજવાના મૂડમાં છે. આ માટેની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે.

# રાહુલ ગાંધી રાષ્ટ્રવિરોધી તત્વોને પ્રોત્સાહન આપે છે, અમને તેમની પાસેથી કોઈ અપેક્ષા નથી : મુખ્યમંત્રી યોગી

## આજે કેટલાક લોકોએ ભારતને બદનામ કરવાનો કોન્ટ્રાક્ટ લીધો છે

લખનૌ,

મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સોમવારે રાયબરેલી પહોંચ્યા. તેમણે જિલ્લાને અબજો રૂપિયાના વિકાસ પ્રોજેક્ટ્સ રજૂ કર્યા. તેમણે આગામી વિધાનસભા ચૂંટણી પહેલા જાહેર સભા દ્વારા રાજકીય સંદેશ પણ આપ્યો.


મુખ્યમંત્રી સવારે લગભગ ૧૦:૩૦ વાગ્યે હેલિકોપ્ટર દ્વારા પોલીસ લાઈન્સ પહોંચ્યા. ત્યારબાદ તેઓ અમોલ વિહાર પહોંચ્યા અને આશરે ૫૦ કરોડના ખર્ચે બનેલા સ્વાતંત્ર્ય સેનાની રાણા બેની માધવ બક્ષ સિંહના નામ પર એક ઓડિટોરિયમનું ઉદ્ઘાટન કર્યું. તેમણે તેમના નામે એક ટપાલ ટિકિટ પણ બહાર પાડી અને એક સ્મૃતિચિહ્ન પણ બહાર પાડ્યું. આ પ્રસંગે, સીએમ યોગીએ કહ્યું કે આજનો દિવસ રાયબરેલી જિલ્લા માટે ઐતિહાસિક દિવસ છે.ત્યારબાદ તેમણે ફિરોઝ ગાંધી કોલેજમાં એક જાહેર સભાને સંબોધિત કરી. અહીં, તેમણે આશરે ૩૦૦ કરોડના ખર્ચે બનેલા રોડ પ્રોજેક્ટ્સ સહિત વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો.

આ પ્રસંગે, મુખ્યમંત્રી યોગીએ કહ્યું કે જે સમાજ પોતાના પૂર્વજોને ભૂલી જાય છે તેનું કોઈ અસ્તિત્વ નથી. આજે, કેટલાક લોકોએ ભારતને બદનામ કરવાનો કોન્ટ્રાક્ટ લીધો છે. તેમણે રાહુલ ગાંધી પર આકરા શાબ્દિક પ્રહારો કર્યા. તેમણે કહ્યું કે દેશને રાહુલ ગાંધી પાસેથી કોઈ અપેક્ષા નથી. વિપક્ષના નેતા તરીકે, તેઓ જવાબદાર છે. રાહુલ ગાંધી ભારતના વારસાને શાપ આપે છે. તેઓ ઉત્તર પ્રદેશની બહાર જાય છે અને ઉત્તર પ્રદેશને બદનામ કરે છે. તેઓ વિદેશમાં જઈને દેશનું અપમાન કરે છે. તેઓ રાષ્ટ્ર વિરોધી તત્વોને પ્રોત્સાહન આપે છે.

મુખ્યમંત્રીએ વધુમાં કહ્યું કે જ્યારે ભારતીય સેના સરહદ પર દુશ્મનો સામે લડે છે, ત્યારે તમે તેમની પાસેથી જવાબો માંગો છો. તમારી પાર્ટી અયોધ્યામાં શ્રી રામના અસ્તિત્વ પર સવાલ ઉઠાવે છે. દેશે ૧૯૭૫માં તમારી પાર્ટીનો કાળો પડછાયો જોયો હતો.

# કાશ્મીરી પંડિતોને ૧૫ દિવસમાં ફરી એક વખત જાનથી મારી નાખવાની ધમકી મળી

## અમે તમારી દરેક ગતિવિધિ પર નજર રાખી રહ્યા છીએ : યુનાઈટેડ લિબરેશન ફ્રન્ટ



શ્રીનગર,

કાશ્મીરી પંડિતોને ફરીથી જાનથી મારી નાખવાની ધમકી મળી છે. ૧૫ દિવસમાં આ બીજી વખત છે જ્યારે સોશિયલ મીડિયા પર ધમકીભર્યો પત્ર વાયરલ થયો છે. યુનાઈટેડ લિબરેશન ફ્રન્ટ આતંકવાદી સંગઠન દ્વારા નવી ધમકી આપવામાં આવી છે. તેમાં નામ અને સરનામાં આપવામાં આવ્યા છે. તેમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે, "અમે તમારી દરેક ગતિવિધિ પર નજર રાખી રહ્યા છીએ."

યુનાઈટેડ લિબરેશન ફ્રન્ટ (જેને યુનાઈટેડ લિબરેશન કાઉન્સિલ અથવા યુએલસી તરીકે પણ ઓળખવામાં આવે છે) નામના આતંકવાદી સંગઠન તરફથી એક નવો ધમકીભર્યો પત્ર વિવિધ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ફરતો થઈ રહ્યો છે. આ પત્રમાં કાશ્મીરી પંડિત પરિવારોના નામ અને સરનામા જેવી વ્યક્તિગત માહિતી શામેલ છે, જે સમુદાયને ડરાવવાના પ્રયાસો અંગે નવી ચિંતાઓ ઉભી કરે છે.

આ ધમકીભર્યો પત્ર (તારીખ ૨૩ ઓગસ્ટ, ૨૦૨૬), ઓનલાઈન ફરતો થાય છે, જેમાં વિસ્થાપિત કાશ્મીરી પંડિતોને ચેતવણી આપવામાં આવી છે કે તેઓ દેખરેખ હેઠળ છે. તે તેમના પર દિલ્હીમાં રાજકીય હિતો માટે કામ કરતા "મોટા", "દેશદ્રોહી" અને "વ્હાઈટ-કોલર આતંકવાદીઓ" હોવાનો આરોપ મૂકે છે. તે જમ્મુ અને કાશ્મીરમાં આરએસએસ સાથે જોડાયેલા એજન્ડાને આગળ વધારવાના આરોપ હેઠળના વ્યક્તિઓને પણ નિશાન બનાવે છે. પત્રના મુખ્ય મુદ્દાઓ છે: "અમે તમારી દરેક ગતિવિધિ પર નજર રાખી રહ્યા છીએ અને મુશ્કેલી ત્યારે આવે છે જ્યારે તેનો હેતુ હોય છે."

અમે કાશ્મીરી પંડિતોને પહેલાથી જ ચેતવણી આપી દીધી છે કે તેઓ આ ગેરકાયદેસર શાસન માટે બલિનો બકરો કે પ્યાદા ન બને, નહીંતર તેમને પરિણામ ભોગવવા પડશે. અમે એ પણ સ્પષ્ટ કરવા માંગીએ છીએ કે અમે તે કાશ્મીરી પંડિતોની વિરુદ્ધ નથી જે ખીણમાં રહ્યા અને તત્કાલીન રાજ્યપાલ જગમોહનના ખોટા વચનોનો શિકાર ન બન્યા. તે પંડિતો સુરક્ષિત છે અને કોઈ તેમનો વિરોધ કરતું નથી. જોકે, ખીણમાંથી સ્થળાંતર કરનારા બધા પંડિતો દંભી અને દેશદ્રોહી છે.તેમને તેમના ધર્મને કારણે નહીં, પરંતુ તેમના વિશ્વાસઘાત કાર્યો અને વર્તનને કારણે નિશાન બનાવવામાં આવી રહ્યા છે. તેઓ આ ગેરકાયદેસર શાસનના હાથમાં કઠપૂતળી રહ્યા છે. આ વિસ્થાપિત પંડિતો દિલ્હીમાં તેમના માલિકો માટે કામ કરતા સફેદ કોલર આતંકવાદીઓ છે. જેમ અગાઉ ચેતવણી આપવામાં આવી હતી, તમે જ્યાં પણ હોવ અથવા જ્યાં પણ જાઓ, અમે તમારી દરેક ગતિવિધિ પર નજર રાખી રહ્યા છીએ. આવા શબ્દો લખવામાં આવ્યા છે. સમાન સંદેશાઓ અગાઉ યુનાઈટેડ લિબરેશન કાઉન્સિલ તરફથી આવ્યા છે.

# અનામતની માંગ કરનારાઓ પર રાજદ્રોહનો આરોપ લગાવવો જોઈએ, સમીક્ષા પણ અસ્વીકાર્ય : આઠવલે

## લોકો અનામત વિરોધી વલણ અપનાવે છે તેઓ બંધારણની વિરુદ્ધ



નવીદિલ્હી,

કેન્દ્રીય મંત્રી અને રિપબ્લિકન પાર્ટી ઓફ ઈન્ડિયા (અઠાવલે)ના વડા રામદાસ આઠવલેએ માંગ કરી હતી કે અનામતનો વિરોધ કરનારાઓ અથવા તેને નાબૂદ કરવાની માંગ કરનારાઓ સામે રાજદ્રોહના કેસ દાખલ કરવામાં આવે. તેમણે કહ્યું કે અનામત એ બંધારણીય અધિકાર છે. કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાને એમ પણ કહ્યું કે અનામત એ કોઈને આપવામાં આવતી દાન નથી, પરંતુ બંધારણીય અધિકાર છે.

આઠવલેએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે અનામત વિરુદ્ધના વિરોધ પ્રદર્શન (દિલ્હીના જંતરમંતર પર જાહેર કરાયેલા વિરોધ પ્રદર્શન સહિત) એ આ મુદ્દાને ફરીથી ચર્ચામાં લાવ્યો છે. તેમણે આરોપ લગાવ્યો હતો કે સોશિયલ મીડિયા પર પણ અનામત પ્રણાલી નાબૂદ કરવા અથવા બદલવાની માંગણી કરતી ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે.

આઠવલેએ કહ્યું, "અનામતનો વિરોધ એ બંધારણનો વિરોધ છે. જે લોકો અનામત વિરોધી વલણ અપનાવે છે તેઓ બંધારણની વિરુદ્ધ છે અને તેમની સામે રાજદ્રોહ હેઠળ કડક કાર્યવાહી થવી જોઈએ." તેમણે કહ્યું કે કેટલાક લોકો અનામત નાબૂદ કરવાની માંગ કરી રહ્યા છે, પરંતુ તેને નાબૂદ કરી શકાતી નથી કારણ કે તે બંધારણીય અધિકાર છે. જાતિ આધારિત અનામત પર ચર્ચા વચ્ચે, કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાને એક મહત્વપૂર્ણ નિવેદન આપ્યું છે. તેમનો એક જૂનો વિડીયો શેર કરતા તેમણે લખ્યું, "મેં ૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૦ ના રોજ સંસદમાં સ્પષ્ટપણે કહ્યું હતું કે અનામત કોઈને આપવામાં આવતી દાન નથી, પરંતુ બંધારણીય અધિકાર છે."

ચિરાગ પાસવાને કહ્યું, "મારા અને મારા પક્ષ, લોક જનશક્તિ પાર્ટી (રામ વિલાસ) ના વિચારો એકદમ સ્પષ્ટ છે. અનામત નાબૂદ કરવાનું ભૂલી જાઓ, અનામતની સમીક્ષા પણ અમને ક્યારેય સ્વીકાર્ય નથી."

યુજીસી સુધારામાં અનામત સામે દિલ્હીના જંતર મંતર પર વિરોધ પ્રદર્શનો થઈ રહ્યા છે. વિરોધીઓએ નવા યુજીસી સુધારામાં અનામતની જોગવાઈઓ સામે વાંધો ઉઠાવ્યો હતો. જંતર મંતર પર મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતા અને પોતાની માંગણીઓ વ્યક્ત કરવા માટે સૂત્રોચ્ચાર કર્યા હતા.

પ્રદર્શનોકારો કહે છે કે યુજીસી સુધારામાં અનામતની જોગવાઈઓ પર પુનર્વિચાર કરવો જોઈએ. તેમણે સરકાર અને યુજીસીને હસ્તક્ષેપ કરવા અને તેમની માંગણીઓ પર વિચાર કરવા અપીલ કરી.

# ધારીના વાઘાવડી ગામ નજીક સિંહ કે દીપડા નહીં પરંતુ મહાકાય અજગરે હરણનો કર્યો શિકાર!

## મહાકાય અજગરનું રેસ્ક્યૂ કરી સલામત સ્થળે મુકત કરાયો,છેલ્લા એક અઠવાડિયાથી અવારનવાર અજગર દેખાયા

(મિલાપ રૂપારેલ દ્વારા)અમરેલી:

અમરેલી જિલ્લાના ધારી તથા બગસરા પંથકમાં છેલ્લા કેટલાક દિવસથી અવારનવાર અજગર દેખાતા લોકોમાં પણ ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. ત્યારે આજે ધારી તાલુકાના વાઘાવડી ગામે સિંહ કે દીપડો નહીં પરંતુ મહાકાય અજગરે હરણનો શિકાર કરતાં સમગ્ર ઘટનાએ લોકોમાં કુતૂહલ સાથે ભયનો માહોલ સર્જ્યો હતો.

વાઘાવડી ગામ નજીક મહાકાય અજગર હરણને પોતાનો શિકાર બનાવી તેને આરોગતો હોવાનો દશ્ય મોબાઈલ કેમેરામાં કેદ થયો હતો. સિંહ અને દીપડાની અવરજવરથી પહેલેથી જ ભય વચ્ચે રહેતા ગ્રામ્ય વિસ્તારના લોકોમાં હવે અજગરની હાજરીને લઈને પણ ચિંતા જોવા મળી રહી છે.

હરણના શિકારની ઘટનાની જાણ થતાં સેવાભાવી અને વન્યજીવ રેસ્ક્યૂ કામગીરી સાથે સંકળાયેલા રમેશ કાતરીયા ઘટનાસ્થળે પહોંચ્યા હતા. મહાકાય અજગરને સલામત રીતે પકડી રેસ્ક્યૂ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ અજગરને તેના કુદરતી રહેઠાણ સમાન પ્રકૃતિના ખોળે સુરક્ષિત રીતે છોડી દેવામાં આવ્યો



હતો.ગીરકાંઠાના વિસ્તારોમાં કુદરતી રહેઠાણની નજીક માનવ વસાહતો આવેલી હોવાથી વન્યજીવોની અવરજવર સામાન્ય બની રહી છે. સિંહ અને દીપડાની સાથે હવે અજગર પણ અવારનવાર દેખાતા હોવાથી ગ્રામ્ય વિસ્તારના લોકોને સાવચેતી રાખવાની જરૂરિયાત ઊભી થઈ છે.

વાઘાવડી ગામે અજગરે હરણનો શિકાર કર્યાની ઘટના એ વાતનો પણ સંકેત આપે છે કે ગીરકાંઠાના વિસ્તારોમાં વન્યજીવો માટે કુદરતી ખોરાક અને રહેઠાણનું મહત્વ કેટલું છે. સ્થાનિકો દ્વારા વન્યજીવ જોવા મળે ત્યારે તેને પરેશાન કે નુકસાન ન પહોંચાડવા તેમજ તાત્કાલિક વન વિભાગ અથવા રેસ્ક્યૂ ટીમને જાણ કરવા અપીલ કરવામાં આવી રહી છે.

હરણનો શિકાર કર્યા બાદ મહાકાય અજગરને સેવાભાવી રમેશ કાતરીયાએ સલામત રીતે રેસ્ક્યૂ કરી પ્રકૃતિના ખોળે મુક્ત કરતાં એક તરફ સ્થાનિકોમાં રહેલો ભય દૂર થયો હતો તો બીજી તરફ વન્યજીવ સંરક્ષણની કામગીરીનું પણ ઉદાહરણ પૂરું પડ્યું હતું.

ધારી-ગીર પંથકમાં છેલ્લા એક અઠવાડિયાથી અલગ-અલગ સ્થળોએ અવારનવાર અજગર જોવા મળ્યાની ઘટનાઓ સામે આવી રહી છે. અગાઉ પણ ધારી તથા બગસરા પંથકમાં અજગર રહેણાંક અને ગ્રામ્ય વિસ્તારોની નજીક જોવા મળ્યા હતા અને કેટલાક કિસ્સામાં સ્થાનિક સેવાભાવી ટીમો દ્વારા તેનું રેસ્ક્યૂ કરી સલામત સ્થળે મુક્ત કરવામાં આવ્યું હતું.

# ખાંભાના ચકાવામાં ડેરી પાસેથી વાહન હટાવવાના મુદ્દે ૨ પક્ષ વચ્ચે મારામારી: ૭ સામે ફરિયાદ



અમરેલી:

ખાંભા તાલુકાના ચકાવા ગામે ગઈ કાલે રાત્રે માહી ડેરી પાસે વાહન હટાવવાના મુદ્દે બે પક્ષ વચ્ચે બોલાચાલી બાદ મારામારીની ઘટના બની હતી. આ બનાવમાં ત્રણથી વધુ લોકોને ઈજા પહોચતા બંને પક્ષે સામસામે પોલીસમાં ફરિયાદ આપી છે.

ખાંભાના ચકાવા ગામના ભીમાભાઇ દેવાતભાઇ કામળીયા (ઉ.વ. ૫૦) તેમના ભત્રીજાની ડેરી ખાતે દૂધ ભરવા ગયા હતા. દરમિયાન લખુ ભુવાના મહેમાનની ગાડી આવતા ત્યાંથી પિકઅપ વાહન હટાવવા બાબતે બોલાચાલી થઈ હતી. આ દરમિયાન લખુએ ગાળો આપી ફોન કરીને પોતાના ભાઈઓને બોલાવ્યા હતા. બાદ ગુણો , ભુરા અને ભગવાન ભુવા ત્યાં આવી પહોંચ્યા હતા.

ચારેયે મળી ભીમાભાઇ સાથે મારામારી કરી હતી. જેમાં લોખંડની પાઈપ અને લાકડાના ધોકાથી શરીરના વિવિધ ભાગે માર મારવામાં આવ્યો હોવાનો તેમજ ઢીકાપાટુનો માર મારી ઈજા પહોંચાડી મારી નાખવાની ધમકી આપી હતી.

સામા પક્ષે પણ ભગવાનભાઇ આપાભાઇ ભુવા (ઉ.વ.૩૮)એ ભીમા કામળીયા, ભગવાન કામળીયા અને દાદુ કામળીયા સામે ફરિયાદ નોંધાવી છે કે, તેમની માલિકીની જમીનમાં ભીમાને ચાલવાની ના પાડવામાં આવી હતી. આ બાબતનું મનદુઃખ રાખી તેણે ભગવાનભાઇ તેમજ તેમની સાથે આવેલા લોકોને ગાળો આપી ઢીકાપાટુનો મારઝૂડ કરી મારી નાખવાની ધમકી આપી હતી.

બંને પક્ષની ફરિયાદના આધારે ખાંભા પોલીસે લખુ આપાભાઇ ભુવા, ગુણા આપાભાઇ ભુવા, ભુરા આપાભાઇ ભુવા, ભગવાન આપાભાઇ ભુવા, ભીમા દેવાતભાઇ કામળીયા ભગવાન દેવાતભાઇ કામળીયા અને દાદુ

# અમરેલીમાં નાસતો ફરતો આરોપી ગેરકાયદેસર પિસ્તોલ સાથે ઝડપાયો

અમરેલી:

અમરેલી જિલ્લામાં સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના આર્મ્સ એક્ટ અને પ્રોહિબિશનના ગુનામાં નાસતા ફરતા એક આરોપીને લાયસન્સ વગરની દેશી બનાવટની પિસ્તલ સાથે ઝડપી પાડવામાં આવ્યો છે. અમરેલી એલ.સી.બી. ટીમે બાતમીના આધારે આ કાર્યવાહી કરી હતી.

અમરેલી જિલ્લા પોલીસ વડા સંજય ખરાત દ્વારા જિલ્લામાં ગંભીર ગુનાઓ અટકાવવા અને કાયદો વ્યવસ્થા જાળવવા ગેરકાયદેસર હથિયારો ધરાવતા ઈસમો સામે કડક કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી. આ સૂચનાના આધારે એલ.સી.બી. પીઆઈ સી.પી. વાઘેલાની ટીમે વોચ ગોઠવી હતી.



આ દરમિયાન, સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના ગુનામાં નાસતા ફરતા કુલદિપભાઈ ચંપુભાઈ ખુમાણ (ઉં.વ. ૨૮, રહે. રામગઢ, લુવારા રોડ, તા. સાવરકુંડલા, જિ. અમરેલી) ને ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસને તેની પાસેથી રૂ. ૧૦,૦૦૦ની કિંમતની લાયસન્સ વગરની એક દેશી બનાવટની પિસ્તલ મળી આવી હતી.

આરોપી કુલદિપભાઈ ખુમાણ વિરુદ્ધ આર્મ્સ એક્ટ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. આરોપી અને કબજે કરાયેલ હથિયારને વધુ તપાસ અને કાર્યવાહી માટે સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યા છે.

# તહેવારીયો જુગાર:રૂ. ૨,૪૯,૬૭૦ સાથે ૨૬ ઈસમો ઝડપાયા, ૬ નાશી ગયા



(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી:

અમરેલી જિલ્લામાં અલગ અલગ પાંચ સ્થળોએ તહેવારીયો જુગાર રમતો હોવાની બાતમી સ્થાનિક પોલીસે બાતમીના આધારે દરોડો કરી રૂપિયા ૨,૪૯,૬૭૦ સાથે ૨૬ ઈસમોને જુગાર લગત મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા. જયારે ૬ આરોપી નાશી ગયા હતા.

પ્રથમ બનાવમાં જાફરાબાદ તાલુકાના બાબરકોટ ગામે રહેતા મનસુખભાઇ સવાભાઇ શીયાળ સહીત ૧૩ ઈસમો બાબરકોટ ગામે લાંબી શેરીમા ધીરૂભાઇ દાનાભાઇ ગુજરીયાના રહેણાંક મકાન પાસે શેરીમાં જાહેરમાં સ્ટ્રીટ લાઇટના અજવાળે જાહેરમાં પૈસા વડે તીનપતીનો હારજીતનો જુગાર રમતા હોય જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનના સ્ટાફે બાતમીના આધારે દરોડો કરી રોકડ રૂપિયા ૭૮,૨૬૦ સાથે જુગાર લગત મુદામાલ સાથે ૧૨ આરોપી ઝડપાય ગયા હતા. જયારે ૧ આરોપી નાશી ગયો હતો.

બીજા બનાવમાં બગસરા ગામે રહેતા ફિરોજ ઉર્ફે રેણીયા રહીમભાઇ ચોપડા, હરેશભાઇ વિરજીભાઇ ડાભી, સાજીદ ઇકબાલભાઇ અગવાન, જીલાની હનીફભાઇ કાળવાતર, મહેશ ઉર્ફે રંગો કાનજીભાઇ તથા જયદીપ ઉર્ફે ગુડીયો કામળીયા છએય ઈસમો બગસરા ગામે આવેલ ખારી રોડ પુતળીયા મહાદેવના મંદીરની પાસે જાહેરમાં તીનપતિનો જુગાર રમતા હોય બગસરા પોલીસે બાતમીના આધારે દરોડો કરી રોકડ રૂપિયા ૧૩,૧૦૦ તથા બે મોટર સાયકલ કિમત રૂપિયા ૬૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૭૩,૧૦૦ના જુગાર લગત મુદ્દામાલ સાથે બે આરોપી ઝડપાઈ જઈ તથા પકડાઇ જઇ તથા ૬ આરોપી નાસી ગયા હતા

ત્રીજા બનાવમાં અમરેલી તાલુકાના નવા ખીજડીયા, સીમ વિસ્તારમાં રહેતા નેતરૂભાઈ હિરૂભાઈ મકવાણા સહીત છ ઈસમો અમરેલી તાલુકાના નવા ખીજડીયા ગામની સીમમાં પ્રકાશભાઇ ઉર્ફે મુનાભાઇ દેસાઇના વાડી ખેતરના શેઢા પાસે જાહેરમાં તીન-પત્તીનો જુગાર હોય અમરેલી તાલુકા પોલીસે બાતમીના આધારે દરોડો કરી રોકડ રકમ રૂપિયા ૧૫,૯૪૦ તથા મોબાઇલ ફોન નંગ-૫ કિમત રૂા.૨૫,૦૦૦ તથા મોટર સાયકલ નંગ-૨ કિમત રૂા.૫૦૦૦૦ મળી કુલ રૂા.૯૦,૯૪૦ નાં મુદ્દામાલ સાથે પાંચ ઈસમો ઝડપાય જઇ તથા એક ઈસમ નાશી ગયો હતો.

ચોથા બનાવમાં સાવરકુંડલા ગામે રહેતા અકબર જુસુબભાઇ સીદીકી સહીત પાંચ ઈસમો સાવરકુંડલા ગામે જાહેરમાં તીનપતીનો જુગાર રમતા હોય સાવરકુંડલા ટાઉન પોલીસે બાતમીના આધારે દરોડો કરી રોકડા રૂપિયા ૫૪૧૦ સાથે પાંચ ઈસમો ઝડપાય ગયા હતા.

પાંચમાં બનાવમાં જાફરાબાદ તાલુકાના નાગેશ્રી ગામે નેસડી પાટી વિસ્તારમાં રહેતા દીલુભાઈ રામભાઈ બોરીચા તથા ભુપતભાઈ દાદાભાઈ પરમાર નામના બન્ને ઈસમો નાગેશ્રી ગામે જાહેરમા તીનપતીનો જુગાર રમતા હોય નાગેશ્રી પોલીસે બાતમીના આધારે દરોડો કરી રોકડ રકમ રૂપિયા ૨૦૨૦ ના જુગાર લગત મુદ્દામાલ સાથે ઝડપાય ગયા હતા.

# અલગ-અલગ બે બનાવમાં બે યુવકોના મોત

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી:

અમરેલી જિલ્લામાં અલગ અલગ બે બનાવમાં બે યુવકોના અલગ અલગ કારણોસર મોત નીપજયાનું પોલીસમાં જાહેર થતા જે તે સ્થાનિક પોલીસે બનાવ અંગે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

પ્રથમ બનાવમાં ધારી ગામે આવેલ ચોરાપા શેરીમાં રહેતા રાજદીપ રામભાઇ સોલંકી નામના ૩૨ વર્ષીય યુવકે ગત ૨૨ ના સવારના દસેક વાગ્યા પછી કોઈપણ સમયે પોતાના રહેણણાંક મકાને કોઈપણ અગમ્ય કારણોસર ઘંઉમાં નાખવાના ઝેરી પાઉડર પી જતા તેમને ગંભીર હાલતમાં અમરેલી સિવિલ હોસ્પિટમાં ખસેડાયેલ જ્યાં તેમનું સારવાર દરમ્યાન મોત નીપજયાનું પોલીસમાં જાહેર થતા પોલીસે બનાવ અંગે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

જયારે બીજા બનાવમાં મુળ બંગાળના વતની અને હાલ સાવરકુંડલા મહુવા રોડ ફાટક પાસે રહેતા બીકાસ જીતેનભાઇ રોય નામના ૨૨ વર્ષીય યુવક ગત તા.૨૧ ના રોજ રાત્રીના દસેક વાગ્યાની આસપાસ સાવરકુંડલા મુકામે મહુવા રોડ રેલ્વે ફાટક પર ઓવરબ્રિજ પાસે ઓવર બ્રિજનું કામ શરૂ હોય તેઓ નીચે કામ કરતા હોય ત્યારે અકસ્માતે તેમને માથાના ભાગે લોખંડની પ્લેટ વાગી જતા તેમને ગંભીર ઈજા થવાથી સારવારમાં હોસ્પિટમાં ખસેડાયેલ જ્યાં તેમનું સારવાર દરમ્યાન મોત નીપજયાનું પોલીસમાં જાહેર થતા પોલીસે બનાવ અંગે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

# વીજ કંપનીઓ દ્વારા કરાયેલા સુધારા સામે ખેડૂતોમાં રોષ: કલેક્ટરને કરી રજૂઆત

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી:

રાજ્યના ઉર્જા વિભાગ દ્વારા તા. ૪ જુલાઈ, ૨૬ના રોજ કરવામાં આવેલા ઠરાવના સુધારા સામે અમરેલી જિલ્લાના ખેડૂતોમાં ભારે રોષ જોવા મળ્યો છે. ખાનગી કંપનીઓને નાણાકીય લાભ પહોંચાડવાના હેતુથી સરકાર દ્વારા આ નિર્ણય કરવામાં આવ્યો હોવાના આક્ષેપ સાથે ખેડૂતો આજે અમરેલી કલેક્ટર કચેરીએ પહોંચ્યા હતા અને પોતાની વિવિધ માંગણીઓને લઈને ઉગ્ર રજૂઆત કરી હતી.

અમરેલી જિલ્લાના ખેડૂતોએ અમરેલી જિલ્લા કલેક્ટરને ૨૫ જેટલા મુદ્દાઓ સાથેનું આવેદનપત્ર પાઠવીને પ્રસ્થાપિત થતી તેમજ અગાઉથી થયેલી ટ્રાન્સમિશન લાઈનોના વળતર સહિતના પ્રશ્નો અંગે તાત્કાલિક યોગ્ય નિર્ણય લેવા માંગ કરી હતી. ખેડૂતોનું કહેવું છે કે,



ટ્રાન્સમિશન લાઈનોના કારણે ખેતીની જમીન, પાક તેમજ જમીનના ઉપયોગને નુકસાન પહોંચે છે, ત્યારે ખેડૂતોને નુકસાનની સામે પૂરતું અને યોગ્ય વળતર મળવું જરૂરી છે.

ખેડૂતોએ રજૂઆતમાં જણાવ્યું હતું કે ટ્રાન્સમિશન લાઈનો પસાર કરતી વખતે ખેડૂતોને ઓછામાં ઓછું નુકસાન થાય તે રીતે આયોજન કરવામાં આવે તેમજ જમીન અને પાકને થયેલા નુકસાનનું સંપૂર્ણ વળતર આપવામાં આવે. સાથે જ વળતર નક્કી કરવાની પ્રક્રિયામાં ખેડૂતોના હિતોને પ્રાથમિકતા આપવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી.

ઉર્જા વિભાગના ગત તા. ૪ જુલાઈના ઠરાવમાં કરાયેલા સુધારાને લઈને ખેડૂતોમાં અસંતોષ ફેલાયો હોવાનું જણાવી, સરકાર આ નિર્ણય અંગે પુનર્વિચાર કરે તેવી માંગ પણ કરવામાં આવી હતી. ખેડૂતોના જણાવ્યા મુજબ, વિકાસના નામે ખેડૂતોની જમીનનો ઉપયોગ કરવામાં આવે તો તેના બદલામાં ખેડૂતોને ન્યાયસંગત અને પૂરતું વળતર મળવું જોઈએ.

અમરેલી કલેક્ટર કચેરીએ પહોંચેલા ખેડૂતોએ ૨૫ મુદ્દાઓને આવરી લેતા આવેદનપત્ર મારફતે સરકાર અને તંત્ર સમક્ષ પોતાની રજૂઆત પહોંચાડી હતી. ખેડૂતોની માંગણીઓનો યોગ્ય રીતે નિકાલ કરવામાં આવે અને સુધારેલા ઠરાવ અંગે ખેડૂતોના હિતમાં નિર્ણય લેવામાં આવે તેવી માંગ ઉઠાવવામાં આવી છે.

જો આગામી સમયમાં ખેડૂતોની માંગણીઓ સ્વીકારવામાં નહીં આવે અને યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે તો આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ ખેડૂતો દ્વારા આપવામાં આવી છે. જેના પગલે ઉર્જા વિભાગના ઠરાવને લઈને આગામી દિવસોમાં અમરેલી જિલ્લામાં ખેડૂતોના આંદોલનનો મુદ્દો વધુ ગરમાવાની શક્યતા છે.

# અમરેલીમાં ૨ વર્ષથી ફરાર સજા વોરંટનો આરોપી ઝડપાયો

અમરેલી:

અમરેલી સિટી સર્વેલન્સ ટીમે બે વર્ષથી ફરાર સજા વોરંટનો ૩૩



વર્ષીય આરોપી ભાવિન ચંદ્રકાંતભાઈ ગંગાજળીયાને અમરેલી શહેરમાંથી ઝડપી પાડ્યો છે. આરોપી ત્રીજા એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટ, અમરેલી દ્વારા જાહેર કરાયેલા વોરંટ હેઠળ ફરાર હતો.

આરોપી ભાવિન ગંગાજળીયા ફોજદારી કેસ નંબર ૩૪૪૯/૨૦૨૩ માં સજા વોરંટ હેઠળ વોન્ટેડ હતો. કોર્ટના આદેશ મુજબ, પોલીસે તેની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અમરેલી જિલ્લા પોલીસ વડા સંજય ખરાતે જિલ્લાના તમામ પોલીસ સ્ટેશનોને વોરંટોની અસરકારક બજવણી કરવા સૂચના આપી હતી. આ ઉપરાંત, અમરેલી ડિવિઝન DYSP ચિરાગ દેસાઈએ પણ આ કામગીરી માટે જરૂરી માર્ગદર્શન ૂરું પાડ્યું હતું.પકડાયેલ આરોપી ભાવિનભાઈ ચંદ્રકાંતભાઈ ગંગાજળીયા ડ્રાઈવિંગનો વ્યવસાય કરે છે અને અરજણનગર, કરણપાર્ક, અમરેલીનો રહેવાસી છે. આ સમગ્ર કામગીરી અમરેલી સિટી પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ ડી.એસ. ઈસરાણી તથા સિટી સર્વેલન્સ ટીમ દ્વારા સફળતાપૂર્વક પાર પાડવામાં આવી હતી.

# બે પિતરાઈ ભાઈની નજર સામે યુવકનું ડમપર હડફેટે મોત

(મિલાપ રૂપારેલ દ્વારા)

અમરેલી:

સાવરકુંડલા ગામે ભુવા રોડ ઉપર આવેલ સોહમનગર સોસાયટીમાં રહેતા કિશોરભાઇ સવજીભાઇ રાફુસા નામના આધેડના દીકરા જયદીપભાઈ તથા ભત્રીજા નટરાજભાઈ રતિભાઈ તથા નિલેશભાઈ રતિભાઈ એ રીતેના પોતાના હવાલા વાળુ મોટર સાયકલ નં GJ-14-BM-4619 લઈને તા.૧૦ ના બપોરના આશરે ૧૧ વાગ્યાના સમયે ધારી નજીક આવેલ ખોડીયાર માતાજીના મંદીરે દર્શન કરવા જતા હતા. તે દરમ્યાન તેઓ ચલાલા ધારી રોડ ઉપર મોરજર ગામથી આગળ દિલિપસિંહ સોલંકીની ડેરી સામે જાહેર રોડ ઉપર પહોંચતા એક ડમ્પર નં. GJ-05-AV-9290 ના ચાલકે પુરઝડપે બેફીકરાઈથી રીતે ડમ્પર ચલાવી સ્ટેરીગ ઉપરથી કાબુ ગુમાવી દઈ ટુવ્હીલ ચાલક નટરાજભાઈ રતિભાઈ તથા પાછળ બેસેલ નિલેશભાઈ તથા જયદીપભાઈના વાહન સાથે અકસ્માત કરી દઈ આધેડના દીકરા જયદીપભાઈને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચાડી દેતા તેમનું સારવાર દરમ્યાન મોત નીપજેલ હતું. તેમજ આધેડના ભત્રીજાઓને માથાના ભાગે તેમજ શરીરના ભાગે ગંભીર ઈજા પહોચાડયાની પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

# ગીરગઢડાના કોદીયામાં ૮૨ વર્ષના વૃદ્ધે ગાય સાથે અયોગ્ય કૃત્ય કર્યું

કૈલેશ ભટ્ટ ઉના:ગીરગઢડા તાલુકાના કોદીયા ગામમાં ગાય સાથે અમાનવીય કૃત્ય આચરવામાં આવ્યું હોવાના આક્ષેપનો એક વીડિયો વાયરલ થતાં ચકચાર મચી છે. આ મામલે એક ગૌપ્રેમીએ ગીર ગઢડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે પશુ ક્રૂરતા અધિનિયમ હેઠળ કાર્યવાહી હાથ ધરી છે. પ્રાથમિક માહિતી મુજબ, કોદીયા ગામના ૮૨ વર્ષીય વશરામભાઈ ગગજીભાઈ ગુજરીયા પોતાની વાડીમાં ગયા હતા. આ દરમિયાન વાડીના ઢોરવાડામાં બાંધેલી ગાય સાથે અયોગ્ય કૃત્ય કરતા હોવાનો વીડિયો કોઈ અજાણી વ્યક્તિએ ઉતારી લીધો હોવાનો આક્ષેપ છે. આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં સમગ્ર ઘટના પ્રકાશમાં આવી હતી.

વીડિયો વાયરલ થયા બાદ કોદીયા ગામના ગૌપ્રેમી અલ્પેશભાઈ મકવાણા ગીર ગઢડા પોલીસ મથકે પહોંચ્યા હતા. તેમણે પોલીસને સમગ્ર હકીકત જણાવી વીડિયો પણ રજૂ કર્યો હતો. ફરિયાદના આધારે પોલીસે વશરામભાઈ ગુજરીયા વિરુદ્ધ પશુ ક્રૂરતા અધિનિયમની કલમ ૧૧(૧) (A) હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કોટડાપીઠાના દિવ્યાંગનો કલેક્ટર કચેરીએ આત્મ વિલોપનનો પ્રયાસ

## વારંવાર જમીન આપવા રજૂઆત છતાં જમીન નહીં મળતા ભર્યું પગલું

અમરેલી:અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના કોટડાપીઠા ગામના દિવ્યાંગ અરજદારને જમીન ફાળવવા અંગે અવારનવાર રજૂઆત કરવા છતાં આજદિન સુધી ફાળવવામાં ન આવતા સોમવારે દિવ્યાંગ પોતાની બેહન સાથે જિલ્લા કલેકટર કચેરીએ પહોંચી જઈને આત્મવિલોપનનો પ્રયાસ કરતા ભારે ચકચાર મચી હતી.

બાબરાના કોટડા પીઠા ગામના દિવ્યાંગ અરજદાર વાલજીભાઈ ખુમાણે સાથળી અથવા જંત્રીના ભાવે જમીન ફાળવવા અંગે વારંવાર રજૂઆતો કરવા છતાં યોગ્ય કાર્યવાહી ન થતાં અમરેલી કલેક્ટર કચેરી ખાતે આત્મવિલોપન કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જો કે પોલીસે સમય સૂચકતા વાપરી યુવાનને અટકાવ્યો હતો અને તંત્રની સમજાવટ બાદ યુવાન પરત ફર્યો હતો.



જમીન ફાળવણીના પ્રશ્ને લાંબા સમયથી રજૂઆતો છતાં સંતોષકારક ઉકેલ ન આવતાં વાલજીભાઈ ખુમાણ આજે કલેક્ટર કચેરી ખાતે પહોંચ્યા હતા. તેમણે પોતાની માંગનો યોગ્ય નિકાલ નહીં આવે તો આત્મવિલોપન કરવાની ચીમકી આપી હતી. આ ચીમકી બાદ કલેક્ટર કચેરી ખાતે દોડધામ મચી ગઈ હતી.

આ ઘટનાની જાણ થતાં સ્થાનિક તંત્રના અધિકારીઓએ સ્થળ પર પહોંચી અરજદાર સાથે વાતચીત કરી હતી. અધિકારીઓ દ્વારા સમજાવટ સાથે યોગ્ય પ્રત્યુત્તર આપવાની ખાતરી અપાતા હાલ વાલજીભાઈએ આત્મવિલોપનનો કાર્યક્રમ મુલતવી રાખ્યો હતો અને કલેકટર કચેરીથી જતા રહ્યાં હતાં.

અરજદાર વાલજીભાઈ ખુમાણે જણાવ્યું હતું કે મારી સાથે મારી બે વિધવા બહેન અને મારા ભાઈની એક અંધ બેબી પણ રહે છે. હાલ ઘરમાં કમાવા વાળું કોઈજ નથી તંત્રને અનેક વખત રજૂઆત કરી છે.પરંતુ આજ સુધી મને જમીન ફાળવવામાં નથી.